પૂજ્યશ્રી લાધાજીસ્વામી સ્મારક ગ્રંથમાળા-મણકો ૩૮

# રૂપસેન ચરિત્ર

યાને

## પુણ્ય-પ્રભાવ

અનુવાદક

બકુલચંદ્ર લાલચંદ શાહ

બી. એ. ( ઓનર્સ ), બી. ટી.

મૂલ્ય રૂ. ૧

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકાશક

પૂજ્યશ્રી લાધાજીસ્વામી પુસ્તકાલય તરફથી
**કાન્તિલાલ વ્રજલાલ શેઠ,**
વ્યવસ્થાપક; લીંબડી (સૌરાષ્ટ્ર)

Serving JinShasan

030690
gyanmandir@kobatirth.org

પ્રથમ આવૃત્તિ.

વીરસંવત ૨૪૭૫

વિક્રમસંવત ૨૦૦૫

ઇ. સન ૧૯૪૯

★

સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન

★

મુદ્રકઃ ઇન્દ્રવદન બળવંતરાય ઠાકોર, મણિબંધુ પ્રેસ, રેવડી બજાર, અમદાવાદ.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકાશકનું નિવેદન

પુણ્યનો પ્રભાવ દર્શાવનારી "રૂપસેન ચરિત્ર" નામની મૂળ કથા સંસ્કૃત ભાષામાં છે. સદાનંદી મુનિરાજ શ્રી છોટાલાલજી મહારાજ સવારમાં વ્યાખ્યાનના અંત ભાગમાં એ કથાનો થોડો થોડો અધિકાર યથાવકાશે જ્યારે શ્રોતાઓને સંભળાવતા ત્યારે તેમને તેમાંથી રસ અને બોધ મળતા. એ કથા ગુજરાતીમાં હોય તો સારું એવી ઘણા શ્રોતાઓ ઈચ્છા દર્શાવતા અને કેટલાક તો પુસ્તકાલય ઉપર પત્ર લખીને એ પુસ્તક વી. પી. થી મોકલી આપવાની માંગણી પણ કરતા.

સંવત ૨૦૦૩ માં શ્રી સદાનંદીજી મહારાજ, વિનયમૂર્તિ શ્રી લક્ષ્મીચંદ્રજી મહારાજ તથા મુનિશ્રી માધવસિંહજી અમદાવાદમાં ચાતુર્માસ હતા ત્યારે એક વાર ભાઈ બકુલચંદ્ર શાહ અમદાવાદ દર્શનાર્થે ગએલા અને સદાનંદીજીએ તેમને મૂળ સંસ્કૃત કથા બતાવી. તેમણે ઉત્સાહપૂર્વક તેનો અનુવાદ કરવાનું સ્વીકાર્યું. મૂળ પુસ્તક શ્રી. જિનસૂરિનું રચેલું છે તેનો અનુવાદ કરતાં શ્રી. બકુલચંદ્રે સુધારો વધારો કરી, કેટલીક અશુદ્ધિઓ ટાળી, પરિશિષ્ટ, નોંધ ઇત્યાદિ ઉમેરી કથાને સરળ અને સુવાચ્ય બનાવી છે. તેમાંના સુભાષિત સમા મૂળ શ્લોકો અર્થ સાથે ઉતાર્યા ને તે વાચકોને રસદાયક બને તેવા છે. ભાઇ બકુલચંદ્રનો ગ્રંથલેખનનો આ પહેલો જ પ્રયાસ હોવા છતાં તે ઠીક સફળ થયો છે. શાસ્ત્રી કેશવરામ કાશીરામે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હસ્તલેખ તપાસી જઈ ખાસ કરીને પ્રાકૃત શ્લોકોના અનુવાદમાં યોગ્ય સુધારો કરી આપ્યો છે, તે માટે તેમનો આભાર માનવો જોઇએ.

પૂજ્યશ્રી લાધાજીસ્વામી પુસ્તકાલયની અભિવૃદ્ધિ અર્થે પ્રસિદ્ધ થતાં પુસ્તકો માટે ઉદાર દિલનાં ગૃહસ્થો વખતોવખત સહાય કરતા રહે છે. આ પુસ્તકના પ્રકાશનમાં પણ જે જે ગૃહસ્થોએ સહાય કરી છે તેમની નામાવલિ આ સાથે મૂકી છે. જ્ઞાનવૃદ્ધિના આવા કાર્યમાં મળતી સહાયનો સદુપયોગ થયા કરે છે અને હજી વધુ ને વધુ ધાર્મિક અને સમાજોપયોગી પ્રકાશનો કરવાને પુસ્તકાલય શક્તિમાન થાય એવી આશા રાખવી અસ્થાને નથી.

લી.

કાન્તિલાલ વ્રજલાલ શેઠ

વ્યવસ્થાપક, પૂજ્યશ્રી લાધાજીસ્વામી પુસ્તકાલય લીંબડી.

P.P. Ac. Gunratnasuri M.S. Jain Aradhak Trust

## આ પુસ્તકની પ્રસિદ્ધિ અર્થે મળેલી

# ઉદાર સહાય

રૂ. ૧૦૦ શ્રી. જેચંદભાઈ જસરાજભાઈ નાયકાવાળા, હાલ મુંબાઈ

૧૦૧ શ્રી. રતિલાલ દુર્લભજી કામદાર જેતપુરવાળા, હાલ પુના, હસ્તક આવેલ મોરબીવાળા સંઘવી પ્રભાશંકર નીમચંદ તરફથી

૧૦૧ મોરબીવાળા (હાલ પુના) સંઘવી મહેંદ્રભાઈના સ્મરણાર્થે તેમના પિતાશ્રી મનહરલાલ પ્રભાશંકર તરફથી

૨૦૦ શ્રી. મોતીરામ સીતારામ, હા. સીતારામ મોતીરામ લોખંડવાળા, જામનગર

૨૦૦ શેઠ આત્મારામ મોહનલાલ, હા. શ્રી. રમણલાલ મોહનલાલ, કલોલ

૧૦૦ શેઠ પોચાલાલ પીતાંબરદાસ, હા. શ્રી. જેશીંગભાઈ પોચાલાલ અમદાવાદ

૧૦૧ એક સદ્‌ગૃહસ્થ, હા. શ્રી. જાદવજી મોહનલાલ

૨૦૧ વાંકાનેરનિવાસી સંઘવી હેમચંદભાઈ જેચંદભાઈ તરફથી

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

ૐ શ્રી પાર્શ્વ

# પુણ્યોપાર્જન

શ્રી ઠાણાંગ સૂત્રના નવમા ઠાણામાં શ્રી વીતરાગ પ્રભુએ નવ પ્રકારનાં પુણ્ય કહેલાં છે. જે કાળે જેની જરૂરીઆત હોય તેવા પ્રકારના પુણ્યનું કાર્ય મનુષ્ય કરે તો તે પુણ્યના યોગથી, આત્મસાધના થાય-પરમ પદ પમાય એવાં, સાધનો-સંયોગો-નિમિત્તો પ્રાપ્ત થાય એમ પણ કહ્યું છે.

એક કથા છે. એક આરબ એક વાર રણમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેને ખૂબ તરસ લાગી. ચોપાસ નજર કરતાં ક્યાંય પાણી દેખાતું નહોતું, કે રેતી સિવાય બીજું કશું નજરે આવતું નહોતું. તેણે ખુદાની બંદગી કરવા માંડી કારણકે ખુદાની કૃપા વિના પાણી મળી શકે તેમ નહોતું. ચાલતાં ચાલતાં એક થેલી પડેલી તેના જોવામાં આવી. થેલી ખોલીને જોતાં તેમાંથી ખરાં તેજસ્વી મોતી નીકળ્યાં. આરબે મૂલ્યવાન મોતીની થેલી ફેંકી દીધી અને કહ્યું: હે ખુદા! તેં મને રત્નો આપ્યાં, પણ મને પાણીની જરૂર છે તે વખતે એ રત્નોને હું શું કરું?

આવે વખતે એને કોઇ પાણી આપે તો તે આપનારે સાચું પુણ્ય કર્યું લેખાય, કારણકે જીવનધારણ માટે તેને પાણીની જરૂર હતી. લોકો માને છે કે ધનથી બધું ખરીદી શકાય છે, અનાજ અને પાણી પણ ધનથી મેળવી શકાય છે, પરન્તુ કોઇ વાર ધન કરતાં પાણી

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

વધુ મૂલ્યવાન પણ હોય છે અને તેવે વખતે ધનના દાનથી નહિ પણ પાણીના દાનથી જ પુણ્ય ઉપાર્જન થાય છે. તાત્પર્ય એ છે કે જીવનધારણ માટે જે વસ્તુની જેને જરૂર હોય તે વસ્તુનું તેને દાન કરવું જોઇએ. સૂત્રમાં ગણાવેલા નવ પ્રકારનાં દાનમાં અન્ન, પાણી, વસ્ત્ર, સ્થાન, ઈત્યાદિનો સમાવેશ એ જ દૃષ્ટિથી કરવામાં આવ્યો છે.

પરન્તુ ખેદની વાત એ છે કે આજકાલ વીરધર્મના –વીતરાગ માર્ગના કેટલાએક ઉત્થાપકો પુણ્યનો નિષેધ કરી રહ્યા છે અને આત્મકલ્યાણ માટે પુણ્યોપાર્જનની કશી જરૂર નથી એવો ઉપદેશ કરી રહ્યા છે! તેઓ માને છે કે ભૂખ–તરસથી પીડાતાને અન્ન કે પાણી આપવામાં પુણ્ય નથી પણ એકાન્ત પાપ છે કારણકે મરતા જીવને બચાવવો અને તેને જીવનધારણ કરવામાં સહાય કરવી એ તેનો સંસાર લંબાવવા બરાબર છે અને સંસાર હમેશાં પાપરૂપ જ છે. કોઈ પણ જીવની નિષ્કામ ભાવે સેવા કરવી એને પાપરૂપ કહેનાર કોઈ ધર્મસંપ્રદાય આખી દુનિયામાં નથી, પણ આપણા દેશમાં એવો વીતરાગ ધર્મનો ઉત્થાપક છતાં પોતાને વીતરાગના સાચા માર્ગને અનુસરનાર તરીકે ઓળખાવતો તેરાપંથી સંપ્રદાય છે. દયા અને દાનથી ઉપાર્જન થતા પુણ્યનો નિષેધ કરવો એ આર્યને અનાર્ય બનવાનું કહેવા બરાબર છે. આર્યને અનાર્ય બનવાનું કહેનારનો સંસર્ગ થઇ શકે જ નહિ.

માનવને જીવન જીવવા જેવું લાગતું હોય છે તો તે

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

પુણ્યના યોગથી જ. પુણ્ય ઉપાર્જન કર્યા વિનાના માનવીઓ કરતાં તો કેટલાક પશુઓ પણ સારા અને પુણ્યવાન જણાતા હોય છે. છતાં એક વસ્તુ સમજવા જેવી છે. આસક્તિ એ બંધનનું કારણ બને છે અને એવી આસક્તિ એ શુભ કે અશુભ કોઇ વસ્તુ કે ક્રિયા તરફ ન હોવી જોઇએ. એ જ રીતે પુણ્યોપાર્જનની ક્રિયા પણ અનાસક્ત ભાવે-નિષ્કામ વૃત્તિથી થવી જોઇએ. નિષેધ આસક્તિનો કરવો જોઇએ, પુણ્યનો એકાંત નિષેધ હોઇ શકે નહિ. પુણ્યનાં શુભ ફળ જ્ઞાનીઓ અનાસક્ત ભાવે ભોગવતા હોવાથી તેઓ કોઇ પણ જાતના કર્મબંધનથી બંધાતા નથી, અજ્ઞાનીઓ જ આસક્તિ વડે કરીને કર્મબંધન કરે છે.

આ કથાનો નાયક રૂપસેન કુમાર પુણ્યયોગથી અનેક પ્રકારની સંપદા તથા સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે, પણ છેવટે અનાસક્ત ભાવે પુણ્યોપાર્જન કરીને ભવભ્રમણ વધાર્યા વિના પરમ પદને પંથે આગળ વધે છે. પુણ્યનાં શુભ ફળ દર્શાવવાનો જ આ કથાનો આશય છે.

પાઠકો પણ પુણ્યકાર્યની પ્રવૃત્તિમાં અનાસક્તપણે આગળ વધે એવી ભાવના છે.

વાંકાનેર.
વીર સંવત ૨૪૭૫
વિક્રમ સંવત ૨૦૦૫
ના આષાઢ સુદ ૧ ને
શનિવાર

સદાનંદી જૈન મુનિ
છોટાલાલજી

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

ॐ श्री पार्श्व।

# રૂપસેન ચરિત્ર

श्रीमंतं विदुरं शांतं। लक्ष्मीराज्यजयप्रदं ॥
वीरं नत्वाद्भुतां पुण्य–कथां कांचिल्लिखाम्यहं ॥१॥

અર્થાત્—શાંતિના ભંડાર, ને લક્ષ્મી, રાજ્ય તથા જય આપનાર જ્ઞાનપૂર્ણ શ્રી વીરપ્રભુને નમીને પુણ્યના પ્રભાવની એક અદ્ભુત પવિત્ર કથા હું લખું છું. (૧)

आरोग्यभाग्याभ्युदयप्रभुत्व–सत्त्वं शरीरे च जने महत्त्वं ॥
तत्त्वं च चित्ते सदने च संपत् । संपद्यते पुण्यवशेन पुंसां ॥२॥

અર્થાત્—આરોગ્ય, ભાગ્ય, આબાદી, ઐશ્વર્ય, સાત્વિક શરીર, લોકોમાં મહત્તા, ચિત્તમાં જ્ઞાન અને ઘરમાં લક્ષ્મી: એ સર્વ માણુસોને પુણ્યને લીધે મળે છે. (૨)

શ્રી મન્મથ રાજાના પુત્ર રૂપસેનને પુણ્યનું ફળ મળ્યું તેની આ કથા છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jain Gun Aaradhak Trust

ભરતખંડના મગધ નામના દેશમાં રાજગૃહ નામે નગર હતું, તેમાં યાદવકુળના રત્નરૂપ શ્રી મન્મથ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને મદનાવલી નામની પટરાણી હતી. રાજા ન્યાયપુરઃસર પ્રજાનું પાલન કરતો હતો.

એકદા વર્ષાઋતુમાં રાજા ગામના પાધરમાં આવેલ શીતજલા નામની નદીમાં ક્રીડાર્થે ગયો. એક નાવમાં બેસી રાજા નદીમાં ક્રીડા કરતો હતો, તેવામાં તેણે નદીના પાણીમાં પ્રવાહની સામે જતા દિવ્ય આભૂષણોવાળા એક પુરુષને જોયો. કુતૂહલવૃત્તિથી રાજા તે પુરુષની પાછળ પડ્યો. જેમ જેમ રાજાનું નાવ તેની નજીક આવતું હતું તેમ તેમ તે પુરુષ એકદમ આગળ ને આગળ જતો હતો. રાજાને થયું કે આ કોઈ દિવ્ય મહાનુભાવ જણાય છે. થોડે દૂર ગયા પછી રાજાએ માત્ર તેનું મસ્તક જ જોયું. વધુ દૂર જતાં તે માથું પાણીમાં સ્થિર થયું એટલે રાજા હર્ષથી આગળ વધ્યો અને માથા પરનો ચોટલો પકડીને તે મસ્તકને પકડી પાડ્યું પરંતુ જ્યારે તેણે તેને ઊંચું કર્યું ત્યારે તેના હાથમાં એકલું માથુંજ આવ્યું ! આથી રાજા ખિન્ન થયો. થોડા વખતમાં તો ફરીથી તેણે તે પુરુષને માથા સાથે નદીના પ્રવાહમાં આગળ જતો જોયો. રાજાને થયુંઃ આ કોઇ દિવ્ય શક્તિ જણાય છે. તેણે મસ્તકને ઉદ્દેશી પ્રશ્ન કર્યોઃ તું કોણ છે?

મસ્તકે જવાબ આપ્યો : હું દેવ છું, તું કોણ છે ?

રાજાએ જ્યારે પોતાની ઓળખાણ આપી ત્યારે મસ્તકે કહ્યું : જો તું રાજા છે તો મને ચોરની માફક કેમ

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

મારા કોઇ જાતના અન્યાય-અપરાધ વગર વાળથી પકડી રાખ્યો છે? રાજા તો બધાનો રક્ષણકર્તા છે. કહ્યું છે કેઃ

दुर्बलानामनाथानां। बालवृद्धतपस्विनां॥
परैस्तु परिभूतानां। सर्वेषां पार्थिवो गतिः॥३॥

અર્થાત્—અશક્ત, અનાથ, બાળક, વૃદ્ધ, તપસ્વી, ને શત્રુઓથી હાર પામેલા એ સહુનો આધાર રાજા જ છે. (૩)

વળી—

पंचमो लोकपालोऽसि। कृपालुः पृथिवीपते॥
पराभवसि चेत्त्वं मा-मन्यायः कस्य कथ्यते॥४॥

અર્થાત્—હે કૃપાળુ પૃથિવીપતિ, તું પાંચમો લોકપાળ છે. જો તું મને આમ વગર અપરાધે ત્રાસ આપે છે તો પછી અન્યાય કોને કહીશું? તેથી હે રાજા, મને છોડી દે. (૪)

મસ્તકનાં આવાં વચનો સાંભળીને રાજા હર્ષ પામ્યો ને તેણે તેને છોડી દીધું. તત્ક્ષણ તે દૈવી સત્વ હાથી રૂપ થયું. રાજાની જિજ્ઞાસાવૃત્તિ આથી ઉશ્કેરાઈ અને તેણે નૌકા છોડી હાથી ઉપર પોતાનું આસન લીધું. હાથી તો હવે રાજાને લઈને આકાશમાં ઊડવા લાગ્યો. રાજા પણ આમ ઊડતાં ઊડતાં દુનિયા ઉપરનાં વિવિધ કૌતુકો જોવા લાગ્યો. આગળ ચાલતાં એક વન આવ્યું ત્યાં હાથી નીચે ઊતર્યો અને રાજાને પોતાની સુંઢથી નીચે મૂકી અદૃશ્ય થઈ ગયો.

આ બધું શું થઈ ગયું એમ રાજા વિચારતો ચારે તરફ જોવા મંડચો. ત્યાંથી વનમાં થોડે દૂર તેણે જૈન ગુરુઓને જોયા. તેમને જોવાથી હર્ષ પામીને રાજા તેમનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દર્શન કરવા તેમની સમીપે ગયો. ગુરુએ રાજાને ધર્મનો ઉપદેશ આપ્યો અને કહ્યું : હે રાજા, તું દિલગીર ન થઇશ. અત્યાર સુધી તેં ધર્મમાં પ્રમાદ બહુ રાખ્યો છે, તે હવે દૂર કર. કહ્યું છે કે–

मानुष्यमार्यदेशश्च। जातिः सर्वाक्षपाटवं ॥
आयुश्च प्राप्यते तत्र। कथंचित्कर्मलाघवात् ॥५॥

અર્થાત્–હળવા કર્મના યોગથી મનુષ્ય–ભવ, આર્ય દેશ, સર્વોચ્ચ જાતિ, ઉત્તમ બુદ્ધિ અને આયુષ્ય મળે છે. (૫)

प्राप्तेषु पुण्यतस्तत्र। कथकश्रवणेष्वपि ॥
तत्त्वनिश्चयरूपं तु। बोधिरत्नं सुदुर्लभं ॥६॥

અર્થાત્–પુણ્યે કરી ધર્મકથાનું શ્રવણ પ્રાપ્ત થાય છે, પણ તત્ત્વનો નિશ્ચય કરનારું સમ્યક્ત્વરત્નરૂપ જ્ઞાન તો મેળવવું દોહ્યલું છે. (૬)

एक्कोवि य पयारो। धम्मस्स निसेविओ सुरतरुव्व ॥
तेणंवि य सो पावइ। मणवंछियसिवसुखाइं ॥७॥

અર્થાત્–સુરતરુ કલ્પવૃક્ષની જેમ ધર્મના એક પ્રકારનું પણ જો સેવન કરવામાં આવે તો એ ધર્મથી મનવાંછિત કલ્યાણમય સુખની પ્રાપ્તિ થાય છે. (૭) અને

संपदो जलतरंगविलोला। यौवनं त्रिचतुराणि दिनानि ॥
शारदाभ्रमिव चंचलमायुः। किं धनैः कुरुत धर्ममनिंद्यं ॥८॥

અર્થાત્—સંપત્તિ પાણીના તરંગ જેવી અસ્થિર છે. યૌવન ત્રણ–ચાર દિવસના ચાંદરડા જેવું છે. આયુષ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jain Aradhak Trust

શરદ ઋતુના આકાશ જેવું છે. અને ધનની પણ શું મહત્તા છે? માટે હે રાજા, ઉત્તમ એવા ધર્મની આરાધના કર. (૮)

આમ ગુરુના ઉપદેશથી રાજાને બોધ થયો અને તેણે જૈન ધર્મ અંગીકાર કર્યો. પછી રાજાએ ગુરુને પોતાનો થોડા વખત અગાઉ થએલો અનુભવ જણાવ્યો અને પૂછ્યું : હે પ્રભુ! તે દેવ અને હાથી કોણ હતા? આમ તેણે પૂછ્યું તેવામાં જ તે દેવ ત્યાં આવી ઊભો. ગુરુએ રાજાને કહ્યું : હે રાજન્! આ તારો ભાઈ સદ્ધર્મનું પરિશીલન કરવાથી મરીને દેવ થયો છે. પોતાના જ્ઞાનના બળથી તને રાજ્યના વૈભવમાં લુબ્ધ થયેલો જાણીને આ બધી માયા ઉપજાવી હાથીનું રૂપ લઇ તને અહીં સુધી લઇ આવ્યો છે.

આ સાંભળી રાજા ખૂબ જ હર્ષ પામ્યો અને ગદ્ગદિત કંઠે પોતાના ભાઈને કહ્યું : મારા અહોભાગ્ય કે મને આપનાં દર્શન થયાં. વધુ આનંદદાયક તો એ કે તમારા પ્રયત્નથી મને ઉત્તમ ધર્મનો પ્રતિબોધ થયો. ખરે, આજનો દિવસ મારે સોનાનો સૂર્ય ઉગ્યો હોય તેવો જ ગયો છે.

આ ઉપરથી દેવે કહ્યું : ભાઇ, જો એમ છે તો હવે તું એકાગ્રપણે દૃઢ મનથી જૈન ધર્મની આરાધના કર કે જેથી ઇહલોકમાં અને પરલોકમાં તારું કલ્યાણ થાય.

રાજાએ પોતાના હૃદયની ગુંચ ખુલ્લી કરતાં કહ્યું : હે દેવ, મને બધી રીતે અનુકૂળતા ને સુખ છે તે ખરું, પણ પુત્ર વિના ધર્મમાં મારાથી તન્મય થઇ શકાતું નથી. મારે ત્યાં પુત્રોનો જન્મ થયો હતો, પણ દૈવયોગે

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

તે બધી મરી ગયા, આથી મને ખૂબ જ ખેદ રહ્યા કરે છે. કહ્યું છે કે,

बालस्स मायमरणं । भज्जामरणं च जुव्वणारंभे ॥
बुद्धस्स पुत्तमरणं । तिन्निवि गुरुआइं दुक्खाइं ॥९॥

અર્થાત્—બચપણમાં માતાનું મરણ, જુવાનીના આરંભમાં પત્નીનું મરણ, અને વૃદ્ધાવસ્થામાં પુત્રનું મરણ, આ ત્રણે આકરામાં આકરાં દુઃખ છે. (૯). પુત્ર વિના ધન રાજ્ય વગેરે નકામાં છે. કારણ કે,

विना स्तंभं यथा गेहं । यथा देहो विनात्मना ॥
तरुर्विना यथा मूलं । विना पुत्रं कुलं तथा ॥१०॥

અર્થાત્—થાંભલા વગરનું જેવું ઘર, આત્મા વગરનો જેવો દેહ, મૂળ વગરનું જેવું વૃક્ષ લાગે તેવું પુત્ર વગરનું ઘર લાગે છે. (૧૦) વળી

अपुत्रस्य गृहं शून्यं । दिशः शून्या अबांधवाः ॥
मूर्खस्य हृदयं शून्यं । सर्वशून्या दरिद्रता ॥११॥

અર્થાત્— પુત્ર વગરનાનું ઘર શૂન્ય છે, બંધુઓ-ભાઈઓ વિનાની દિશાઓ શૂન્ય છે, મૂર્ખનું હૃદય શૂન્ય છે અને ગરીબ માણુસ બધું શૂન્ય છે. (૧૧). કહ્યું છે કે:—

जिहां बालक तिहां पोंखणुं । जिहां गोरस तिहां भोग ।
मीठाबोला ठक्कुरा । गामे वसे बहु लोग ॥१२॥

અર્થાત્—જ્યાં બાળક છે ત્યાં લીલાલહેર છે (લગ્નાદિ ઉત્સવ થાય છે); જ્યાં દૂધ દહીં વગેરેની છત છે

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં નવનવા ઉત્સવ છે, કાકા કહી બોલાવનારા ખુશામતખોરો તો ઘણાય ગામમાં વસે છે. એ શા કામના? (૧૨)

રાજાનું દુઃખ જાણીને દેવે કહ્યું: હે રાજન્, હવે ધર્મના પ્રભાવથી તારે ત્યાં દીર્ઘાયુષી પુત્રો થશે, તેમાં સંશય નથી. કહ્યું છે કે,

पियमहिलामुहकमलं। बालमुहं धूलिधूसरच्छायं ॥
सामिमुहं सुपसन्नं। तिन्निवि पुन्नेहिं पावंति ॥१३॥

અર્થાત્—વહાલી પત્નીનું મુખડું, ધૂળથી રજોટાયેલું બાળકનું મુખડું, અને સ્વામીનું ખુશખુશાલ મુખડું, આ ત્રણ મુખડાં તો જેણે પુણ્યો કર્યાં હોય એને જ મળે છે. (૧૩)

આ સાંભળીને રાજાને અત્યંત હર્ષ થયો અને તે ગુરુને નમન કરીને તે દેવની સાથે પોતાના નગરની નજીકના વનભાગમાં આવ્યો. નગરની સમીપે જ્યારે તેઓ આવ્યા ત્યારે રાજાની ધર્મમાં દૃઢ શ્રદ્ધા જોઈને દેવે તેને બધા રોગને હરણ કરે તેવું એક સુવર્ણકચોળું ભેટ આપ્યું અને કહ્યું: આ વાસણમાં લઈને પિવાયેલું પાણી સર્વ રોગને દૂર કરે છે. આટલું કહીને દેવ પોતાને સ્થાનકે ગયો.

રાજાને લાંબા વખતે પોતાને નગર ખેમ કુશળ આવેલો જાણીને લોકોને હર્ષ થયો. રાજાએ લોકોની સમીપે તે દેવનું અને પોતે અંગીકાર કરેલ ધર્મનું સ્વરૂપ વર્ણવ્યું. આથી સર્વ લોકોએ જૈન ધર્મ સ્વીકાર્યો. કહ્યું છે કે,

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

राज्ञि धर्मिणि धर्मिष्ठाः । पापे पापाः समे समाः ॥
राजानमनुवर्तंते । यथा राजा तथा प्रजाः ॥१४॥

અર્થાત્—જ્યારે રાજા ધર્મિષ્ઠ હોય છે ત્યારે પ્રજા પણ ધર્મિષ્ઠ થાય છે. રાજા પાપી હોય તો પ્રજા પણ પાપી જ થાય છે. રાજા પાપપુણ્યમય હોય તો પ્રજા પણ એવી જ થાય છે. પ્રજા રાજાને પગલે ચાલે છે. આમ જેવો રાજા હોય છે તેવી પ્રજા બને છે. (૧૪)

પટરાણીએ પણ જૈન ધર્મનું શરણ સ્વીકાર્યું. કહ્યું છે કે,

पतिकार्यरता नित्यं । भर्तुश्चित्तानुवर्तिनी ॥
यस्येदृशी भवेद्भार्या । स्वर्गस्तस्येह विद्यते ॥१५॥

અર્થાત્—જે સ્ત્રી પતિની હંમેશાં સેવા કરે છે, પતિનું ચિત્ત પ્રસન્ન થાય તેમ કરે છે, એવી સ્ત્રી જેને હોય તેને આ લોકમાં સ્વર્ગ છે. (૧૫). વળી,

स्वजने या च सस्नेहा । देवे गुरौ च सादरा ॥
अतिथावागते हृष्टा । सा कुलस्त्री श्रता जने ॥१६॥

અર્થાત્—જે પોતાનાં સગાં સંબંધીઓ પ્રત્યે સ્નેહાળ છે, દેવગુરુ પર ભક્તિભાવ રાખે છે ને અતિથિ આવતાં હર્ષ પામે છે તે લોકોમાં કુળવાન સ્ત્રી ગણાય છે. (૧૬)

આ રીતે પંચપરમેષ્ઠિ ધ્યાન, ને સુપાત્રે દાનપુણ્ય વગેરે કરતાં તેમને ત્યાં થોડા વખત પછી જોડકા પુત્રનો જન્મ થયો. તેમને દેવે આપેલા સોનાના કચોળામાંથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાણી પાઈ રાજાએ મહોત્સવ કર્યો, દાન દીધું, સગાં વહાલાંને ભોજન વસ્ત્ર ઈત્યાદિ માનપૂર્વક આપીને તે પુત્રોનાં રૂપસેન અને રૂપરાજ એવાં નામ પાડચાં. ધીમે ધીમે મોટા થતાં તે બધાને પ્રિય થઇ પડચા. કહ્યું છે કે,

स एव रम्यः पुत्रो यः। कुलमेव न केवलं ॥
पितुः कीर्तिं च धर्मं च। गुणांश्चापि विवर्धयेत् ॥१७॥

અર્થાત્—તેજ સુંદર પુત્ર છે જે માત્ર કુળને નહિ પણ વળી પિતાની કીર્તિ, ધર્મ અને ગુણને પણ વધારે છે. (૧૭). વળી,

सौरभ्याय भवंत्येके। चंदना इव नंदनाः॥
मूलोत्थित्यै कुलस्यान्ये। वालका इव बालकाः ॥१८॥

અર્થાત્—કેટલાક પુત્રો એવા હોય છે કે જે ચંદનના વૃક્ષોની જેમ સુવાસ પ્રસરાવે છે; બીજા પુત્રો એવા હોય છે કે જે મૂર્ખાઓની જેમ કુલનું મૂળ ઉખેડી નાખે છે. (૧૮)

જ્યારે બન્ને કુમારો મોટા થયા ત્યારે રાજાએ વિદ્યાભ્યાસાર્થે તેમને પંડિતોની પાસે મૂકયા. કહ્યું છે કે,

प्रथमे नार्जिता विद्या। द्वितीये नार्जितं धनं ॥
तृतीये नार्जितो धर्म–श्चतुर्थे किं करिष्यति ॥१९॥

અર્થાત્—પ્રથમ બાલ્યાવસ્થામાં વિદ્યા ન મેળવી, બીજી યુવાવસ્થામાં ધન ન મેળવ્યું ને ત્રીજી પ્રૌઢાવસ્થામાં ધર્મની પ્રાપ્તિ ન કરી તે ચોથી વૃદ્ધાવસ્થામાં શું કરી શકશે? (૧૯). વળી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

किं कुलेन विशालेन । विद्याहीनस्य देहिनः ॥
विद्यावान् पूज्यते लोके ॥ निर्विद्यः परिभूयते ॥२०॥

અર્થાત્—જે મનુષ્ય વિદ્યાવિહીન હોય તેનું કુળ મોટું હોય તો તેથી શું? વિદ્યા વિનાના માણસનો દેહ સુંદર હોય તો તેથી શું? વિદ્યાવાન માણસ જ જ્યાં જાય ત્યાં માન મેળવે છે અને વિદ્યા વિનાનો સર્વત્ર અપમાન પામે છે. (૨૦)

આથી તે બન્ને ભાઈઓ ધીમે ધીમે શાસ્ત્રો અને વિવિધ કળાઓમાં પારંગત થયા છતાં તેમણે વિદ્યાભ્યાસ છોડયો નહિ. કહ્યું છે કે,

संतोषस्त्रिषु कर्तव्यः । स्वदारे भोजने धने ॥
त्रिषु चैव न कर्तव्यो । दाने चाध्ययने तपे ॥२१॥

અર્થાત્—ત્રણ વસ્તુઓમાં સંતોષ રાખવો યોગ્ય ગણાય છે: સ્વપત્નીમાં, ભોજનમાં અને ધનમાં; પરંતુ ત્રણ વસ્તુઓમાં સંતોષ ન રાખવો જોઈએ: દાન, અભ્યાસ અને તપમાં. (૨૧).

કુમારો યુવાન થયા તેટલામાં તો તેમના વિનય, વિવેક, ચતુરાઈ ઈત્યાદિ ગુણો વડે સર્વત્ર પ્રસિદ્ધ થયા. કહ્યું છે કે,

गुणेषु यत्नः क्रियतां । किमाटोपैः प्रयोजनं ॥
विक्रीयंते न घंटाभि–र्गावः क्षीरविवर्जिताः ॥२२॥

અર્થાત્—ગુણો મેળવવા માટે યત્ન કરવો જોઈએ, માત્ર બહારની ટાપટીપથી શું વળે? દૂધ વગરની ગાયો તેમને

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગળે બાંધેલી ઘંટડીઓથી કાંઇ વેચાતી નથી. (૨૨)

કુમારો યુવાન થતાં રાજાએ તેમના લગ્ન માટે કુળ ગુણ વગેરેમાં તેમને યોગ્ય કન્યાઓ શોધવા માંડી. માળવામાં ધારાનગરીમાં પ્રતાપસિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો, તેને બહુ પુત્રો હતા, પણ એક જ પુત્રી હતી. તે કન્યા સર્વ શાસ્ત્ર અને કળામાં નિપુણ હતી. તે યુવતી થતાં તેના પિતા પણ તેને યોગ્ય વરની શોધ કરતા હતા. કહ્યું છે કે,

विभूतिर्विनयश्चापि । विद्या वित्तं वपुर्वयः ॥
विज्ञानं यस्य सप्तैते । ववा योग्यो वरः स हि ॥२३॥

અર્થાત્-જેનામાં પ્રતિભા, વિનય, વિદ્યા, ધન, સુદઢ શરીર, યોગ્ય વય, ને વિજ્ઞાન-વિશિષ્ટ જ્ઞાન, એ સાત-વાનાં હો તેવો જ વર વરવાયોગ્ય છે. (૨૩). વળી,

सुकुले योजयेत्कन्यां। विद्यां पात्रे नियोजयेत् ॥
व्यसने योजयेत् शत्रु-मिष्टं धर्मे नियोजयेत् ॥२४॥

અર્થાત્—સારું કુળ જોઈને કન્યા આપવી જોઈએ, પાત્ર જોઈને વિદ્યા આપવી જોઇએ, શત્રુને વ્યસનનો રસ લગાડવો જોઈએ, અને પ્રિયજનોને ધર્મના રાગી બનાવવા જોઇએ. (૨૪)

એક વખત આ બાબતમાં રાજાએ તેના મંત્રીને પૂછતાં તેણે જવાબ આપ્યોઃ હે મહારાજ, મન્મથ રાજાના બે પુત્રો હાથી જેવા બાહુબળવાળા, બાળક છતાં પણ બહુ ગુણવાન છે. કહ્યું છે કે,

गुणैरुत्तमतां याति। बालो न वयसा पुनः ॥
द्वितीयायां शशी वंद्यः । पूर्णिमायां तथा न हि ॥२५॥

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

અર્થાત્—વયમાં ભલે બાલક હોય પણ તે ગુણોથી જ ઉત્તમતા પામે છે; પીઢ ઉમરને કારણે કાંઈ ઉત્તમતા પમાતી નથી. બીજનો ચંદ્ર જેટલો વંદનીય છે તેટલો પૂર્ણિમાનો ચંદ્ર નથી. (૨૫). આથી આ રૂપગુણસંપન્ન કન્યાને પતિની પસંદગી માટે ત્યાં મોકલાય તો સારું.

રાજાને મંત્રીની સલાહ રુચવાથી વિવાહની સર્વ સામગ્રી લઇને શમ, સાહસ, રૂપ, દયા, દાક્ષિણ્ય, ગંભીરતા ઇત્યાદિ ગુણોવાળા રૂપસેન કુમારની સાથે પાણિગ્રહણ કરવાના હેતુથી મંત્રી ને પરિવાર સાથે તે કન્યાને રાજગૃહ મોકલી. જ્યારે તે રાજગૃહની નજીકના વનમાં આવી પહોંચી ત્યારે નગરમાં આ વાતની જાણ થઇ ગઇ.

પ્રાતઃકાળે મંત્રીએ રાજાની સભામાં જઈ યોગ્ય નજરાણું મૂકી કન્યાના ગુણ ઇત્યાદિનું વર્ણન કર્યું. આથી હર્ષ પામીને રાજાએ બહુ માનપૂર્વક તેમને ઉતારા વગેરેની સગવડ કરાવી આપી. પછી લગ્નનું શુભ મુહૂર્ત જોવાને માટે જોષીઓને બોલાવ્યા. તેઓ સભામાં આવ્યા ને રાજાની સ્તુતિ કરીઃ

न्यायो धर्मो दर्शनानि । तीर्थानि सुखसंपदः ॥
यस्याधारात्प्रवर्तन्ते । स जीयात्पृथिवीपतिः ॥२६॥

અર્થાત્—જેના આધારે ન્યાય, ધર્મશાસ્ત્રો, તીર્થો, અને સુખસંપત્તિ રક્ષાય છે, તેવો પૃથ્વીપતિ ચિરંજીવી થાઓ. (૨૬). આમ આશીર્વાદ દઈને તેઓ યોગ્ય સ્થાને બેઠા. પછી રાજાની આજ્ઞા થવાથી વરકન્યાની ગ્રહશુદ્ધિ

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

વગેરે જોવાને પરસ્પર ચર્ચા કરવા માંડી. બરાબર સર્વ ગણત્રી કર્યા પછી તેઓએ એકાંતમાં રાજાને કહ્યું: હે રાજેંદ્ર, જો રૂપસેન કુંવર સાથે આ કન્યાનો વિવાહ થશે તો ચોરીમાં ચોથે ફેરે કુમારનું મરણ થશે તેમાં સંદેહ નથી.

આ સાંભળીને રાજા ખૂબ ઝંખવાણો પડી ગયો. ઘડી પહેલાં હર્ષ હતો તે વિલીન થયો ને તેને સ્થાને તે શોકાતુર થયો. થોડી વાર પછી તેણે મંત્રીને પૂછ્યું: હે મંત્રીશ્વર! હવે શું કરવું? ધારાનગરીના રાજાએ રૂપસેનને યોગ્ય ધારીને આ કન્યાને અહીં લગ્ન માટે મોકલી છે. હવે જો તે પાછી જાય તો અમારા બન્નેની આબરૂ કેવી રીતે રહેશે? આથી કાંઈક ઉપાય શોધી કાઢવો જોઈએ. કહ્યું છે કે,

यस्य बुद्धिर्बलं तस्य । निर्बुद्धेस्तु कुतो बलं ॥
वने सिंहो मदोन्मत्तः । शशकेन निपातितः ॥२७॥

અર્થાત્—જેને બુદ્ધિ હોય છે તેને બળ હોય છે. બુદ્ધિ વગરનાને બળ ક્યાંથી હોય? વનમાં મદોન્મત સિંહને પણ બુદ્ધિબળથી સસલાએ હરાવ્યો હતો. (૨૭)

મંત્રીએ કેટલોક વખત વિચાર કર્યા પછી કહ્યું: જો આ કન્યાનો વિવાહ રૂપરાજ કુમાર સાથે થઈ જાય તો બહુ સારું.

આ બાબત રાજાએ જોષીઓને પૂછતાં તેમણે તે બન્નેનો યોગ સુખકારી જણાવ્યો. આથી રાજાએ આ બાબત ધારાનગરીના મંત્રીઓને કહી. તેઓએ પણ વિચાર કરીને રૂપરાજ કુમાર સાથે કન્યાનું લગ્ન થાય તેમાં સંમતિ આપી. આમ ભવિતવ્ય કદી ફરતું નથી. કહ્યું છે કે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

जइ चलइ मंदरगिरि । अहवा चलंति सायरा सव्वे ॥
धुवचक्कं न य चलइ । न चलइ पुव्वकयं कम्मं ॥२८॥

અર્થાત્—મંદરાચલ પર્વત ચલિત થાય છે અથવા બધા સાગરો પણ ચલિત થાય છે, ધ્રુવતારાનું મંડળ ચલિત થતું નથી કે પૂર્વે કરેલું કર્મ ટળતું નથી. (૨૮)

રાજાએ ભારે દબાદબાપૂર્વક રૂપરાજ કુમારનો તે કન્યા સાથે લગ્નસમારંભ ઊજવ્યો અને ધારાનગરીના મંત્રીઓ તથા અન્ય માણસોને જુદી જુદી ભેટો આપી વિદાય કર્યા.

રાજગૃહના નગરવાસીઓ આ બનાવ પછી કહેવા લાગ્યાઃ રાજાને રૂપરાજ કુમાર વધારે વહાલો જણાય છે. કદાચ તે વધુ ગુણવાન પણ હોય. પરંતુ પિતાને તો બધા પુત્રો સરખા પ્રિય હોવા જોઇએ. અરે, રૂપસેન કુમારમાં કાંઇ અવગુણ હશે કે જેથી તેનાં લગ્ન ન કર્યાં. કહ્યું છે કે,

एक आंबा ने आकडा । विहुं सरिखां फल होय ॥
पण आकड अवगुणभर्यों । हाथ न झाले कोय ॥२९॥

અર્થાત્—આંબાને ને આકડાને સરખાં ફળ થાય છે; પણ આકડામાં અવગુણ હોવાથી તેને કોઈ હાથમાં ઝાલતું નથી. (૨૯)

આવી લોકોક્તિ સાંભળવાથી રૂપસેન કુમાર ખિન્ન થયો અને તેણે પોતાના મિત્ર આગળ એક દિવસ ઊભરો કાઢ્યો: પિતાએ મારા હિતને માટે જ તે કન્યા સાથે મને પરણાવ્યો નહિ, પણ લોકો નિંદા કરે છે તેથી મારું મન બહુ દુભાય છે. તેથી લોકોને શિક્ષા કરવા ઈચ્છું છું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મિત્રે તેને શાંત પાડતાં કહ્યું: હે મિત્ર, લોકોની સાથે વિખવાદ કરવો તે યોગ્ય નથી, કારણ કે,

जइ मंडलेण भसिअं। हत्थिं दट्ठूण रायमग्गंमि ॥
ता किं गयस्स जुत्तं। सुणहेण समं कलिं काओ ॥३०॥

અર્થાત્—રાજમાર્ગમાં હાથી ચાલ્યો જતો હોય તેને જોઈ કૂતરાનાં ટોળાં ભસે તો કૂતરાંની સાથે ઝઘડામાં પડવું હાથીને માટે યોગ્ય ખરું કે? (૩૦). લોકોનું મોં કોઇ પણ રીતે બંધ કરી શકાય નહિ. તેઓ મનને ફાવે તેમ બોલે છે. નીચ લોકો પોતાના સ્વભાવાનુસાર બીજાના દોષોને જ જુએ છે. કહ્યું છે કે,

यदि काको गजेंद्रस्य। विष्टां कुर्वीत मूर्धनि ॥
कुलानुरूपं तत्तस्य। यो गजो गज एव सः ॥३१॥

અર્થાત્—જો કાગડો હાથીના ગંડસ્થળ ઉપર ચરકે તો તે તેના કુલધર્મ પ્રમાણે તેણે કર્યું, પણ હાથી તો હાથી જ રહેવાનો. (૩૧). જગતમાં જે દુર્જનો હોય છે તેમને બીજાના દોષ જોવામાં જ હર્ષ થાય છે. જેમકે,

बज्झइ वारि समुद्दह। बज्झइ पंजर सींह ॥
पण बांधी केणे कही। दुज्जण केरी जीभ ॥३२॥

અર્થાત્—સમુદ્રનું પાણી બાંધી શકાય ને પાંજરામાં સિંહને પૂરી શકાય, પણ દુર્જનની જીભ કોણ બાંધી શકે? (૩૨). વળી,

परापवादनिरतो। मातुरप्यधिकः खलः ॥
माता मलं हि हस्तेन। खलः क्षालति जिह्वया ॥३३॥

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

અર્થાત્—પારકાના અવગુણ ગાનાર દુષ્ટ માણુસની દશા, બાળકનો મળ ઉપાડતી માતાની તે વખતની દશા કરતાં પણ વધારે ક્ષુદ્ર હોય છે; કારણકે મા હાથથી મળ ધુએ છે જ્યારે દુર્જન પોતાની જીભ વડે મળને ધુએ છે. (૩૩). અને,

तं नत्थि घरं तं नत्थि। देउलं राउलंपि तं नत्थि ॥
जत्थ अकारण कुविया। दो तिन्नि खला न दीसंति ॥३४॥

અર્થાત્—એવું એક ઘર, એવું એક દેવાલય, ને એવો એક્કે રાજદરબાર પણ નહિ હોય કે જ્યાં કારણ વિના કોપી ઊઠતા બે ત્રણેક દુષ્ટો ન દેખાય. (૩૪). માટે હે કુમાર! લોકોનાં વચનથી તું જરા પણ ખોટું લગાડીશ નહિ.

આમ કહીને તે મિત્ર પોતાને ઘેર ગયો. એકલા પડતાં રૂપસેન કુમારે વિચાર્યું: અહીં લોકો મારો ઉપહાસ કરે છે, મારોજ દોષ કાઢે છે, તેથી મારે અહીં રહેવું યોગ્ય નથી. મોટા પુરુષોનું સ્વમાન એ જ મોટું ધન છે. તેવા સ્વમાનનો અહીં રહેતાં ઘાત થાય છે માટે હું કોઈ પણ રીતે અહીં રહીશ નહિ. હવે દેશ-વિદેશ ફરી મારાં ભાગ્ય અને પુણ્યની પરીક્ષા કરીશ. પુણ્યના યોગે પરદેશમાં પણ મને સુખ જ મળશે. કહ્યું છે કે,

सर्वत्र वायसाः कृष्णाः । सर्वत्र हरिताः शुकाः ॥
सर्वत्र सुखिनां शर्म। दुःखं सर्वत्र दुःखिनां ॥३५॥

અર્થાત્—બધે સ્થળે કાગડાઓ કાળા હોય છે, ને પોપટો લીલા હોય છે; સજ્જનો સર્વત્ર સુખી થાય છે ને

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

દુઃખીઓને બધી જગ્યાએ દુઃખ જ પ્રાપ્ત થાય છે. (૩૫).
આથી ડાહ્યા માણસોએ પરદેશ જવું જોઇએ. કહ્યું છે કે,

हंसा महीमंडलमंडनाय । यत्रापि तत्रापि गता भवंति ॥
हानिस्तु तेषां हि सरोवराणां । येषां मरालैः सह विप्रयोगः ॥३६॥

અર્થાત્—હંસો ગમે ત્યાં જાય, પણ તેઓ ત્યાં ત્યાંની જમીનને શોભાવનાર થાય છે. નુકસાન તો થાય છે એ સરોવરોને કે જેઓને એ હંસોનો વિયોગ થાય છે. (૩૬).

આમ વિચારીને રાત્રિએ તેણે નગર છોડી પરદેશ જવાનો વિચાર કર્યો. જ્યારે રાત્રે તે બહાર જતો હતો ત્યારે દ્વારપાળે તેને પૂછયુંઃ હે કુમાર! તમે રાત્રે ક્યાં જાઓ છો? તમારું જવાનું કારણ કહો. રાજાના હુકમ સિવાય હું તમને જવા નહિ દઉં. કહ્યું છે કે,

आज्ञाभंगो नरेन्द्राणां । वृत्तिच्छेदो द्विजन्मनां ॥
पृथक्शय्या च नारीणा–मशस्त्रो वध उच्यते ॥३७॥

અર્થાત્—રાજાની આજ્ઞાનો ભંગ, બ્રાહ્મણોની વૃત્તિનો નાશ અને સ્ત્રીને પતિથી જુદી શય્યામાં સૂવાનું, આ ત્રણ ક્રિયા રાજા, બ્રાહ્મણ અને સ્ત્રીનો શસ્ત્ર વિનાનો વધ છે. (૩૭)

આ ઉપરથી કુમારે તેને એક સોનામહોર આપી તેથી હર્ષ પામીને દ્વારપાળે તેને કાંઈ પણ વધારે પૂછયા સિવાય ચાવડીની બહાર જવા દીધો. ખરેખર દ્રવ્યથી સર્વ કોઈ વશ થાય છે.

કુમારે નગર બહાર નીકળીને ઘોડા પર બેસી પવન વેગે પ્રવાસ શરુ કર્યો. ખૂબખૂબ આગળ નીકળી ગયા પછી

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

ઘોડો થાકી ગયો, કારણકે સળંગ સોળ પ્રહર સુધી તેણે પ્રવાસ કર્યો હતો. પિતાના નગરથી પોતે ઘણો દૂર નીકળી ગયો છે એમ જાણીને ઘોડાને છોડી કુમાર એક ઊંચા પર્વતની તળેટીમાં આવેલા આંબાના વનમાં આરામ લેવા લાગ્યો.

આ બાજુએ મન્મથ રાજાને રૂપસેન કુમાર પ્રભાતમાં પાયવંદન કરવા આવ્યો નહિ તેથી રાજાએ તપાસ કરાવી તો કુમાર નગરમાં હોય એવું માલૂમ પડયું નહિ. રાજાએ સેવકોને ચોમેર તપાસ કરવા મોકલ્યા. તેમણે વન, વાડી, બગીચા તપાસ્યા, અનેક વટેમાર્ગુઓને પૃચ્છા કરી, પરન્તુ કુમારનો પત્તો મળ્યો નહિ. સેવકોએ પાછા ફરી રાજાને એ વાત કહી તેથી રાજા બહુ ખિન્ન થયો. પછી રાજાએ જોષીઓને બોલાવ્યા અને તેમને પૂછયું કે રૂપસેન કુમાર અત્યારે કયાં છે અને પાછા કયારે આવી મળશે તેનો જવાબ તમારી જયોતિષ વિદ્યાથી શોધીને મને કહો. જોષીઓએ પોતપોતાની બુદ્ધિ અનુસાર ખૂબ વિચાર કર્યો પણ તેઓ કાંઈ નિર્ણય કરી શકયા નહિ. તેમણે બીજે દિવસે જવાબ આપવાનો વાયદો કર્યો. બીજે દિવસે જોષીઓએ આવી રાજાને કહ્યું: હે રાજન્ ! રૂપસેન કુમાર સંબંધી વાત અમે આપને કહેવા ઈચ્છતા નથી, આપે તે પૂછવી પણ નહિ, કારણકે અમારો જવાબ સાંભળીને આપને અત્યંત દુઃખ થશે.

જોષીઓની આવી વાત સાંભળીને રાજા મૂર્છિત થઇ ગયો. થોડી વારે ભાનમાં આવ્યા પછી રાજાએ જૈન યતિને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બોલાવી તે બાબત પૂછ્યું. તેમણે પદ્માવતી દેવીને પૂછીને રાજાને કહ્યું: હે રાજન્! તે બાબત પૂછતાં પદ્માવતી દેવીએ મને એમ કહ્યું છે કે,

**मन्मथ राज्ञः पुत्रः । परदेशगतोऽत्र रूपसेनाख्यः ॥**
**द्वादशवर्षैरेव हि । मिलिष्यति श्रीकलत्रयुतः ॥३८॥**

અર્થાત્—મન્મથ રાજાનો રૂપસેન નામનો પુત્ર જે અત્યારે પરદેશ ગયો છે તે લક્ષ્મી ને પત્ની સાથે બાર વર્ષ પછી જ આવી મળશે. (૩૮). આ બાબત કાંઇ શંકા નથી. દેવે કહ્યું છે તેમાં ફેર નહિ પડે.

આ સાંભળીને રાજાને ઘણું દુઃખ થયું. નોકરચાકરો વગેરે દીલગીર થયા. રાજા સભામાં પણ બેસતો નહિ. તે ગુણવાન પુત્ર સિવાય તેને સભા સૂની લાગતી હતી. કહ્યું છે કે—

**एकेन वनवृक्षेण । पुष्पितेन सुगंधिना ॥**
**वासितं तद्वनं सर्वं । सुपुत्रेण कुलं यथा ॥३९॥**

અર્થાત્—વનમાં એક ઝાડ ઉપર સુગંધી ફૂલો હોય તો આખું વન મઘમઘી ઊઠે છે, તેવી જ રીતે એક સુપુત્રથી આખું કુલ દીપી નીકળે છે. (૩૯). વળી,

**एकेन राजहंसेन । या शोभा सरसो भवेत् ॥**
**न सा बकसहस्रेण । सुपुत्रेण तथा कुलं ॥४०॥**

અર્થાત્—એક રાજહંસથી સરોવરની જે શોભા થાય છે તે સેંકડો બગલાથી પણ થતી નથી. તે જ પ્રમાણે સુપુત્રથી કુળ શોભે છે. (૪૦). રાજા વારંવાર વિચારતોઃ

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

અરે, તે સુપુત્રથી મારા કુળની કીર્તિ વધી હતી; અને પુત્ર કુશળ રહે તે હેતુથી તે પ્રભુસ્તુતિ કરતો હતો. કહ્યું છે કે,

आर्ता देवान्नमस्यंति । तपः कुर्वंति रोगिणः ॥
निर्धना विनयं यांति । वृद्धाः स्युः शीलशालिनः ॥४१॥

અર્થાત્—માણસ જ્યારે દુઃખી હોય ત્યારે દેવોને નમે છે, રોગી હોય ત્યારે તપ કરે છે, નિર્ધન થાય ત્યારે વિનયી બને છે, અને વૃદ્ધ થાય ત્યારે શીલ પાળે છે. (૪૧)

આમ રાજાના મનમાંથી રૂપસેન કુમાર ક્ષણ માત્ર પણ દૂર થતો ન હતો. કહ્યું છે કે—

गुणिणो गुणेहिं दोसेहिं । दुज्जणा सिणेहेण सज्जणा चेव।
देसंतरगया वि हु । तिन्निवि हियए खडकंति ॥४२॥

અર્થાત્—ગુણવાન પુરુષો ગુણોને લીધે, દુષ્ટ જનો દોષોને લીધે અને સજ્જનો સ્નેહને લીધે અન્ય દેશમાં ગયા હોય તોએ એ ત્રણે હૃદયમાં સળવળ્યા કરે છે. (૪૨)

કેટલાક વખત પછી રાજાએ મંત્રી વગેરેના આગ્રહથી શોક દૂર કરી રાજકાજમાં મન પરોવવા માંડ્યું.

આ તરફ રૂપસેન થોડો વખત વનમાં થાક ખાઈને વનફળો ખાઈ આગળ ચાલ્યો. રસ્તે ચાલતાં તેને એક ભિક્ષુક બ્રાહ્મણ મળ્યો. તે ઘરડો બ્રાહ્મણ હાથમાં લાકડી ઝાલીને ચાલતો હતો. આંખનું તેજ ગયું હતું છતાં લોભથી ભિક્ષા માટે ગામેગામ રખડતો હતો. કહ્યું છે કે,

अंगं गलितं पलितं मुंडं । जातं दशनविहीनं तुंडं ॥
वृद्धो याति गृहीत्वा दंडं । तदपि न मुंचत्याशापिंडं ॥४३॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અર્થાત્—અંગો ગળી ગયાં હોય છે, માથે પળિયા આવેલાં હોય છે, મોઢામાં એકકે દાંત નથી, વૃદ્ધત્વને લીધે હાથમાં લાકડી ઝાલવી પડે છે, છતાં પણ આશા છોડી શકાતી નથી. (૪૩)

તે બ્રાહ્મણને જોઈને કુમારે તેને નમસ્કાર કર્યો. બ્રાહ્મણે તેને 'સ્વસ્તિ' કહી નજીક આવતાં તેને ઓળખી કાઢ્યો, કારણકે ઘણી વાર તે મન્મથ રાજાની સભામાં દક્ષિણા લેવા માટે આવ્યો હતો, ને રૂપસેન કુમારને ઓળખતો હતો. બ્રાહ્મણ નજીક આવતાં કુમારે પૂછ્યું: હે ભૂદેવ! આપ આ ગાઢ વનમાં કેમ આવ્યા છો? બ્રાહ્મણે કહ્યું: હે કુમાર, લોભના ઉદયથી હું આમ પરિભ્રમણ કરું છું. મેં સાંભળ્યું હતું કે મન્મથ રાજાના પુત્રનાં લગ્ન છે, આથી દક્ષિણા માટે હું ત્યાં જઉં છું. કહ્યું છે કે:

मोदका यत्र लभ्यंते । न दूरे पंचयोजनी ॥
वटका यत्र लभ्यंते । नदूरे दशयोजनी ॥४४॥

અર્થાત્—જ્યાં લાડવા મળે છે ત્યાંપાંચ યોજન બહુ દૂર લાગતા નથી, અને જ્યાં સોનામહોર મળે છે ત્યાં દશ યોજન જતાંય થાક જણાતો નથી. (૪૪)

આ સાંભળીને કુમારે કહ્યું: તે સત્ય છે. તમે ત્યાં સત્વર જાઓ.

હવે બ્રાહ્મણે કુમારને પૂછ્યું: જો તે વાત સત્ય છે તો તમે આ અવસરે ઘર છોડીને ક્યાં જાઓ છો?

કુંવરે જવાબ આપ્યો: પરદેશ જોવા માટે.

બ્રાહ્મણે કહ્યું: તેનું કાંઈ પણ કારણ હોવું જોઈએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

કુમારે કહ્યું : કારણ માત્ર કર્મ છે. કહ્યું છે કે,

**किं करोति न हि प्राज्ञः। प्रेर्यमाणश्च कर्मभिः॥**
**प्रोक्तैव हि मनुष्याणां। बुद्धिः कर्मानुसारिणी ॥४५॥**

અર્થાત્—ડાહ્યો માણસ પણ કર્મથી પ્રેરાઇને શું નથી કરતો ? કહ્યું છે કે મનુષ્યની બુદ્ધિ કર્મને અનુસરે છે. (૪૫)

તે સાંભળીને બ્રાહ્મણે કહ્યું : ખરે, તું ક્રોધ કરીને ઘરમાંથી જાય છે. હવે તું પાછો વળ. ડાહ્યા માણસે ક્રોધ કરવો જોઇએ નહિ. કહ્યું છે કે,

**सर्वोपतापकृत्क्रोधः। क्रोधो वैरस्य कारणं॥**
**दुर्गतिदायकः क्रोधः। क्रोधः शमसुखार्गला ॥४६॥**

અર્થાત્—ક્રોધ સર્વ પ્રકારનાં દુઃખો ઉત્પન્ન કરનાર છે, ક્રોધ વેરનું કારણ છે, દુર્ગતિમાં નાખનાર છે, અને સુખ તથા શાંતિને અટકાવનાર છે. (૪૬)

બ્રાહ્મણે આમ શિખામણ આપી, પણ કુમારે જ્યારે પાછા વળવાની જરા પણ ઇચ્છા ન બતાવી ત્યારે તેણે ફરીથી કહ્યું : હે કુમાર! વિદેશ બહુ વિષમ છે, અને તું સરળ અને સુકુમાર છે.

કુમારે જવાબ આપ્યો: ભૂદેવ, ધીર પુરુષોને કશું અઘરું નથી. કહ્યું છે કે,

**कोऽतिभारः समर्थानां। किं दूरं व्यवसायिनां॥**
**को विदेशः सविद्यानां–कः परः प्रियवादिनां ॥४७॥**

અર્થાત્—સમર્થ પુરુષોને શું કઠીન છે ? ધંધો કરનારને કયો પ્રદેશ દૂર હોય છે? વિદ્વાનને કયો પ્રદેશ વિદેશ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે ? અને પ્રિય બોલનારને કોણ પરાયો હોય છે ? (૪૭).
હવે આપ મને કનકપુરનો માર્ગ બતાવો કારણકે હું ત્યાં જવાની ઉત્કંઠા રાખું છું.

દ્વિજે કહ્યું : અરે કુમાર, તે માર્ગ તો અત્યંત કઠીન છે, અને રસ્તામાં પુષ્કળ ભય છે. તેથી તમે ત્યાં જશો નહિ.

કુમારે પૂછયું : તે માર્ગમાં શો ભય છે તે મને કહો.

ભૂદેવે કહ્યું : કુમાર ! તમારી જિજ્ઞાસા છે તો સાંભળો. કેટલેક દૂર જતાં ઘણી ડાળીઓ ને પાંદડાંવાળું વડનું ઝાડ છે, તેની અક્કેક ડાળી ખૂબ જ લાંબી છે. તે વડની ઉપર ચારે દિશામાં ઘણી વિદ્યાઓ સિદ્ધ કરેલા ચાર યોગીઓ રહે છે. તે ચાર યોગીઓ તમને જુએ નહિ તેની સંભાળ રાખજો, કારણકે તે મનુષ્યોને બહુ ઉપદ્રવ કરનારા છે. તેથી તમારે બીજે રસ્તે નગરમાં જવું જોઈશે.

કુમારને આથી જરા પણ ભય ન લાગ્યો. તેણે કહ્યું : તે રસ્તે જતાં મારા મનને જરા પણ સંકોચ થતો નથી, કારણકે મને પુણ્યનું શરણ છે. કહ્યું છે કે,

वने रणे शत्रुजलाग्निमध्ये । महार्णवे पर्वतमस्तके वा ॥
सुप्तं प्रमत्तं विषमस्थितं वा । रक्षंति पुण्यानि पुराकृतानि ॥४८॥

અર્થાત્—વનમાં, યુદ્ધભૂમિ ઉપર, શત્રુની સમીપે, પાણી કે અગ્નિમાં, મોટા દરિયામાં અથવા પર્વતની ટોચ ઉપર સૂતાં કે બેભાન દશામાં હોઈએ ત્યારે પહેલાં કરેલાં પુણ્ય આપણું રક્ષણ કરે છે. (૪૮). વળી,

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

जिनैर्निरूपिते धर्मे । न चलत्यत्र यन्मनः ॥
शूरास्ते एव तेषां च । रक्षां कुर्वंति देवताः ॥४९॥

અર્થાત્—શ્રી જિનદેવે પ્રરૂપેલા ધર્મમાંથી જેનું મન ચલાયમાન થતું નથી તે શૂર પુરુષો છે; તેઓની દેવતાઓ રક્ષા કરે છે. (૪૯)

છેવટે વૃદ્ધ ભૂદેવે કુંવરને આશીર્વાદ આપ્યોઃ—

तव वर्त्मनि वर्ततां शिवं । पुनरस्तु त्वरितं समागमः ॥
अथ साधय साधयेप्सितं । स्मरणीयाः समये वयं वयं ॥५०॥

અર્થાત્—તારા રસ્તામાં હમેશાં તારું કલ્યાણ થશે. ફરીથી આપણે જલ્દી મળીએ. તારા સર્વ મનોરથો ફળો. મને વખત આવ્યે યાદ કરજે. (૫૦). હે કુમાર, પ્રભુની પાસે પ્રાર્થના કરું છું કે તારી સર્વ ઇચ્છાઓ તે પરમ-કૃપાળુ ફળીભૂત કરે. તારા માર્ગમાં બહુ જ સાવધાનતાથી ચાલજે.

કુમારે તેને યોગ્ય દક્ષિણા આપતાં કહ્યું : હે ગુરુદેવ, આપ મારા વિષે કાંઈ પણ વાત રાજગૃહમાં કોઈને કહેશો નહિ.

બ્રાહ્મણ વિદાય થયા પછી રૂપસેન કુમાર મનમાં વિચાર કરવા લાગ્યો : ખરેખર સત્વગુણ જ મનુષ્યને શ્રેયસ્કર છે. કહ્યું છે કે,

सत्त्वाद्वर्षंति पर्जन्याः । सत्त्वात्सिद्ध्यंति देवताः ॥
सत्त्वेन धार्यते पृथ्वी । सर्वं सत्त्वे प्रतिष्ठितं ॥५१॥

અર્થાત્—સત્ત્વથી મેઘ વરસે છે, દેવતાઓ સત્ત્વથી

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

સિદ્ધ થાય છે, પૃથ્વી પણ સત્ત્વથી ટકી રહી છે; બધું કાંઇ સત્ત્વમાં સ્થિર થઇ રહ્યું છે. (૫૧)

આમ વિચારીને આગળ ચાલતાં તેને શુભ શકુન થયાં. કહ્યું છે કે,

कालुं हरण होलाहीउं । वायस कुक्कर मोर ॥
ए लीजे डावां भलां । जेथी नावे चोर ॥५२॥

અર્થાત્—કાળિયર મૃગ, હોલું, કાગડો, કૂતરો ને મોર જો ડાબી બાજુએ ઉતરે તો એ ભલાં શુકન છે; એને લીધે ચોરનો ભય નથી ઉપજતો. (૫૨). અને,

जंबुचासवरक्खे । भारंडाए तहेव नूले अ ॥
दंसणमेव पसत्थं । पयाहिणे सव्व-संपत्ती ॥५३॥

અર્થાત્—જાંબુ, ચાસ પક્ષી, સુગંધિત પદાર્થ, ભારંડ પક્ષી અને નોળિયાનાં દર્શન થાય તો એ પણ ઉત્તમ છે; જો એને ગતિમાં જોઈએ તો બધી સંપત્તિ આવી મળે છે. (૫૩)

હવે રૂપસેન કુમાર આગળ ચાલ્યો ત્યારે નોળિયો જમણી બાજુ ગયો. આથી હર્ષ પામીને કુમાર મુસાફરી કરતો આગળ વધ્યો ને ઘણાં વનો ને પર્વતો ઓળંગ્યાં. મધ્યાહ્નસમયે તેને બહુ તરસ લાગી તેથી તેણે વિચાર્યું: અહો, પરદેશમાં ઘણાં દુઃખો પડે છે.

वनं रौद्रं भयं तीव्रं । तृषा मां बाधतेऽधिकं ॥
पादाभ्यां गमनं कष्टं । गंतव्यं शतयोजनीं ॥५४॥

અર્થાત્—વન બિહામણું છે, તે અતિ ભયકારક છે,

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

તરસ મને બહુ પીડા કરે છે, પગેથી ચાલવાનું કષ્ટ બહુ થાય છે, અને હજુ તો સો યોજન જવાનું છે. (૫૪)

આગળ ચાલતાં જ્યારે તે થાક્યો ત્યારે એક લીંબડાના ઝાડની નીચે બેઠો. ત્યાં શીતળતા લાગતાં થાક દૂર થયો અને મન શાંત ને પ્રફુલ્લિત થયું. આથી તેણે વિચાર્યું: કુદરતે આ વૃક્ષને રોગનિવારક બનાવ્યું છે. કહ્યું છે કે,

निंबो वातहरः कलौ सुरतरुः शाखाप्रशाखाकुलः ॥
पित्तघ्नः कफमारुतव्रणहरो द्राक्पाचकः शोधकः ॥
कुष्टच्छर्दिविषापहः कृमिहरस्तापस्य निर्नाशको ।
बालानां हितकारको विजयते निंबाय तस्मै नमः ॥५५॥

અર્થાત્—લીંબડો વાયુ દૂર કરનાર છે. તે કલિયુગનું કલ્પતરુ છે. તેને ડાળીઓ બહુ હોય છે. પિત્ત, કફ, વાયુ ને વ્રણને શાન્ત કરનાર છે. પાચન કરનાર ને રક્તનું શોધન કરનાર છે. વળી તે કોઢ, શરદી ને વિષનો નાશ કરનાર છે. કૃમિ દૂર કરનાર છે, ને તાપનો નાશ કરનાર છે. બાળકોને હિતકારક છે. જેનો સર્વત્ર વિજય છે તેવા નિંબવૃક્ષને નમસ્કાર હો. (૫૫). સામાન્ય ઝાડો પણ વટેમાર્ગુઓને ઉપકારક હોય છે. કહ્યું છે કે,

वरं करीरो मरुमार्गवर्ती । समग्रलोकं कुरुते कृतार्थं ॥
किं कल्पवृक्षैः कनकाचलस्थैः । परोपकारप्रतिलंभदुःस्थैः ॥५६॥

અર્થાત્—ઉજ્જડ માર્ગમાં આવેલ કેરડો બધા લોકો ઉપર ઉપકાર કરે છે. સોનાના પર્વત ઉપર રહેલાં ને દૂર હોવાથી ઉપકાર ન કરી શકે તેવાં કલ્પવૃક્ષોથી શો ફાયદો છે? (૫૬)

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

આમ મનમાં વિચારતો થોડી વાર થાક ખાઈને તે આગળ ચાલ્યો. ત્યાં રસ્તામાં સ્વચ્છ ઠંડા પાણીથી ભરેલી એક નદી આવી તેથી હર્ષ પામીને કપડાંથી ગાળીને તેણે પાણી પીધું. કહ્યું છે કે,

सत्यपूतं वदेद्वाक्यं । मनःपूतं समाचरेत् ॥
दृष्टिपूतं न्यसेत्पादं । वस्त्रपूतं पिबेज्जलं ॥५७॥

અર્થાત્—સત્યથી પવિત્ર બનાવેલું વાક્ય ઉચ્ચારવું, મનથી સત્ય લાગે તે આચરવું, દૃષ્ટિથી બરાબર જોઈને પગ મૂકવો તથા વસ્ત્રથી ગાળીને પાણી પીવું. (૫૭) અને

पृथिव्यां त्रीणि रत्नानि । जलमन्नं सुभाषितं ॥
मूढैः पाषाणखंडेषु । रत्नसंज्ञाभिधीयते ॥५८॥

અર્થાત્—પૃથ્વી ઉપર ત્રણ રત્નો છેઃ જલ, અન્ન અને સુભાષિત. એ તો મૂર્ખ લોકો પથ્થરના કકડાને રત્નોનું નામ આપી રહ્યા છે. (૫૮)

હવે તે ઉતાવળે કનકપુર તરફ જતો હતો ત્યાં દૂર ખૂબ ઊંચું એક વડનું ઝાડ જોયું. તેને વિપ્રના શબ્દો યાદ આવ્યા, એટલે તે સાવધાનતાથી તે ઝાડની નજીક આવતો હતો, તેવામાં ચાર યોગીઓએ તેને આવતાં જોયો. આથી તેઓ તેને મહાપુરુષ જાણીને તેની તરફ ગયા. કુમારે જ્યારે તેમને જોયા ત્યારે તેણે વિચાર્યું કે ખરેખર આ તે જ યોગીઓ છે, માટે હવે કાંઈ બુદ્ધિ ચલાવવી પડશે; કારણ કે,

जिहां होये सही बुद्धडी । न होय तिहां विणास ॥
सुर सर्वे सेवा करे । रहे आगल जिम दास ॥५९॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

અર્થાત્—જ્યાં બુદ્ધિ મિત્ર તરીકે સાથે હોય ત્યાં વિનાશ ન થાય અને બધા દેવો પણ સેવા કરે છે તથા દાસની માફક આગળ ચાલે છે. (૫૯)

કુમારની પાસે પાંચ બાણો હતાં તેમાંથી એક તેણે તે યોગીઓની સમક્ષ ભાંગી નાંખ્યું. આ જોઈને યોગીઓએ તેને તે ભાંગવાનું કારણ પૂછ્યું. કુમારે જવાબ આપ્યોઃ મેં પહેલાં તમે પાંચ છો એમ જાણ્યું હતું અને તમારો નાશ કરવાને પાંચ બાણ હું લાવ્યો હતો. પરંતુ મેં તમને ચારને જોયા, આથી મેં એક બાણ ભાંગી નાખ્યું. તમારી શોધમાં મેં આ વનમાં કેટલાય દિવસ ગાળ્યા છે. અત્યારે જ તમે મને મળ્યા છો.

કુંવરનાં વચનો સાંભળી યોગીઓને લાગ્યું કે તે કોઇ બહાદુર પુરુષ જણાય છે, માટે કાંઈ યુક્તિ કરીને તેને જાળમાં સપડાવવો જોઈએ. એમ વિચારીને તેઓએ કુમારને કહ્યુંઃ હે સત્પુરુષ! તમને સજ્જન જાણીને અમે તમારી પાસે આવ્યા છીએ. તમે શા માટે અમારા વિશે અવળું વિચારો છો? અમને તો આપ જેવાનો સમાગમ થયો તેથી અમારી જાતને અમે ભાગ્યશાળી માનીએ છીએ. અમે તો સંસાર તજેલા યોગીઓ છીએ. આ નિર્જન વનમાં આપ જેવા મહાન પુરુષ મળવાથી અમને શાંતિ થઈ છે. કહ્યું છે કે,

संसारभारखिन्नानां । तिस्रो विश्रामभूमयः ॥
अपत्यं सुकलत्रं च । सतां संगतिरेव च ॥६०॥

અર્થાત્—સંસારના ભારથી ખિન્ન થયેલાને ત્રણ શાંતિનાં સ્થળ છે: સંતાન, સુપત્ની અને સત્સમાગમ. (૬૦)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કુમાર તેમનો આશય સમજ્યો અને બોલ્યો: હે યોગિજનો ! આપ સત્ય જ કહો છો, કારણકે,

संसारकटुवृक्षस्य । द्वे फले अमृतोपमे ॥
सुभाषितरसास्वादः । संगतिः सज्जने जने ॥६१॥

અર્થાત્—સંસારરૂપી કડવા વૃક્ષનાં બે ફળો અમૃત જેવાં છે: સુભાષિતોનો રસાસ્વાદ અને સજ્જનોનો સમાગમ. (૬૧)

પછી યોગીઓ બહુ માનપૂર્વક રૂપસેન કુમારને પોતાના વૃક્ષ નીચે લઈ ગયા. ત્યાં તેમણે કુમારને પોતા વિશે કપટપૂર્ણ વાતો કહી. છેવટે કુમારે પૂછ્યું : હે યોગિરાજ ! આપ કેટલાં વર્ષથી તપ કરો છો ?

તેઓએ જવાબ આપ્યો : અમને યોગ લીધે પાંચ સો વર્ષ થયાં છે.

આ સાંભળી કુમાર બોલી ઊઠ્યો: અહો, આપ જેવા યોગી જનોનાં દર્શનથી મારો જન્મ સફળ થયો છે.

કુમારે પણ આમ તેમને મીઠા શબ્દોથી આનંદ પમાડ્યો. કહ્યું છે કે,

प्रियवाक्यप्रसादेन । सर्वे तुष्यंति जंतवः ॥
तस्मात्तदेव वक्तव्यं । वचने का दरिद्रता ॥६२॥

અર્થાત્—પ્રિય વચનોની મધુરતાથી સર્વ પ્રાણીઓ ખુશ થાય છે, માટે તેવી વાણી જ બોલવી જોઈએ. વચનમાં દરિદ્રતા શા માટે રાખવી જોઈએ ? (૬૨)

પછી તેમણે કુમારને પોતા પર વિશ્વાસ ઉત્પન્ન કરવા કહ્યું: હે કુમાર, આપનો સારી રીતે પરિચય થવાથી તમે

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

અમને આત્મીય જન જેવા લાગો છો. તેથી અમે અમારી ગુપ્ત વાત તમને કહીએ છીએ તે સાંભળોઃ અમે આ ઝાડ નીચે છ વર્ષ સુધી એક મનથી દેવતાની આરાધના કરી, તેથી દેવતા અમારા ઉપર પ્રસન્ન થયા. કહ્યું છે કે,

**चलचित्तेन यज्जप्तं । जप्तं यन्मेरुलंघनैः ॥**
**नखाग्रेण च यज्जप्तं । तज्जप्तं निष्फलं भवेत् ॥६३॥**

અર્થાત્-અસ્થિર મનથી કરેલો જાપઃ *માળાના મેરુને ઉલ્લંઘીને કરેલો જાપ, અને માળાના મણકાને નખ અડકાડીને કરેલો જાપ નિષ્ફળ નીવડે છે. (૬૩)

આમ કહીને તેઓએ દેવે આપેલી ચાર વસ્તુઓ કુમારને બતાવી અને તેનો પ્રભાવ તેની આગળ વર્ણવ્યો: આમાં જે ગોદડી છે તે લંબાવીએ તો દરરોજ પાંચ સો સોનામહોર આપે છે. આ લાકડીથી જે વસ્તુ ઉપર પ્રહાર કરીએ તે વસ્તુ નિર્જીવ હોય તોપણ તે સજીવ થાય છે. આ પાત્ર દરરોજ લાખ માણસોને ભોજન દે છે, અને આ પાદુકા એક ક્ષણમાં મનવાંછિત જગ્યાએ લઈ જાય છે. અમારામાં આ વસ્તુઓ વહેંચવા બાબત તકરાર ઉત્પન્ન થઇ છે, માટે તમે પંચ થઇ અમને સર્વને યોગ્ય ન્યાય આપો.

---

* માળા ચાલુ ફેરવ્યા કરવાથી માળાના મેરુનું ઉલ્લંઘન થાય છે, પણ માળા ફેરવતાં મેરુ આવે એટલે તેને ઉલટાવીને ફેરવવી જોઇએ, એટલે માળાનો આવેલ છેલ્લો મણકો પહેલો કરીને બીજી વાર માળા ફેરવવી જોઇએ. જાપમાં એમ માળાને ઉત્તરોત્તર ફેરવ્યા કરવી જોઇએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

दीनारपंचशतदानपरा च कंथा ।
निर्जीववस्तुचिरजीवितदश्च दंडः ॥
पात्रं च लक्षजनभोजनदायकं हि ।
श्रीपादुके च परदेशगतौ समर्थे ॥६४॥

અર્થાત્–આ ગોદડી પાંચ સો સોનામહોરો આપનારી છે, આ દંડ નિર્જીવ વસ્તુને જીવિતદાન આપનારો છે, આ પાત્ર લાખ માણસોને જમાડી શકે તેમ છે, ને આ પાદુકાઓ પરદેશ લઈ જવાને સમર્થ છે. (૬૪)

આમ આ વસ્તુઓનો પ્રભાવ જાણીને કુમારે કહ્યું: હે યોગીરાજ! તમે સહુ હું કહું એમ કરશો તો હું તમને સર્વને યોગ્ય ન્યાય આપીશ. કોઈને ઓછું કે વત્તું નહિ આવે. આ બાબત તમે મારી બુદ્ધિની નિઃશંક પરીક્ષા કરો.

યોગીઓએ જવાબ આપ્યો: હે કુમાર, તમે કહેશો તે પ્રમાણે અમે જરૂર કરીશું.

કુમારે કહ્યું: તમે ચારે ચાર દિશાઓમાં દૂર ઊભા રહો. જે દિશામાં જે વસ્તુ હું ફેંકું તે તેણે લઈ લેવી. જ્યારે બરાબર વહેંચણી થઈ જશે ત્યારે હું ત્રણ તાળી પાડીશ એટલે તમે અહીં આવજો. ત્યાંસુધી દૂર ઝાડ નીચે મારી તરફ પીઠ કરીને તમે ઊભા રહેજો, મારા તરફ જોશો નહિ.

તથાસ્તુ કહીને ચારે યોગીઓ દૂર ગયા. જતાં જતાં પરસ્પર કહેવા લાગ્યા: આ કુમારનો વિશ્વાસ આપણે મેળવ્યો છે. વખત આવ્યે તેને અગ્નિના કુંડમાં નાખીને

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

સોનાનો પુરુષ આપણે કરીશું. તેઓ આમ વિચારતા જતા હતાં ત્યારે કુમારે તે પાદુકાઓ પોતાના પગે પહેરી લીધી, હાથમાં દંડ લીધો અને પાત્ર તથા ગોદડી પોતાના પીઠે બાંધીને પાદુકાને કહ્યું: હે પાદુકાઓ! તમે મને કનકપુર લઈ જાઓ. આમ બોલતાંની સાથે તે ઉંચે આકાશમાં ઊડતો અનેક કૌતુકો જોતો જાણે કે વિમાનમાં બેઠો હોય તે પ્રમાણે જવા લાગ્યો. જરા ઉંચે ગયા પછી તે બોલ્યો: હે યોગીન્દ્રો! મેં આપ સર્વેનું જે હિત હતું તેજ કર્યું છે, હવે તમે મનમાં કાંઈ પણ દુઃખ લાવશો નહિ. હવે તમને ઝઘડો કરવાનું કંઈ કારણ રહેશે નહિ. આટલું કહીને ત્રણ તાળીઓ પાડીને તે વેગથી આકાશમાં ઊડ્યો. યોગીઓને વસ્તુસ્થિતિનું ભાન થાય તે પહેલાં તો તે તેમની નજરની બહાર જતો રહ્યો. પરિસ્થિતિથી વાકેફ થતાં તેઓ બોલી ઊઠ્યા: ખરે, તે લુચ્ચાએ આપણને બરાબર છેતર્યા. ખરું છે કે,

अन्यथा चिंतितं कार्यं । विधिना कृतमन्यथा ॥
सरोंभश्चातकेनाप्तं । गलरंध्रेण गच्छति ॥६५॥

અર્થાત્—આપણે ધાર્યું હતું કાંઈ અને વિધિએ કર્યું વિપરીત. સરોવરનું પાણી ચાતકને મળ્યું હોય છે પણ એ ગળાના કાણામાંથી બહાર નીકળી જાય છે. (૬૫). અને,

अभिनवसेवकविनयैः । प्राघूर्णोक्तैर्विलासिनीरुदितैः ॥
धूर्तजनवचननिकरै-रिह कश्चिदवंचितो नास्ति ॥६६॥

અર્થાત્—નવા થયેલા નોકરના વિનયથી, મહેમાનોનાં વચનોથી, સ્રીના રુદનથી અને લુચ્ચાનાં વચનોથી આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જગતમાં કોણ છેતરાતું નથી હોતું? (૬૬). અરે, તેને છેતરવાનું વિચારતા હતા ત્યાં તો ઊલટા આપણે જ છેતરાયા.

દુઃખી થયેલા તે યોગીઓ આમ વિચારતાં વન વન ભટક્યા, ને ગામેગામ ભિક્ષા માગવા લાગ્યા. આવી રીતે તેઓએ આ લોકમાં પરહત્યાનો વિચાર કર્યો તેનું ફળ મેળવ્યું. ખરે, કર્મની ગતિ વિષમ છે. કહ્યું છે કે,

**कृतकर्मक्षयो नास्ति । कल्पकोटिशतैरपि ॥**
**अवश्यमेव भोक्तव्यं । कृतं कर्म शुभाशुभं ॥६७॥**

અર્થાત્—અસંખ્ય કલ્પ વીતે છતાં કરેલાં કર્મનો નાશ થતો નથી. જે શુભ કે અશુભ કામ કરેલું હોય તે અવશ્ય ભોગવવું પડે છે. (૬૭)

આમ તે યોગીઓને લાંબા વખતનું પોતાનું વડલાનું નિવાસસ્થાન કર્મસંજોગે છોડવું પડ્યું.

આ બાજુ રૂપસેન કુમાર પુણ્યનો ઉદય થવાથી કનકપુરની સીમમાં એક સુકાઇ ગયેલી વાડીમાં આવી પહોંચ્યો. ત્યાં એક ચંપાના વૃક્ષની નીચે બેસી તે વિચારવા લાગ્યોઃ આ પાદુકાની પરીક્ષા થઇ, હવે દંડની પરીક્ષા કરવી જોઈએ. એમ કહીને તેણે ચંપાના એક ઝાડને દંડથી ત્રણ વાર માર્યું તો તરત જ તે નવપલ્લવિત થઈ ગયું. આથી આનંદિત થઈને તેણે તે દંડથી દરેક સૂકા વૃક્ષને ત્રણ વાર ઠબકારી આખી વાડી સજીવન કરી.

તે રસ્તેથી જતા લોકો તે શુષ્ક વાડીને થોડા જ વખતમાં પ્રફુલ્લિત થયેલી જોઇને વિસ્મય પામ્યા, અને

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

નગરમાં આવીને વાડીના માલિક માળીને વધામણીના સમાચાર આપ્યા. માળીએ આ વાત તરત તો માની નહિ પણ મનથી માન્યું કે કદાચ કોઇ દેવ ત્યાં આવેલ હોય તો તેના પ્રભાવથી વાડી સજીવન થાય. આથી તેની ખાત્રી કરવા તેણે પોતાની પત્ની માળણને ત્યાં મોકલી. તે ત્યાં આવીને જુએ છે તો લોકોએ કહેલું સર્વ સત્ય લાગ્યું. આજુબાજુ નિહાળતાં ચંપકવૃક્ષ નીચે દિવ્યરૂપ કુમારને સૂતેલો જોયો. તેને જોઈને માળણે વિચાર્યું કે ખરે તે દિવ્ય પુરુષના પ્રભાવથી જ વાડીને નવજીવન મળ્યું છે, માટે આ કુમાર મહાપુણ્યવાન લાગે છે. કહ્યું છે કે,

**धरांतःस्थं तरोर्मूल-मुच्छ्रयेणानुमीयते ॥**
**अदृष्टोऽपि तथा प्राच्यो । धर्मो ज्ञायेत संपदा ॥६८॥**

અર્થાત્—જેવી રીતે જમીનની અંદર આવેલા મૂળની કલ્પના ઝાડની ઊંચાઈ ઉપરથી કરાય છે, તેવી જ રીતે પૂર્વનું ધર્મ-પુણ્ય દેખાય નહિ છતાં ગૌરવે કરી તેનો ખ્યાલ કરી શકાય છે. (૬૮). આ પુરુષથી મારી વાડી નવપલ્લવિત થઈ છે માટે હું તેની ભક્તિ કરું.

એમ વિચારીને વાડીમાંથી મનોહર સુગંધી ફૂલો ભેગાં કરી તેનો ચોસરો હાર તૈયાર કરી કુંવર જાગ્યો ત્યારે માળણે યથાવિધિ તેને પહેરાવ્યો. કુમારે પણ તેને એક સોનામહોર આપી. આથી હર્ષ પામીને માળણ બોલી: હે મહાપુરુષ, આપ મારે ઘેર પધારો. તે સાંભળીને કુમારે વિચાર્યું કે આ ધનના દાનનું જ ફળ છે. પછી તે માળણની સાથે તેને ઘેર ગયો. પોતાને ઘેર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

આવીને તેને બહાર રાખી તેનું યોગ્ય સન્માન કરવાનું પોતાના પતિને કહેવા માળણ અંદર ગઈ. માળીએ તરત જ લાકડી લઈ દોડીને કહ્યું: હે દુષ્ટ સ્ત્રી! તું જે તે માણસને ઘરની અંદર કેમ લાવે છે? માળણે કહ્યું: હે સ્વામી, તમે કોપ ન કરો. આવા પુરુષ તો ભાગ્યવશાત્ મળે છે. પુરુષ પુરુષની વચ્ચે અંતર હોય છે. કહ્યું છે કે,

वाजिवाहनलोहानां । काष्टपाषाणवाससां ॥
नारीपुरुषतोयाना-मंतरं महदंतरं ॥६९॥

અર્થાત્—ઘોડા-ઘોડામાં અંતર હોય છે, તેમ વાહન-વાહનમાં, લોઢા-લોઢામાં, લાકડા-લાકડામાં, પત્થર-પત્થરમાં, કાપડ-કાપડમાં, સ્ત્રી-સ્ત્રીમાં, પુરુષ-પુરુષમાં અને પાણી-પાણીમાં પણ અંતર હોય છે. (૬૯). આ પુરુષના પ્રભાવથી આપણી વાડી પલ્લવિત થઇ છે.

આમ કહીને કુમારે આપેલી સોનામહોર તેને બતાવી. મહોર જોઇને ધનલોભી માળી બોલ્યો: હે પ્રિયા! તે મહેમાનની આગતાસ્વાગતા માટે તું ઘરમાં બધી યોગ્ય વ્યવસ્થા કર. આટલું બોલીને તે બહાર ગયો ને બહુ આદર-પૂર્વક કુમારને અંદર લાવ્યો, અને તેના કુશળ સમાચાર પૂછી ખૂબ જ સત્કાર કર્યો. કહ્યું છે કે,

एह्यागच्छ समाविशासनमिदं प्रीतोऽस्मि ते दर्शनात् ॥
का वार्ता पुरि दुर्बलोऽसि च कथं कस्माच्चिराद् दृश्यसे ॥
इत्येवं गृहमागतं प्रणयिनं ये प्रश्नयंत्यादरा—
त्तेषां युक्तमशंकितेन मनसा गंतुं गृहे सर्वदा ॥७०॥

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

અર્થાત્—આવો, પધારો, આ આસન ઉપર બેસો; આપના દર્શનથી હું ખુશી થયો છું; નગરના શા સમાચાર છે; દૂબળા કેમ દેખાઓ છો ? આપનાં દર્શન કેમ લાંબા સમયે થયાં ? આમ ઘેર આવેલા પ્રેમાળ મહેમાનને આદરથી જે પ્રશ્નો કરે છે તેને ઘેર નિઃશંક રીતે જવું. (૭૦). પરદેશમાં ગયા હોય તોય પુણ્યશાળી માણસોનું સર્વ જગ્યાએ બહુમાન થાય છે.

કુમારે ઘરમાં પ્રવેશ કરી એક ખૂણામાં ગોદડી આદિ વસ્તુઓની પોટલી બાંધી મૂકીને. થોડો આરામ લીધો. પછી શહેરમાં તે ફરવાને માટે નીકળ્યો. નગરમાં તેણે રાજાનો મહેલ, દેવમંદિર, હાટોની હાર, ચૌટું, રાજમહેલ તરફ જવાનો રસ્તો, મઠો, લેખશાળા આદિ જોયાં. દરરોજ આવી રીતે નગરમાં ફરીને તે પોતાનો સમય વ્યતીત કરતો, ને હર્ષ પામતો. આવી રીતે એક વખત તે જ્યારે બહાર ગયો હતો ત્યારે માળણ કુમારની પોટલી છોડીને અંદર ગોદડી વગેરે યોગીઓને યોગ્ય વસ્તુઓ જોવાથી ખિન્ન થઈ વિચારવા લાગીઃ અરે, આ કોઇ લુચ્ચો યોગી જણાય છે. તે સંસારીના વેશમાં મારે ઘેર રહે છે, ને મને ભોળવવાને જ તેણે મને સોનામહોર દીધી હશે. આવી રીતે મને ફરીથી છેતરી મારા બાળકનું હરણ કરી જશે તો હું શું કરીશ ? કપટી લોકોનો કદિ વિશ્વાસ કરવો જોઈએ નહિ. કહ્યું છે કે,

त्रिदशा अपि वंच्यंते । दांभिकैः किं पुनर्नराः ॥
देवी यक्षश्च वणिजा । लीलया वंचितावहो ॥७१॥

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

અર્થાત્—દંભી મનુષ્યોથી દેવોય છેતરાય છે તો માણસોનું તો શું પૂછવું? દેવી અને યક્ષને વાણિયાએ રમત માત્રમાં છેતર્યાં હતા. (૭૧)

આ બાબત એક દૃષ્ટાન્ત મને યાદ આવે છે. દેવપુરમાં કુળાનંદ અને મદનકળા નામનાં પતિપત્ની રહેતાં હતાં. તેમને કાંઇ સંતતિ નહોતી. તેમણે પુત્રની પ્રાપ્તિ માટે ચામુંડા માતાને ત્રણ લાખ સોનામહોરોની માનતા માની. પુત્રનો જન્મ થયા પછી પોતાની પ્રતિજ્ઞાનુસાર લાખ લાખ સોનામહોરનાં ત્રણ ફૂલો કરાવી, થાળમાં લઈ, વણિક ચામુંડા માતાને મંદિરે આવ્યો. તે ફૂલોમાંથી એક ફૂલ ચામુંડાના માથા ઉપર ને બીજાં બે તેના હાથમાં મૂકી પ્રણામ કર્યાં. જતી વખતે તેમાંથી એક પોતાને માટે, એક પોતાની પત્ની માટે ને ત્રીજું પોતાના પુત્ર માટે પ્રસાદીરૂપે લઇ તે ઘેર ગયો. આથી ખિન્ન થઈને ચામુંડા દેવીએ પોતાના મિત્ર યક્ષને વાત કહી. યક્ષે તે સાંભળીને કહ્યું: હે દેવી, સારું થયું કે તું તેના પાશમાંથી અખંડિત છૂટી. મને તે વણિકે બહુ પજવ્યો હતો તેની વાત હું તને કહું તે સાંભળ. તે વણિકનું વહાણ ડૂબતું હતું ત્યારે મારું સ્મરણ કરી મને એક પાડાનું બલિદાન આપવાની તેણે માનતા માની હતી. તેનું વહાણ સહીસલામત પહોંચ્યું ત્યારે તેણે એક પાડો લાવી તેનું દોરડું મારા ગળે બાંધી તેની આગળ વાજાં વગાડવા માંડયાં. આથી ત્રાસ પામીને તે પાડો મને મૂળમાંથી ઉખેડી નાંખી ઘસડતો ઘસડતો લઇને ચાલવા લાગ્યો. થોડા વખત પછી દોરડું તૂટી ગયું. એટલે હું રસ્તામાં પડી રહ્યો. ત્યાંથી

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

લોકોએ મને ઉપાડીને મારા સ્થાનકે સ્થાપ્યો. તે વખતે ઘસાવાથી મારા શરીરમાં સેંકડો ઊઝરડા પડયા હતા, તેમાંથી થોડા હજુ પણ મને પીડા કરે છે. આમ કહીને તે યક્ષે પોતાના શરીર ઉપરનાં ચાંદાં બતાવ્યાં તે જોઈને ચામુંડા દેવી વિસ્મિત થઈ અને પોતાને તેવી કાંઈ પીડા થઈ નથી તેમ જાણી પ્રભુનો આભાર માની પોતાને સ્થાનકે ગઈ.

આવી રીતે આ લુચ્ચા કુમારનું મન મેં પણ જાણ્યું નહિ. હવે જ્યારે તે મારે ઘેર આવશે ત્યારે તેને હું ઘરમાં પણ પ્રવેશ કરવા દઈશ નહિ.

આમ વિચારીને માળણે તે પોટલી પોતાના ઘરની પાછળના વાડામાં રોષથી ફેંકી દીધી. એવામાં માળણની પાસે તેની પાડોશણ આવી તેની પાસે માળણે કુમારની ધૂર્તતા વિશે કહ્યું. ખરે, સ્ત્રીના હૃદયમાં કોઈ વાત રહેતી નથી. તેઓ વાત કરતી હતી તેવામાં રૂપસેન કુમાર નગરમાંથી પાછો આવ્યો. માળણે તેને જોયો કે તરત જ તે તેની સાથે ઝઘડો કરવા મંડી. કુમારે કહ્યુ: હે બહેન! તું નિરર્થક વિવાદ શા માટે કરે છે? કહ્યું છે કે,

**वैरवैश्वानरव्याधि–वादव्यसनलक्षणाः ॥**
**महानर्थाय जायंते । वकाराः पंच वर्जिताः ॥७२॥**

અર્થાત્—વૈર, વૈશ્વાનર (અગ્નિ), વ્યાધિ, વાદવિવાદ અને વ્યસન એ પાંચ 'વ'કાર મોટા અનર્થને ઊપજાવનારા છે, માટે તે પાંચે 'વ'થી શરુ થતાં કાર્યો તજવાં જોઇએ. (૭૨). તેથી હું તારી સાથે વાદવિવાદ કરીશ નહિ; પરંતુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મને કહે કે તારો મારા ઉપર અત્યાર સુધી અથાગ સ્નેહ હતો તે ક્યાં ગયો? કહ્યું છે કે,

पतंगरंगवत्प्रीतिः । पामराणां क्षणं भवेत् ॥
चोलमंजिष्ठवद्येषां । धन्यास्ते जगतीतले ॥७३॥

અર્થાત્—પામર મનુષ્યોનો પ્રેમ પતંગના રંગ જેવો ક્ષણજીવી હોય છે. જગતમાં કપડું ને મજીઠના જેવી જેની પ્રીતિ (રંગ) હોય છે તેઓને પૃથ્વી ઉપર ધન્ય છે. (૭૩). સ્ત્રીઓની સાથે જે સ્નેહ કરે છે તેઓ મૂર્ખ હોય છે.

કુમારનાં આવાં વચન સાંભળી માળણે જવાબ આપ્યોઃ અરે, ભોળપણથી અત્યારસુધી મેં તારી લુચ્ચાઈ ન જાણી. તારા જેવા ધૂર્ત પુરુષ સાથે જે સ્નેહ કરે છે તેઓ મૂર્ખાઓ છે. કારણ કે,

अभ्रच्छाया तृणादग्निः । खले प्रीतिः स्थले जलं ॥
वेश्यारागः कुमित्रं च । षडेते क्षुधितोपमाः ॥७४॥

અર્થાત્—વાદળાંની છાયા, તણખલાથી ઉત્પન્ન થયેલો અગ્નિ, લુચ્ચાઓમાં પ્રીતિ, રસ્તા ઉપરનું પાણી, વેશ્યાનો પ્રેમ અને કુમિત્ર એ છએ વસ્તુ ભૂખ્યા માણસના જેવી છે. (ભૂખ્યાનો જેમ ભરોસો ન હોય તેમ આ છએનો ભરોસો ન હોય). (૭૪)

આ સાંભળીને કુમાર બોલ્યોઃ હે માળણ, હું ધૂર્ત છું એમ તેં શા ઉપરથી જાણ્યું?

मुखं पद्मदलाकारं । वाचश्चंदनशीतलाः ॥
हृदयं कर्तरीतुल्यं । त्रिविधं धूर्तलक्षणं ॥७५॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

અર્થાત્—મુખ પદ્મ-કમળ જેવું પ્રફુલ્લિત હસતું હોય છે ને વાણી ચંદન જેવી શીતળ હોય છે, પણ હૃદય કાતર જેવું હોય છે, તે ત્રણ ધૂર્તનાં લક્ષણ છે. (૭૫). અને મેં તને ક્યારે છેતરી?

માળણે તરત જ જવાબ આપ્યો: હે ધૂર્ત! તારી જાણવાની ઇચ્છા છે તો સાંભળ. મેં થોડા વખત ઉપર તારી પોટલી છોડી તેમાંથી યોગીને લાયક વસ્તુઓ જોવાથી મને તારું સ્વરૂપ સમજાયું. લુચ્ચાઓ આવા જ હોય છે. તું તારા રહેઠાણ માટે બીજું સ્થળ શોધી લે. હવે પછી તું મારે ઘેર આવીશ નહિ.

માળણનાં આ વચન સાંભળી સ્મિત કરીને કુમાર બોલ્યો: અરે માળણ, તું ખરે ભોળી જ છે. કોઇ દુર્જનના કહેવાથી તું ભરમાઇ છે. તેથી જ,

कल्पवृक्षं करीरोयं । ज्ञात्वेति मां विमुंचसि ॥
राजहंसे स काकोऽयं । कुबुद्धिः कथमीदृशी ॥७६॥

અર્થાત્—મને કલ્પવૃક્ષને કેરડો જાણીને તું છોડી દે છે. આવી રીતે રાજહંસને કાગડો કહેવાની તારી કુબુદ્ધિ શાથી થઇ? (૭૬). ખેર, મારે તો રહેવાનાં અનેક સ્થળો છે. કહ્યું છે કે,

अयं निजः परो वेत्ति । गणना लघुचेतसां ॥
उदारचरितानां तु । वसुधैव कुटुंबकं ॥७७॥

અર્થાત્—આ મારો ને આ પારકો એવી ગણતરી તો ક્ષુદ્ર મનવાળાઓની જ હોય છે. વિશાળ દૃષ્ટિવાળાને

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

તો આખી પૃથ્વી જ કુટુંબ છે. (૭૭). બહેન, હવે ગમે હોય પણ મારી પોટલી તું મને પાછી આપ.

માળણ બોલી ઊઠી: અરે લુચ્ચા! મેં તે વસ્તુઓ તો મારા વાડામાં ફેંકી દીધી છે.

કુમાર દુ:ખથી બોલી ઊઠયો: અરે ભોળી, મારા જીવન જેટલી વહાલી તે વસ્તુઓ તેં વાડામાં શા માટે ફેંકી દીધી? મેં તારો શો અપરાધ કીધો છે? આમ કુમારે કાલાવાલા કર્યા તેથી તેણે વાડામાંથી તે વસ્તુઓ લાવીને તેને આપી; ત્યારે કુમારે કહ્યું: આ ગોદડી વગેરે વસ્તુનો મહિમા હવે તું જો. તેં તો એ રત્નોને કાંકરા જાણીને ફેંકી દીધા હતા. ઇચ્છિત વસ્તુ આપનાર પાત્રને તેં માટીનો ઘડો જાણ્યો. પ્રવાલને ચણોઠી માની ફેંકી દીધા. આ વસ્તુનો પ્રભાવ બહુ મોટો છે.

આથી વિસ્મય પામીને માળણે કહ્યું: તો તે પ્રભાવ તું મને બતાવ.

પછી કુમારે મંત્રપૂર્વક જ્યારે તે ગોદડી વિસ્તારી ત્યારે તેમાંથી પાંચ સો સોનામહોરો નીચે પડી! પછી તેણે માળણને કહ્યું: હે બહેન, આ ધન તું લે; કારણ કે હું આટલા બધા દિવસો તારે ત્યાં રહ્યો હતો.

આશ્ચર્યથી ચકિત થયેલી માળણે તે ધન લીધું. પડોશણે આ બધું જોઇને કુમારને કહ્યું: હે સત્પુરુષ! તમે મારે ઘેર પધારો ને સુખેથી લાંબા સમય સુધી રહો. જ્યારે બહુ ભાગ્ય હોય ત્યારે જ તમારા જેવા અતિથિ ઘેર આવે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

પશ્ચાત્તાપ થવાથી માળણે પડોશણને કહ્યું: અરે, આ કુમાર તો મારે ઘેર જ રહેશે. હું જ એને વનમાંથી મારે ઘેર લાવી છું. તું કંકાસ કરવા માટે આવું બોલે છે? હે કુમાર, હવે તમારું ઘર માનીને અહીં રહો.

આમ તે બન્ને વચ્ચે કલહ થયો, પણ કુમારે તેમને શાંત પાડયાં ને માળણને કહ્યું: હે માળણ ! તેં હમણાં જ મને તારા ઘરમાં રહેવાની ના પાડી તો હવે આ પડોશણ જોડે વ્યર્થ કંકાસ કેમ કરે છે? ધન જ આનું કારણ જણાય છે. આ તો પેલી રામ–વસિષ્ઠની વાત જેવું થયું. વનવાસ જતી વખતે રામલક્ષ્મણ વસિષ્ઠને વંદન કરવા તેમના આશ્રમે ગયા ત્યારે તેમને નિર્ધન જાણીને હું હમણાં ધ્યાનમાં છું એમ પોતાના શિષ્યના મોઢે કહેવડાવ્યું, એટલે બન્ને તેને વંદન કર્યા સિવાય વનમાં ગયા. પછી જ્યારે રાવણને હરાવ્યા બાદ નોકર ચાકરો ને ઋદ્ધિસિદ્ધિ સાથે તેઓ અયોધ્યા પાછા ફરતા હતા ત્યારે વસિષ્ઠનો આશ્રમ રસ્તામાં આવતાં તેમના વંદનાર્થે તેઓ ગયા. આ વખતે વસિષ્ઠે પણ તેમની સામા જઇને બહુ આદર સત્કાર કર્યો. રામથી સહસા પૂછી જવાયું:

**स एवाहं स एव त्वं । स एवायं त्वदाश्रमः ॥**
**गमनावसरे नाभू–दधुना तु किमादरः ॥७८॥**

અર્થાત્—હું એ જ રામ છું ને તમે તે જ વસિષ્ઠ છો, આ આશ્રમ પણ તે જ છે; વનમાં જતી વખતે મને કાંઈ આદર મળ્યો ન હતો, અત્યારે આટલા આદર સત્કારનું શું કારણ? (૭૮). વસિષ્ઠે જવાબ આપ્યો:

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

स एवाहं स एव त्वं । स एवायं मदाश्रमः ॥
तदा त्वं निर्धनो रामः । सांप्रतं तु धनेश्वरः ॥७९॥

અર્થાત્—મારામાં ને તારામાં કાંઈ ફેરફાર થયો નથી. આશ્રમ પણ તેનો તે જ છે. પહેલાં તું નિર્ધન હતો, અત્યારે તું ધનવાન છે. (૭૯). તેથી,

धनमर्जय काकुस्थ । धनमूलमिदं जगत् ॥
अंतरं नैव पश्यामि । निर्धनस्य मृतस्य च ॥८०॥

અર્થાત્—હે રામ, ધન મેળવ; ધન જ આ જગતનો આધાર છે. નિર્ધનમાં અને મરેલામાં મને કાંઈ ફેર લાગતો નથી. (૮૦). હે માળણ, તું પણ તેવી જ છે. જ્યાં સ્વમાન ઘવાય ત્યાં મારે ક્ષણવાર પણ રહેવું યોગ્ય નથી.

એમ કહીને પોતાની વસ્તુઓ લઈ રૂપસેન કુમાર જેવો ઊભો થાય છે તેવામાં આગ્રહથી માળણે તેના હાથમાંથી ગોદડી પાત્ર વગેરેની ગાંસડી લઈને પોતાના ઘરમાં મૂકી, અને કુમારની ક્ષમા યાચી. રૂપસેને જાણ્યું કે એ બધો દાનનો મહિમા હતો. કહ્યું છે કે,

याचके कीर्तिपोषाय । स्नेहपोषाय बंधुषु ॥
सुपात्रे पुण्यपोषाय । दानं क्वापि न निष्फलं ॥८१॥

અર્થાત્—ભિક્ષુકને પોતાની કીર્તિ પોષવા માટે, સગાંવહાલાંને સ્નેહ વધે તે માટે, સુપાત્રને પુણ્ય મેળવવા માટે દાન અપાય છે; દાન કોઇ વખત નિષ્ફળ જતું નથી. (૮૧).

કુમારે તેને ઘેર રહેવાનું કબૂલ્યું ત્યારે હર્ષ પામીને

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

માળણે કહ્યું: હે કુમાર! હવે તું મારો ભાઇ છે, તેનો સાક્ષી પરમેશ્વર છે.

હવે કુમાર સુખેથી તે ઘરમાં દિવસો નિર્ગમન કરતો હતો. એક વખત તેણે બાકીની ત્રણ વસ્તુઓનો પ્રભાવ પણ માળણને કહ્યો. શાસ્ત્રમાં મના કર્યા છતાં તેણે ગુપ્ત વાત સ્ત્રીની આગળ કહી. કહ્યું છે કે,

स्त्रीणां गुह्यं न वक्तव्यं। प्राणैः कंठगतैरपि ॥
नीतो हि पक्षिराजेन। पद्मरागो यथा फणी ॥८२॥

અર્થાત્—કંઠે પ્રાણ આવી ગયા હોય તે ઘડીએ પણ સ્ત્રીને ગુપ્ત વાત કહેવી ન જોઇએ. પદ્મરાગમણિવાળા સર્પને ગરુડ ઉઠાવી ગયો હતો. (૮૨)

પરંતુ નસીબયોગે આનું કડવું પરિણામ રૂપસેન કુમારને ભોગવવું ન પડયું. બન્ને ભાઈ બહેન વચ્ચે દિવસે દિવસે ગાઢ પ્રેમ થતો ગયો. એક દિવસ પોતાના મકાનની અગાશી ઉપરથી તે બન્ને શહેર જોતાં હતાં, ત્યારે થોડે દૂર કુમારે એક સાત માળનો મહેલ જોયો, ને માળણને પૂછયું: બહેન, આ મહેલ કોનો છે? માળણે જવાબ આપ્યો: આ કનકપુર પાટણ નામનું નગર છે. અહીં કનકભ્રમ નામનો રાજા રાજ્ય કરે છે. તેને કનકમાલા નામની પટરાણી છે. તેમને કનકવતી નામની એકની એક પુત્રી છે. આ કનકવતી વિદુષી અને સર્વગુણસંપન્ન સાક્ષાત્ સરસ્વતી છે. સ્ત્રીનાં સર્વોત્તમ લક્ષણો તેનામાં જોવામાં આવે છે. તે ચોસઠ કલામાં નિપુણ છે. હું ફૂલો લઇને તેને આપવાને રોજ તેને મહેલે જઉં છું. તેના

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહેલને ત્રણુ સો ને સાઠ બારણાં છે, અને તેમાં ચોર્યાશી ગોખ છે. આખા વર્ષ દરમ્યાન તે દરરોજ એક્કેક બારણું ઉઘાડે છે ને તેમાંથી આખા શહેરને નિહાળે છે. રાજાની આજ્ઞા સિવાય તે બહાર નીકળતી નથી.

કુમારે પૂછ્યું: હે બહેન, આપણા ઘરની બાજૂનું મહેલનું બારણું ક્યારે ઊઘડશે?

માળણે જવાબ આપ્યો: તે હું બરાબર જાણુતી નથી.

આમ તેઓ વાત કરતાં હતાં તેવામાં કનકવતીએ તેમના ઘરની બાજુનું બારણું ઉઘાડયું, તેથી કુમાર હર્ષ પામ્યો. ખરે, ઉત્તમ પુરુષોના મનોરથો ઇચ્છતાંવેંત જ સિદ્ધ થાય છે. માટે,

रे चित्त खेदमुपयासि मुधा किमत्र ।
रम्येषु वस्तुषु मनोहरतां गतेषु ॥
पुण्यं कुरुष्व यदि तेषु तवास्ति वांछा ।
पुण्यैर्विना न हि भवंति समीहितार्थाः ॥८३॥

અર્થાત્—હે ચિત્ત, જ્યારે મનોહરતાને પામેલી સુંદર વસ્તુઓ તારી સમક્ષ આવી પડે છે, ત્યારે વ્યર્થ ખેદ કેમ કરે છે? જો તેની ઇચ્છા હોય તો પુણ્ય કર, પુણ્ય વિના ધારેલાં કાર્યો સિદ્ધ થતાં નથી. (૮૩)

હવે શુભ કર્મના ઉદયથી તે કુમારીની દૃષ્ટિ કુમાર ઉપર પડી. તેથી કુમારને હર્ષ થયો. તેનું અનુપમ રૂપ નિરખીને કુમાર વિસ્મિત થયો. બન્નેનાં નેત્રો મળતાં પરસ્પર આકર્ષણ થયું ને તેમાંથી સ્નેહ ઉત્પન્ન થયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

હવે કનકવતી મનમાં વિચારવા લાગી: મારા પિતા મારા માટે કેટલાય વખતથી વરની શોધ કરે છે પણ યોગ્ય પતિ મળતો નથી. જો દૈવયોગે આ મહાપુરુષ મારો પતિ થાય તો મારો જન્મ સફળ થાય. મારું મન તેણે અત્યારથી જ હરી લીધું છે. હવે તો આ જન્મમાં તે મારો પતિ હો, નહિતો મરણ એ જ મારું શરણ છે. હું મારી આ અભિલાષા કોને કહું? કહ્યું છે કે:

सो कोवि नत्थि सुजणो । जस्स कहिज्जंति हिअयदुक्खाइं ।
हियए उब्भंति उक्कंठे । पुणो वि हियए विलिज्जंति ॥८४॥

અર્થાત્—અહીં કોઈ સ્વજન નથી કે જેની સમક્ષ હૃદયનાં દુઃખ કહી શકાય. હૃદયની વાતો આતુર મનડામાં ખડી થાય છે ને ત્યાં જ—એ મનડામાં વિલીન થઈ જાય છે. (૮૪)

પૂર્વ ભવના સંબંધથી કુમારના મનમાં પણ તેવી જ ઇચ્છા ઉત્પન્ન થઈ. કહ્યું છે કે,

दृष्टाश्चित्रेऽपि चेतांसि । हरंति हरिणीदृशः ॥
किं पुनस्ताः स्मितस्मेर-विभ्रमभ्रमितेक्षणाः ॥८५॥

અર્થાત્—હરિણાક્ષીને ચિત્રમાં જોઈ હોય તોપણ તે મન હરણ કરે છે. તો પ્રત્યક્ષ સસ્મિત નયનવાળી સ્ત્રીને નિરખી હોય તો મન ત્યાંથી કેવી રીતે પાછું ફરે? (૮૫). અહો, તેનાં નયનોમાં કેટલું ચાતુર્ય જણાય છે!

विदग्धवनितायाश्च । संगमेनापि यत्सुखं ॥
क्व तत्प्राकृतनारीणां । गाढालिंगनचुंबनैः ॥८६॥

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

અર્થાત્—ચતુર વનિતાના માત્ર મેળાપથી જે સુખ મળે છે તે સામાન્ય નારીઓનાં ગાઢ આલિંગન અને ચુંબનોથી એ કયાં મળવાનું હતું? (૮૬)

આમ તેઓ દૂરથી પરસ્પર એક બીજાને જોતાં સૂર્ય ને કમળની માફક સ્નેહ થયો અને અવનવા રસનો અનુભવ થયો. કહ્યું છે કે,

दूरस्थोऽपि न दूरस्थो । यो वै मनसि वर्तते ॥
हृदयादपि निष्क्रांतः । समीपस्थोऽपि दूरगः ॥८७॥

અર્થાત્—જેમનાં મન મળેલાં હોય છે તે દૂર હોય છે તોપણ દૂર નથી, નજીક જ હોય તેમ લાગે છે. પણ હૃદયમાંથી નીકળી ગયેલ હોય તે નજીક હોવા છતાંય દૂર લાગે છે. (૮૭)

કુમારે વિચાર કર્યો જો આ કન્યાની સાથે મારું લગ્ન થાય તો મારા અહોભાગ્ય, પણ આ બધું પૂર્વે કરેલા પુણ્ય અને જૈન ધર્મમાં મારી શ્રદ્ધાના બળે થશે. કેમકે,

जिनधर्मं विना नृणां । न स्युर्वांछित सिद्धयः ॥
सूर्यं विना न कोऽपि स्या–द्राजीवानां विकासकः ॥८८॥

અર્થાત્—જેવી રીતે સૂર્ય વિના કમળનો વિકાસ થતો નથી, તેવી રીતે જૈન ધર્મ વિના માણસોની ઇચ્છાઓ ફળીભૂત થતી નથી. (૮૮)

કનકવતી પણ પોતાના મનમાં વિચારવા લાગી કે જો આ પરદેશી પાસે કોઇ પણ વિદ્યા હશે તો તે કોઈ પણ ઉપાયે મારી પાસે આવશે. આમ વિચાર કરતી તે ચક્રવાકીની

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

માફક તેનું ધ્યાન ધરતી બેઠી. રૂપસેન કુમારે તે દિવસ ગાળ્યો. જેવી રાત પડી ને લોકોનો અવરજવર ઓછો થયો કે તરત જ પાદુકા ઉપર ચઢીને કનકવતીના મહેલે આવ્યો; ત્યારે દેવકુમાર જેવા કુંવરને ત્યાં આવેલો જોઇને કુંવરી આશ્ચર્યચકિત થઈ ઊઠી. કહ્યું છે કે,

**संभ्रमः स्नेहमाख्याति । देशमाख्याति भाषितं ॥**
**आचारः कुलमाख्याति । वपुराख्याति भोजनं ॥८९॥**

અર્થાત્—સંભ્રમ થવો તે સ્નેહનું લક્ષણ છે, વાણી ઉપરથી દેશ પરખાય છે, આચાર ઉપરથી કુળની પરીક્ષા કરાય છે ને શરીર ઉપરથી ભોજનનું અનુમાન કરાય છે. (૮૯)

કુમારના દર્શનમાત્રથી કુંવરીનું મન પ્રફુલ્લિત થયું. પછી તેને યોગ્ય સન્માન આપીને આગતા સ્વાગતા કરી પૂછ્યું: સ્વામી, તમે કેવી રીતે અહીં આવ્યા? કેવી બુદ્ધિ વાપરી? મારા મહેલની આજુબાજુ મારા રક્ષણ માટે મારા પિતાએ શસ્ત્રસજ્જ સાત સો પહેરેગીરો મૂકયા છે. આથી દરવાજાના રસ્તે અહીં આવવું કોઇ પણ મનુષ્યને માટે અશકય છે.

કુમારે જવાબ આપ્યો: હે કામિની! હું દેવની માફક મારી વિદ્યાના બળે ગમે તે જગ્યાએ જઈ શકું છું.

આ ઉપરથી કુંવરીએ વિચાર્યું: આ કોઈ સર્વ કળાને જાણનાર પુરુષ છે. જો તે મારો પતિ થાય તો મારું પુણ્ય ફળે. એમ સ્વગત વિચારી કુમારને કહ્યું: હે સત્પુરુષ! તમે મારું પાણિગ્રહણ કરો.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુમારે જવાબ આપ્યો: હે સુંદરી ! તું એક વિલાસિની રાજકુંવરી છે, ને હું અજાણ્યો પરદેશી છું. આપણો સંબંધ કેવી રીતે થઈ શકે? પરંતુ મનમાં ધારેલ વાતની કસોટી કરવામાં આવે ને પછી સ્નેહસંબંધ બાંધવામાં આવે તો તે સુખકર થાય. કહ્યું છે કે,

कज्जेण विणा नेहो । अत्थविहूणाण गोरवं लोए ॥
पडिवन्ने निव्वहणं । कुणंति जे ते जए विरला ॥९०॥

અર્થાત્—કામ પડ્યા વિના સ્નેહને અને અર્થ વિનાના ગૌરવને લોકમાં પારખી શકાતાં નથી. જગતમાં વિરલ પુરુષો જ મનમાં ધારેલી વાતની કસોટી કરી શકે છે. (૯૦)

કનકવતીએ કહ્યું: હે સ્વામિન્ ! હવે તો તમે જ મારું શરણ છો.

उक्तेन वहुना किं वा । किं कृतैः शपथैर्घनैः ॥
वदामि सत्यमेवैत—त्त्वमेव मम मानसे ॥९१॥

અર્થાત્—બહુ બોલવાથી કે બહુ સોગંદો લેવાથી શો ફાયદો? હું સત્ય જ કહું છું કે તમે જ મારા મનના સ્વામી છો. (૯૧)

આમ કુંવરીનો દૃઢ નિશ્ચય જાણીને કુમારે તેની ઇચ્છા કબૂલ કરી. તેણે ચાર લોટા લાવીને ચોરી કરી દીવાની સાક્ષીએ તેનું પાણિગ્રહણ કર્યું. થોડી વાર સુધી વાર્તાવિનોદ કરી માળણને ઘેર તે પાછો ફર્યો. હવે તો તે દરરોજ અચૂક કુંવરીને મહેલે જતો. વાર્તાવિનોદથી તે બન્નેનો સમય સુખે વ્યતીત થતો. કહ્યું છે કે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

गीतशास्त्रविनोदेन । कालो गच्छति धीमतां ॥
व्यसनेन हि मूर्खाणां । निद्रया कलहेन वा ॥९२॥

અર્થાત્—બુદ્ધિમાનોનો વખત સંગીતમાં ને શાસ્ત્રવિનોદમાં જાય છે, ને મૂર્ખાઓનો સમય વ્યસન, નિદ્રા અને કલહમાં વ્યતીત થાય છે. (૯૨)

એક દિવસ તેની ધર્મપરીક્ષા કરવા કુમાર બોલ્યો:

अठ मुह नयण सोलस । पनरस जीहाओ चलण जुअलं च ॥
दुन्नि जीय दुन्नि करयल । नमामि हं एरिसं देवं ॥९३॥

અર્થાત્—જેમને આઠ મુખ, સોળ નેત્ર, પંદર જીભ, બે ચરણ, બે જીવાત્મા અને બે હથેળી છે તેવા દેવને હું નમસ્કાર કરું છું. (૯૩)

કુમારીએ જવાબ આપ્યો: શ્રી પાર્શ્વનાથ.

હવે કુંવરીએ પૂછ્યું:

उप्पन्नविमलनाणं । लोयालोयप्पयासदक्खो त्रि ॥
जं केवली न पासइ । तं दिट्ठं अज्ज राइए ॥९४॥

અર્થાત્—લોક અને અલોકને જોઈ વળવાની શક્તિ ધરાવનાર, અને જેમને વિમળ જ્ઞાન ઉત્પન્ન થયેલું છે તેવા કેવળી જેને જોઈ નથી શકતા, તેને આજ રાત્રે મેં જોયું. (૯૪)

કુમારે જવાબ આપ્યો: સ્વપ્ન; અને પૂછ્યું:

का चीवराण पवरा । मरुदेसे किं च दुल्लहं होइ ॥
किं पवणाओ चवलं । दिवसकयं किं हरइ पावं ॥९५॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અર્થાત્—ચીવર (ચીર)માં શું શ્રેષ્ઠ છે; મરુદેશમાં શું દુર્લભ છે; પવનથીયે શું વિશેષ ચપલ છે; અને દિવસે કરેલું પાપ કોણ હરે છે? (૯૫)

કુંવરીએ જવાબ આપ્યો: પડિક્કમણુ.

આમ સમસ્યાઓ, શકુનો, સ્વપ્નના અર્થો ને જ્યોતિષ વિશે વાર્તાલાપ કરતાં તેઓ પોતાના દિવસો ગાળતાં હતાં. કહ્યું છે કે,

**कलाभ्यासैर्गुणोल्लासै-रेनोनाशैः कथारसैः ॥**
**मिथोहासैर्दिनानीह । यांति भाग्यवतां सदा ॥९६॥**

અર્થાત્—ભાગ્યશાળીઓના દિવસો કલાના અભ્યાસમાં, ગુણોનો વિકાસ કરવામાં, પાપનો નાશ કરવામાં, કથાના રસમાં, ને નિર્દોષ હાસ્યવિનોદમાં વ્યતીત થાય છે. (૯૬)

આ પ્રમાણે કરતાં કેટલોક સમય વ્યતીત થયો. કુંવરીના શરીરમાં ફેરફાર થયેલો જોઈને દાસીઓ ભયભીત થઇ અને પટરાણીને તે વાત જાહેર કરી. રાણીએ તે બાબત પૂછતાં તેઓએ તે વિશે પોતાનું સંપૂર્ણ અજ્ઞાન જણાવ્યું અને ઉમેર્યું: કુંવરીને યૌવનાન્વિત જોઇને અમે અનુમાન કરીએ છીએ કે કોઇ વિદ્યાધર રાત્રે અદૃશ્ય રીતે કુંવરીની પાસે આવે છે. અમે અમારી ફરજ બજાવી છે ને આપને સર્વ વૃત્તાન્ત નિવેદિત કર્યું છે. હવે અમારો કાંઇ દોષ કાઢશો નહિ.

આ વાત સાંભળીને રાણી બહુ ખિન્ન થઈ અને રાજાને તે સર્વ વાત જાહેર કરી. રાજા પણ વિસ્મય પામ્યો ને તે

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

-વિષયમાં મંત્રીઓની સલાહ લીધી. તેઓએ કહ્યું: હે મહારાજ, ત્યાં સાત સો રક્ષણ કરનારાઓ છે છતાં કોઈ મનુષ્ય આવે છે તો તેનું સાહસ મોટું હોવું જોઈએ; અને આ વાતમાં કાંઈ કપટ હોય તે પણ શક્ય છે. કારણ કે,

**भेदेन दुर्गा गृह्यंते। भेदाद्राज्यं विनश्यति।**
**भेदाद् गृहे कलिर्भेदाद्। द्रव्यं चौरा हरंति च ॥९७॥**

અર્થાત્—ભેદ (ગાબડું) પાડવાથી કિલ્લાઓને કબજે કરી શકાય છે; ભેદ (ભાગલા) પાડવાથી રાજ્યનો નાશ કરી શકાય છે, ભેદ (કુસંપ)થી ઘરમાં કલહ ઉપજે છે, અને ભેદ (છીંડું) પાડીને ચોરો દ્રવ્ય ચોરી જાય છે. (૯૭)

આ ઉપરથી ક્રોધાયમાન થઈને રાજાએ તે સાત સો પહેરેગીરોને પોતાની સમક્ષ બોલાવ્યા. એક પછી એક દરેકને પૂછતાં તેઓએ પોતાનું અજ્ઞાન જાહેર કર્યું. આથી કોપ કરીને રાજા બોલ્યો: હે દુષ્ટો, તમે મહેલનું રક્ષણ કરો છો છતાં તે વાત જાણતા નથી? શું તમને જીવતર વહાલું નથી? કે મારો પણ ભય તમને લાગતો નથી? હું તમને સર્વને શિક્ષા કરીશ. આમ કહીને રાજાએ સેનાપતિને બોલાવી તે સર્વને તુરંગમાં પૂરવાનો હુકમ કર્યો ને કહ્યું: જ્યારે કુમારીના મહેલમાં પ્રવેશ કરનારને તમે બતાવશો ત્યારે જ તમને છોડીશ. તુરંગ તરફ લઈ જતાં સેનાપતિએ પણ તેમને ઘણા પ્રશ્નો પૂછયા છતાં તેઓએ ભયથી કંપતાં રાજાને જવાબ આપ્યો હતો તેવો જ જવાબ આપ્યો.

પહેરેગીરો પાસેથી તે બાબત કાંઇ પણ જાણવામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

નહિ આવવાથી છેવટે રાજાએ તેમના વધનો હુકમ આપ્યો. સેનાપતિ તેમને ચૌટામાં શૂળી ઉપર ચડાવવાને લઈ ગયો. ત્યારે ઘણા લોકો એકઠા થયા, ને આખા નગરમાં હાહાકાર થઇ રહ્યો. લોકો કહેવા લાગ્યાઃ અરે, આ નગરમાં એવો કોઇ નથી કે જે આ લોકોને મરણમાંથી ઉગારે ? તે નગરમાં વેશ્યાનાં સાત સો ઘર હતાં. તે વેશ્યાઓએ મળીને રાજાને વિનંતિ કરીઃ હે સ્વામી! કોઇ લુચ્ચા માણસે આ અન્યાય કર્યો છે, અને આ નિર્દોષ પહેરેગીરોને સજા થાય છે; પાપ કરેલું છે કોઇએ ને સજા થાય છે બિનગુનેગારોને. કહ્યું છે કે,

दुष्टाश्रयाददुष्टेऽपि । दंड: पतति दारुण: ॥
मत्कुणानामधिष्ठानात् । खट्वा दंडेन ताड्यते ॥९८॥

અર્થાત્—દુષ્ટના સંસર્ગથી સારા માણસને ભયંકર શિક્ષા સહન કરવી પડે છે. ખાટલામાં માંકડ પડ્યા હોય તો ખાટલાને લાકડીથી મારવામાં આવે છે. (૯૮)

રાજાએ કહ્યુંઃ તમે કહો છો તેવું બનતું નથી. જેણે પાપ કર્યું હોય તેને જ શિક્ષા થાય છે. કારણ કે,

यो यत्कर्म करोत्यत्र । तत्तद् भुंक्ते स एव हि ॥
न ह्यन्येन विषे भुंक्ते । मृत्युरन्यस्य जायते ॥९९॥

અર્થાત્—જે જે કામ કરે છે તેનું ફળ તેને ભોગવવું પડે છે, ઝેર એક માણસ ખાય ને મૃત્યુ બીજાનું થાય તેવું કાંઇ બનતું નથી. (૯૯)

છેવટે વેશ્યાઓએ કહ્યુંઃ મહારાજ, આપ કહો છો

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

તે સત્ય હશે; પરંતુ અમે એક મહિનામાં તે દુષ્ટ કર્મ કરનારને શોધીને આપની સમક્ષ ખડો કરીશું. જો તેમ ન બને તો અમારું સર્વસ્વ લઇને અમને તથા તે પહેરેગીરોને શૂળીએ ચડાવજો. માટે તેમને એક મહિના સુધી અભયદાન આપો.

રાજાએ તેમની વિનંતિ માન્ય કરી એટલે લોકો પણ હર્ષ પામ્યા. અને તેમણે વેશ્યાઓનો જયજયકાર ગજાવ્યો. વેશ્યાઓની તે પ્રતિજ્ઞા પણ લોકોમાં પ્રસિદ્ધ થઈ.

તે વેશ્યાઓમાં જે મુખ્ય હતી તેણે સિંદુર લાવીને રાજકુંવરીના પલંગની ચારે બાજુ વેર્યો. કુંવરીની દાસીઓ પણ હવે વધારે સાવધાન થઇને રાત્રે બરાબર ચોકી કરવા લાગી. રાત પડી એટલે કુંવર પોતાના નિયમ અનુસાર આકાશને રસ્તે ત્યાં આવ્યો. કુંવરીએ તેને કહ્યું: હે સ્વામી ! રાજસભામાં વેશ્યાઓએ મળીને આપને પકડવાની પ્રતિજ્ઞા કરી છે. તે સાંભળીને કુંવરે જવાબ આપ્યો: પ્રિયા ! તે બાબતમાં તું મનમાં કાંઇ પણ ભય રાખીશ નહિ. રાજકુંવરી ફરીથી બોલી: તેઓએ મારા પલંગની ચારે બાજુ કપટથી સિંદુર વેરેલું છે, માટે હવે શું થશે તે હું કહી શકતી નથી. મારી બુદ્ધિ મુંઝાઈ ગઇ છે. વિચાર કરીને આનો ઉપાય કરશો. કુંવર કેટલોક વખત ત્યાં રહ્યા પછી માળણને ઘેર જઇને સિંદુરથી ખરડાયેલાં વસ્ત્રો તજીને સ્નાન કરીને નવાં વસ્ત્રો પહેરી ચૌટામાં આવ્યો ને લોકોની વાતો સાંભળવા લાગ્યો.

બીજે દિવસે કુંવરીના મહેલમાં મુખ્ય વેશ્યાએ આવીને સિંદુર વચ્ચે પુરુષનાં પગલાં પડેલા જોયાં. તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પગલાં ઓળખવાને તે આખા નગરમાં ભમી પણ કોઈ તેવો માણુસ જડયો નહિ. કુમાર પણ દરરોજ કુંવરીના મહેલમાં આવતો અને તે પ્રમાણે કરતો. આમ કરતાં ઓગણુત્રીસ દિવસો પસાર થયા. આથી સર્વ વેશ્યાઓ ચિંતાતુર થઈને વિમાસવા લાગી. ખરે, આપણી દશા પેલા રીંછને પકડનાર પુરુષના જેવી થઇ. એક વખત રાજગૃહનો રહેવાસી એક માણુસ ધન સાથે લઈને વ્યવસાય કરવા બીજે ગામ જતો હતો. વનમાં જતાં વચ્ચે તેને એક રીંછ મળ્યો. તેને મારવાને જ્યારે તે રીંછ તેની પાછળ પડયો ત્યારે તે માણુસે તે રીંછના કાન પકડયા. જ્યારે જ્યારે તે રીંછ તેને મારવા આવતો ત્યારે તે તેના કાન આમળતો. આમ કરતાં તેની કેડમાંની વાંસળી તૂટી ને તેમાંથી કેટલીક સોનામહોરો નીચે પડી. જ્યારે જ્યારે તે કાન આમળતો ત્યારે સોનામહોરો નીચે પડતી. એ વખતે બાજુના રસ્તેથી જતા કોઇ બીજા મુસાફરે આ પ્રસંગ જોયો અને પૂછ્યું: હે ભાઈ, તમે આમ કેમ કરો છો? આ સાંભળી તેણે યુક્તિ વાપરીને જવાબ આપ્યો: આ રીંછના કાન સજ્જડ આમળીએ છીએ તો તેમાંથી સોનામહોરો પડે છે! આ સાંભળી લોભપૂર્વક તેણે તેને કહ્યું: હે મહાપુરુષ, તો તે રીંછ મને આપો જેથી કરીને હું પણ કેટલીક સોના-મહોરો મેળવું. તેણે જવાબ આપ્યો: આવો ધન આપનાર રીંછ હું તને કેવી રીતે આપું? તેણે વિનંતિ કરતાં કહ્યું: તમેં કૃપાવાન છો માટે મારા ઉપર મહેરબાની દાખવી મને તે રીંછ આપો. આમ તેણે વિનંતિ કરી એટલે તેણે પોતાના હાથમાંથી પેલાના હાથમાં તે રીંછના

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
P.P. Ac. Gunratnasuri M.S.
Jinshasan Aradhak Trust

કાન આપ્યા. પેલો માણસ જમીન ઉપર પડેલી પોતાની સોનામહોરો લઇને ચાલ્યો ગયો. પાછળથી પેલા બીજા માણસે સોનામહોરો મેળવવાની ઇચ્છાથી તે રીંછના કાન આમળ્યા. દૂર ગયા પછી આગલા માણસે પૂછ્યુંઃ હે મિત્ર, તમને કાંઈ સોનામહોરો મળી ? તેણે જવાબ આપ્યોઃ મિત્ર, આ રીંછ તો મને મારી નાખવા ઈચ્છે છે. આથી પેલાએ કહ્યુંઃ તો તું તેને મૂકીને જતો રહે. એમ કહીને વેગથી તે દૂર નાસી ગયો. હવે પેલો બીજો માણસ રીંછને મૂકી શકતો ન હતો કે પકડી રાખી પણ શકતો નહોતો. આમ લોભને વશ થઈને તેણે પારકાનું દુઃખ પોતાના ઉપર લઈ લીધું. વેશ્યાઓ વિચારવા લાગી કે એવી રીતે અમે પણ કીર્તિની ઇચ્છાથી પહેરેગીરોને મૃત્યુમાંથી બચાવવા અમારા ઉપર મૃત્યુ લઇ લીધું. હવે રાજાની પાસેથી કેમ છૂટીશું ?

આમ તે વેશ્યાઓ ચિંતા કરવા લાગી. રાજા પણ હવે ખૂબ ક્રોધે ભરાયો હતો. સભામાં આવી તેણે વેશ્યાઓને બોલાવીને કહ્યુંઃ અરે વેશ્યાઓ, તમે મને એક મહિના સુધી છેતરીને મારું વધારે અપમાન કર્યું છે. તો હવે મારા ક્રોધનું ફળ ચાખો. એમ કહીને તેણે સેનાપતિને તે પહેરેગીરોને અને વેશ્યાઓને તેમનું સર્વસ્વ જપ્ત કર્યા બાદ શૂળી ઉપર ચડાવવાનો હુકમ આપ્યો. રાજાનાં આ વચનો સાંભળી ગ્લાનિ પથરાઈ ગઈ. તેઓ વિચારવા લાગ્યાઃ

**माता यदि विषं दद्यात् । पिता विक्रीयते सुतं ॥**
**राजा हरति सर्वस्वं । पूत्कर्तव्यं ततः क्व च ॥१००॥**

અર્થાત્—જો માતા પુત્રને ઝેર આપે કે પિતા તેને

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

વેચે તથા રાજા પ્રજાનું સર્વસ્વ લઈ લે તો પછી પવિત્ર કાર્ય રહ્યું જ ક્યાં ? (૧૦૦)

હવે તે વાત નગરમાં પણ પ્રસિદ્ધ થઇ. લોકો પરસ્પર કહેવા લાગ્યા: અરે, કોઈ એકે પાપ કરવાથી આટલા બધા જીવોને અનર્થ થાય છે. કહ્યું છે કે,

रावणेन कृते पापे । राक्षसानां तु कोटयः ॥
हताः श्रीरामभक्तेन । कुपितेन हनुमता ॥१०१॥

અર્થાત્—એક રાવણે પાપ કર્યું, તો ક્રોધ પામેલા શ્રી રામ-ભક્ત હનુમાને કરોડો રાક્ષસોને હણ્યા. (૧૦૧)

મંત્રીએ પણ રાજાને વિનંતિ કરી: પ્રભુ, આ વેશ્યાઓનો વધ કરવામાં બહુ દોષ છે. શાસ્ત્રમાં પણ સ્ત્રીવધ નિષિદ્ધ કહ્યો છે. કહ્યું છે કે,

समणा गावो वेसा । इत्थीओ बालरोगिवुड्ढा य ॥
एए न हु हंतव्वा । कयावराहा वि लोए वि ॥१०२॥

અર્થાત્—શ્રમણ, ગાય, વેશ્યા, સ્ત્રી, બાળક, રોગી ને વૃદ્ધ પુરુષોનો, એમણે અપરાધ કર્યો હોય તોયે, આ લોકમાં વધ કરવો જોઇએ નહિ. (૧૦૨)

કોપ પામેલા રાજાએ મંત્રીની સલાહ માની નહિ, એટલું જ નહિ પણ તેને ધુત્કારી કાઢ્યો. આથી મંત્રીએ ફરીથી કહ્યું: હે મહારાજ, મેં તો આ આપના ભલા માટે જ કહેલું છે. આપે મારું આવી રીતે અપમાન કરવું યુક્ત નથી. કહ્યું છે કે,

विरज्यते परिवारो । नित्यं कर्कशभाषया ॥
परिवारे विरक्ते तु । प्रभुत्वं हीयते नृणां ॥१०३॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

અર્થાત્—નોકર ચાકરોનું હમેશાં ખરાબ વચનોથી અપમાન કરવામાં આવે તો તેઓ બેદરકાર બને છે, અને નોકરો જ્યારે બેદરકાર બને ત્યારે માણુસની મહત્તા નાશ પામે છે. (૧૦૩)

આ બાજૂ ચૌટામાં બહુ કોલાહલ થતો હતો. ઘણા લોકો ત્યાં એકઠા થયા હતા, અને ભયભીત થતા એકબીજાને કહેતા હતાઃ અરે, આ ચોરોના સમીપે ઊભા રહેવું પણ યોગ્ય નથી. કહ્યું છે કે,

सर्वथा चोरसंगो हि । विपदे व्रतशालिनां ॥
जलहारि घटीपार्श्वे । ताडचते पश्य अह्लरी ॥१०४॥

અર્થાત્—ચોરોની સોબત કરવામાં આવે તો વ્રતધારીઓને પણ એ હરેક રીતે વિપત્તિકારક થાય છે. જુઓ જળઘટી (સમય માપવા માટે પાણી વડે ગોઠવેલું ઘડિયાળ)ની પાસે ઝાલર હોય તો તેને યે મોગરીનો માર પડે છે. (૧૦૪)

રૂપસેન કુમાર પણ નગરમાં કૌતુક જોતો ત્યાં થઇને નીકળ્યો. લોકોમાં વ્યાપેલો હાહાકાર સાંભળીને તથા ચૌદ સો માણુસોનો વધ થવાનો હોવાથી તેના મનમાં દયા આવી. કહ્યું છે કે,

धर्मो जीवदयातुल्यो । न कोऽपि जगतीतले ॥
तस्मात्सर्वंप्रयत्नेन । कार्या जीवदया नृभिः ॥१०५॥

અર્થાત્—જીવદયા જેવો આ પૃથ્વી ઉપર કોઈ ધર્મ નથી. માટે મનુષ્યોએ બધા પ્રયત્નોથી જીવદયા રાખવી જોઇએ. (૧૦૫) વળી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

एकस्मिन् रक्षिते जीवे । त्रैलोक्यं रक्षितं भवेत् ॥
घातिते घातितं तद्धि । तस्माज्जीवान्न घातयेत् ॥१०६॥

અર્થાત્—એક જીવનું રક્ષણ કર્યાથી ત્રિલોકનું રક્ષણ થયું ગણાય છે, ને એક જીવનો ઘાત કર્યો હોય છે તો ત્રિલોકનો ઘાત કર્યો ગણાય છે; માટે જીવઘાત ન કરવો જોઈએ. (૧૦૬). સ્કંદ પુરાણમાં પણ કહ્યું છે કે,

इह चत्वारि दानानि । प्रोक्तानि परमर्षिभिः ॥
विचार्य नानाशास्त्राणि । शर्मणेऽत्र परत्र च ॥१०७॥

અર્થાત્—આ લોકમાં તેમજ પરલોકમાં સુખ આપનાર છે એમ અનેક શાસ્ત્રનો વિચાર કરી જ્ઞાનીઓએ ચાર દાન કહ્યાં છે. (૧૦૭) જેવાં કે:

भीतेभ्यश्चाभयं दानं । व्याधितेभ्यस्तथौषधं ॥
देया विद्यार्थिनां विद्या । देयमन्नं क्षुधातुरे ॥१०८॥

અર્થાત્—ભય પામેલાને અભયનું દાન કરવું, રોગીને ઔષધનું દાન કરવું, વિદ્યાર્થીને વિદ્યાનું, અને ભૂખ્યાંને અન્નનું દાન કરવું જોઇએ. (૧૦૮). કેમકે,

ज्ञानवान् ज्ञानदानेन । निर्भयोऽभयदानतः ॥
अन्नदात्सुखी नित्यं । निर्व्याधिरौषधाद्भवेत् ॥१०९॥

અર્થાત્—જ્ઞાન આપવાથી જ્ઞાની થવાય છે, અભય-દાન આપવાથી નિર્ભય થવાય છે, અન્ન આપવાથી નિત્ય સુખી થવાય છે, ને ઔષધથી હમેશાં નીરોગી થવાય છે. (૧૦૯). અરે, મેં એકે અન્યાય કર્યો તો આટલા બધા

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

મનુષ્યોનું મરણ થાય છે. સ્ત્રીહત્યાનું પાપ પણ લાગશે. આ જીવતરથી શું? કહ્યું છે કે,

**अमेध्यमध्ये कीटस्य। सुरेंद्रस्य सुरालये ॥**
**समाना जीविताकांक्षा। तुल्यं मृत्युभयं द्वयोः ॥११०॥**

અર્થાત્—નાનામાં નાના કીડાની અને ઇંદ્રલોકમાં વિરાજતા ઇંદ્રની જીવવાની ઇચ્છા સરખી જ હોય છે. બન્નેને મૃત્યુભય પણ સરખો જ હોય છે. (૧૧૦). માટે આ સર્વના જીવનની રક્ષા હું કરીશઃ કારણ કે,

**इकस्स कए निअजीवि-अस्स बहुआओ जीवकोडीओ ॥**
**दुक्खे ठवंति जे पुण। ताण किं सासयं जीअं ॥१११॥**

અર્થાત્—પોતાના એક માત્ર જીવિતને કારણે અનેક કરોડો જીવો દુઃખમાં ધકેલાઈ જતા હોય તો આ જીવ પણ શું શાશ્વત છે? (૧૧૧)

આમ વિચાર કરીને પાપભીરુ રૂપસેન કુમાર પોતાને ઘેર જઇ સિંદૂરથી ખરડાયેલાં વસ્ત્ર પહેરીને બધા શહેરીઓના દેખતાં રાજાની કચેરી આગળ આવ્યો. પ્રતિહારની મારફત રાજાને સંદેશો કહેવડાવ્યો કે આપનાં દર્શન કરવાને કોઇ વિદેશી આવેલ છે, પછી રાજાની આજ્ઞાથી તેને અંદર આવવા દેવામાં આવ્યો. સભામાં આવી તે યોગ્ય સ્થાને બેઠો. તે મહા તેજસ્વી રૂપસેન કુમારને જોઈને સભા વિચારવા લાગીઃ આ કોઈ દેવકુમાર છે, વિદ્યાધર છે, સૂર્ય છે કે ચંદ્ર છે? તે કેટલીક વાર આમ બેઠો ત્યાં મુખ્ય વેશ્યાએ તેના સિંદૂરવાળાં કપડાં જોયાં, ને રાજાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહ્યું: હે મહારાજ, આ જ પુરુષ દરરોજ કુંવરીના મહેલમાં જાય છે. આ સાંભળીને વિસ્મય પામીને રાજાએ પૂછ્યું: હે વેશ્યા! તેં એવું શા ઉપરથી જાણ્યું? તેણે જવાબ આપ્યો: તેનાં સિંદૂરવાળાં કપડાં ઉપરથી મેં તેને ઓળખ્યો છે. આમ કહીને તેણે બધી વાત રાજાને કહી.

રાજાએ રૂપસેનને તે બાબત પૂછતાં તેણે કહ્યું: રાજન્! વેશ્યાએ જે કહ્યું છે તે સર્વ સત્ય છે. આ રાજદ્રોહનું કામ મેં કરેલું છે. આથી આ લોકોને છોડીને મને જ શિક્ષા થવી જોઇએ, કારણકે આમાં તેમનો કાંઈ દોષ નથી.

તેનાં આવાં વચનો સાંભળીને સભાજનો બહુ આશ્ચર્ય પામ્યા, અને બોલવા લાગ્યા: અરે, તેલમાં માખીની માફક આ અહીં કેવી રીતે આવી પડયો? અરે, શું એનું અદ્ભુત સાહસ છે! મુખ ઉપર મૂછનો દોરો પણ જણાતો નથી. કહ્યું છે કે,

संतो न यांति वैवर्ण्य-मापत्सु पतिता अपि ॥
दग्धोऽपि वह्निना शंखः। शुभ्रत्वं नैव मुंचति ॥११२॥

અર્થાત્—અરે, સંત પુરુષો દુઃખમાં પડયા છતાં, અગ્નિમાં પડેલો શંખ પોતાની શુભ્રતા છોડતો નથી તેમ, ખાનદાની છોડતા નથી. (૧૧૨). વળી,

विपदि धैर्यमथाभ्युदये क्षमा।
सदसि वाक्पटुता युधि विक्रमः॥
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ।
प्रकृतिसिद्धमिदं हि महात्मनां ॥११३॥

P.P. Ac. Gunratnasuri M.S. Jinshasan Aradhak Trust

અર્થાત્—દુઃખમાં ધૈર્ય, અભ્યુદયમાં ક્ષમા, સભામાં વાક્ચાતુર્ય ને યુદ્ધમાં પરાક્રમ, વળી યશની આકાંક્ષા, ને વિદ્યાનો વ્યાસંગઃ આ મહાન પુરુષોનું પ્રકૃતિસિદ્ધ લક્ષણ છે. (૧૧૩). રાજાએ વિચાર્યું:

धृष्टो दुष्टश्च पापिष्ठो । निर्लज्जो निर्दयः कुधीः ॥
निःशूकश्च भवेत्क्रूर । एतच्चोरस्य लक्षणं ॥११४॥

અર્થાત્—ધૃષ્ટ, દુષ્ટ, પાપિષ્ઠ, નિર્લજ્જ, નિર્દય, દુષ્ટ બુદ્ધિવાળો, જડથા જેવો, ક્રૂર, આ બધાં ચોરનાં લક્ષણ છે. (૧૧૪). સભામાં આટલી ધૃષ્ટતાથી બોલનાર આ ખરેખર ચોર હોવો જોઇએ. આમ વિચારી ક્રોધાયમાન થઇને તેણે સેનાપતિને કહ્યુંઃ હે સેનાપતિ, આ અધમને અપમાનપૂર્વક ગામમાં ફેરવી ચૌટામાં વિલંબ વગર શૂળીએ ચડાવો. લોકોની સમક્ષ પણ તેણે કરેલ પાપનું ફળ ખુલ્લું કરી બતાવોઃ કારણ કે,

दुष्टानां दुर्जनानां च । पापिनां क्रूरकर्मणां ॥
अनाचारप्रवृत्तानां । पापं फलति तद्भवे ॥११५॥

અર્થાત્—દુષ્ટોનું, દુર્જનોનું, પાપીઓનું, ક્રૂર કર્મ કરનારાઓનું, અને અનાચાર કરનારાઓનું પાપ આ ને આ ભવમાં ફળે છે. (૧૧૫).

આ સાંભળીને રૂપસેન કુમારે કહ્યુંઃ હે નૃપતિ, કૃપા કરીને આ વેશ્યાઓ તથા પહેરેગીરોને અભયદાન આપો. આ ઉપરથી રાજાએ તેમને મુક્ત કર્યાં અને તેઓ પણ હર્ષ પામીને ઘર તરફ ચાલવા લાગ્યા. લોકોને પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આનંદ થયો, કારણકે બધું યોગ્ય જ થયું. રાજાને મનુષ્ય-વધનું પાપ ન લાગ્યું ને ગુનેગારને જ શિક્ષા થઈ. રૂપસેન કુમાર જ્યારે ચૌટામાં આવ્યો ત્યારે કોઇ તેની નિંદા કરતા હતા તો કોઈ તેના ઉપર દયા લાવતા હતા. કેટલાંક વળી કહેતા હતાઃ

दीपे पतंगवज्जाले । मत्स्यवत्कर्दमे करी ।
पाशे मृगस्तथा चैष । संकटे पतितः कथं ॥११६॥

અર્થાત્—જેમ પતંગ દીવામાં પડે છે, માછલાં જાળમાં સપડાય છે, હાથી કાદવમાં ફસાય છે, ને હરણ પાશલામાં ફસાય છે, તેમ આવો સુંદર પુરુષ સંકટમાં કેવી રીતે આવ્યો ? (૧૧૬) . બીજા વળી કહેતા હતાઃ

कर्मणा प्रेरितो गच्छेत् । स्वर्गं वाश्वभ्रमेव च ॥
यतो जंतुरनीशोऽय–मात्मनः सुखदुःखयोः ॥११७॥

અર્થાત્—કર્મથી પ્રેરાયેલો મનુષ્ય સ્વર્ગમાં ને નરકમાં જાય છે, કેમકે આ જીવ પોતાનાં સુખદુઃખના વિષયમાં અસમર્થ છે. (૧૧૭)

કુમાર પંચપરમેષ્ઠિનું ધ્યાન ધરતો આગળ ચાલ્યો. આખા નગરમાં તેને ફેરવીને સાંજે શૂળી ઉપર ચડાવ્યો.

જ્યારે માળણે કુમારને શૂળી ઉપર ચડાવ્યાની વાત સાંભળી ત્યારે તે અંતરમાં બહુ શોક કરવા લાગી. તેના ગુણો જેમ જેમ તેને સાંભરતા તેમ તેમ તેને અંતરમાં વધુ ખેદ થતો હતોઃ કારણકે,

कोकिला सहकारस्य । गुणं स्मरति नित्यशः ॥
कमलस्य गुणं भृंगो । राजहंसश्च मानसं ॥११८॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

અર્થાત્—કોયલ હમેશાં આંબાના ગુણને, ભ્રમર કમળના ગુણને અને રાજહંસ માનસરોવરના ગુણને સંભારે છે. (૧૧૮)

તેનો પતિ જ્યારે ઘેર આવ્યો ત્યારે તેણે તેને કહ્યું: હે સ્વામી, આ કુમારે આપણને ધન વગેરે આપી ખૂબ ઉપકાર કર્યો છે. અત્યારે તેના ઉપકારનો બદલો વાળવાનો આપણને અવસર મળ્યો છે. કહ્યું છે કે,

दो पुरिसे धरउ धरा । अहवा दोहिं हि धारिआ पुहवी ॥
उवयारे जस्स मणो । उवकरिअं जो न विस्सरइ ॥११९॥

અર્થાત્—બે પુરુષો પૃથ્વીને ધારણ કરે છે અથવા પૃથ્વીનું ધારણ બે પુરુષોથી થયું છે: એક તો જેનું મન ઉપકાર કરવામાં છે અને બીજો પોતા પર ઉપકાર થયો હોય તેને જે ભૂલતો નથી. (૧૧૯). ઘણા મનુષ્યો ધનવાન હોય છે પણ ઉદાર હોતા નથી. આ કુમારે બહુ ઉદારતા બતાવી આપણા ઉપર ઉપકાર કર્યો છે. માટે હે સ્વામી! તમે આ દંડ લઈને જાઓ અને તે કુમારને જિવાડો. રાત્રિનો સમય છે, તેથી ત્યાં જઈને આ દંડથી ધીમે ત્રણ વાર તેને મારજો, તેથી તે સજીવન થશે. પદ્મપુરાણમાં કહ્યું છે કે,

परोपकारः कर्तव्यः । प्राणैरपि धनैरपि ॥
परोपकारजं पुण्यं । न स्याद्यज्ञशतैरपि ॥१२०॥

અર્થાત્—પ્રાણના કે ધનના ભોગે પણ પરોપકાર કરવો જોઈએ. પરોપકાર કર્યાથી જે પુણ્ય થાય છે તે સેંકડો યજ્ઞથી પણ થતું નથી. (૧૨૦). વળી,

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

परोपकरणं येषां । जागर्ति हृदये सतां ॥
नश्यंति विपदस्तेषां । संपदः स्युः पदे पदे ॥१२१॥

અર્થાત્—જે સતપુરુષોના હૃદયમાં પરોપકાર જાગે છે તેની સર્વ આપત્તિઓ ટળે છે, ને તેને પગલે પગલે સંપત્તિ મળે છે. (૧૨૧)

આ સાંભળીને માળણના પતિએ કહ્યું: તું કહે છે તે સત્ય છે; પણ તું ભોળી છે. ખરું કહ્યું છે કે સ્ત્રીની બુદ્ધિ પાનીએ હોય છે. જો હું ત્યાં જઈને એ પ્રમાણે કરું ને રાજાના અનુચરો તે જાણી રાજાને કહે તો મારા પણ તેના જેવા જ હાલ થાય. આવું રાજદ્રોહનું કામ હું કરીશ નહિ.

હવે માળણે કહ્યું: હે પ્રાણેશ, હમણાં પરોપકાર કરવાનો અવસર છે. તેને જીવિતદાન આપ્યાથી પુણ્ય અને મોટો લાભ પ્રાપ્ત થશે. કહ્યું છે કે,

तीर्थस्नानैर्न सा शुद्धि-र्बहुदानैर्न तत्फलं ॥
तपोभिरुग्रैस्तन्नाप्य-मुपकाराद्यदाप्यते ॥१२२॥

અર્થાત્—ઘણાં તીર્થોમાં સ્નાન કર્યાથી તેવી શુદ્ધિ થતી નથી, બહુ દાન દેવાથી તેવું ફળ મળતું નથી, અને ઉગ્ર તપ કર્યાથી તે મળતું નથી, જે બધું ઉપકારથી મળે છે. (૧૨૨). તેથી હે સ્વામી, તમે થોડું સાહસ કરીને ત્યાં જાઓ. તમારું કાર્ય ખરેખર સફળ થશે. આમ માળણે બહુ કહ્યા છતાં તેણે જવાની ના પાડી. પોતાના પતિનો આવો નિશ્ચય સાંભળીને માળણ બોલી: હે સ્વામી! તમે

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

ઘેર બેસો, હું ત્યાં જઈશ. આમ કહીને દંડ લઇ તેને ત્યાં ગઈ.

શૂળી પાસે જઇને તેણે કુમારને બોલાવ્યો પણ તેણે જવાબ ન આપ્યો. તરસથી ને ગળું સૂકાઈ જવાથી તે મૂર્છિત થયો હશે તેમ તેણે માન્યું. એથી તેણે એક વાર દંડથી તેના ઉપર પ્રહાર કર્યો તો તેણે આળસ મરડી. બીજી વાર તેણે એમ કર્યું તો તેણે આંખો ઉઘાડી તેની સામે જોયું. આથી હર્ષ પામીને માળણે ત્રીજી વાર દંડથી તેના શરીર ઉપર પ્રહાર કર્યો કે તરત જ સાવધાન થઇને તેણે માળણને બોલાવી. તેણે પણ તેને આશીર્વાદ આપ્યા ને પૂછ્યું: હે ભાઇ, તને શું થયું હતું?

કુમારે કહ્યું: બહેન, મને ઊંઘ આવી હતી એટલે શું થયું તેની મને ખબર નથી. તેં મારા ઉપર બહુ ઉપકાર કર્યો છે.

પછી તે બન્ને ઘેર ગયાં. ઘેર જઇને માળણે કહ્યું: ભાઈ, હવે કાંઈ શોક કરીશ નહિ; કારણ કે,

**मानपातोऽपि तस्य स्या–द्यस्य मानोन्नतिः क्षितौ ॥**
**प्रणतिः पादयोरेव । निगडोऽपि पुनस्तयोः ॥१२३॥**

અર્થાત્—જેને માન મળ્યું હોય તેને કોઇક વખત અપમાન મળે છે. નમસ્કાર પગને જ કરવામાં આવે છે ને બંધન પણ પગને જ થાય છે. (૧૨૩)

માળણનો પતિ પણ તેને સુખરૂપ ઘેર આવેલો જોઇને હર્ષ પામ્યો, ને સ્વાગત કરતો બોલ્યો: મારી સ્ત્રીએ કરેલો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉદ્યમ સફળ થયો. તે રૂપસેન તરફ ફરીને બોલ્યો: તમારું પણ મહાભાગ્ય કે તમે સંકટમાંથી છૂટયા.

કુમારે જવાબ આપ્યો: તમારી કૃપાથી બધું બન્યું છે. આપના જેવા મનુષ્યો સંકટમાં માણસો ઉપર ઉપકાર કરે છે તેથી પૃથ્વી શોભે છે. કહ્યું છે કે,

विहलं जे अवलंबइ । आवइपडियं वि जो समुद्धरइ ॥
सरणागयं च रक्खइ । तेहिं हि अलंकिया पुहवी ॥१२४॥

અર્થાત્—વ્યાકુલ થયેલાને જે ટેકો આપે છે, આપત્તિમાં આવી પડેલાનો પણ જે ઉદ્ધાર કરે છે, શરણે આવેલાનું જે રક્ષણ કરે છે, તેઓએ જ ખરેખર પૃથ્વીને શોભાવી છે. (૧૨૪)

निर्गुणेष्वपि सत्त्वेषु । दयां कुर्वंति साधवः ॥
न हि संहरते ज्योत्स्नां । चंद्रश्चांडालवेश्मसु ॥१२५॥

અર્થાત્—સાધુ પુરુષો સારા અને ખરાબ દરેક માણસની ઉપર ઉપકાર કરે છે. ચંદ્ર ચંડાળના ઘર ઉપરથી પોતાની ચંદ્રિકાને દૂર લઈ જતો નથી. (૧૨૫)

માળીએ જવાબ આપ્યો: કુમાર, આ સર્વ તમારા પુણ્યનો જ પ્રભાવ છે. આવી રીતે વાતો કરતાં તેમની રાત વીતી ગઈ. પ્રાતઃકાળ થયો ત્યારે કુમારે માળણને કહ્યું: બહેન, તું પુષ્પ લઈને કુમારીના મહેલમાં જા. ત્યાં જઈને મારા સંબંધી વાત કરજે અને કુંવરીના મનની પરીક્ષા કરજે. જો તે મારા ઉપર આવી પડેલા દુઃખથી દુઃખી થતી હશે તો હું રાત્રે તેની પાસે જઈશ. જો તે બાબત તેને

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

જરા પણ દુઃખ ન થતું હોય તો ત્યાં જવાથી શો લાભ? જે નિષ્ઠુર હોય તેના ઉપર સ્નેહ કરવાથી શો ફાયદો? કહ્યું છે કે,

**पानीयस्य रसः शैत्यं । भोजनस्यादरो रसः ॥**
**आनुकूल्यं रसः स्त्रीणां । श्रियो दानं रसः परः ॥१२६॥**

અર્થાત્—પાણી શીતલ હોય એમાં રસ છે, ભોજન તરફ રુચિ એ રસરૂપ છે, પતિને અનુકૂળ હોય તે સ્ત્રી-સંબંધે રસરૂપ છે, દાન તે લક્ષ્મીના વિશે રસરૂપ છે. (૧૨૬)

કુમારે આ પ્રમાણે કહ્યાથી માળણ પુષ્પ લઇને કુંવરીના મહેલે ગઈ. પોતાની સખીને પુષ્પ લઇને આવેલી જોઇને કનકવતી બોલીઃ હે સખી, હવે તું આવી ભેટ લઈને કેમ આવે છે? હવે મારે ભેટ લેવાનો અવસર નથી, કારણકે અત્યારે મને મારા પ્રાણપ્રિય પતિનો વિયોગ થયેલો છે. તેથી મારા મનમાં ઘણું દુઃખ છે. કોની આગળ હું મારું તે દુઃખ વર્ણવું? તું મારી પ્રિય સખી છે એટલે તારી સમક્ષ હું તે વર્ણવું છું. પતિનો વિયોગ મને અત્યારે ઝેર સમાન લાગે છે. હવે હું જીવી શકીશ નહિ. આખી રાત મને નિદ્રા આવતી નથી. હું ઝેર ખાઇને કે દોરડાથી ફાંસો ખાઇને મરવાનો વિચાર કરું છું. ખરેખર, અત્યારે દૈવ મારા પર કોપેલ છે, કે મારું સર્વસ્વ મારા પ્રાણનાથ હતા તે તેણે લઈ લીધા છે. મારા પતિ વિના મને જીવવાનો જરા પણ આનંદ નથી. તને, સખી, હું વિસરી શકતી નથી. તારો કોઈ પણ અપરાધ કર્યો હોય તો ક્ષમા કરજે. આજ રાતે હું પ્રાણત્યાગ કરીશ. આટલું કહીને તેણે પવનને કહ્યું:

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

पवन सुणे एक वातडी । हवे होइस हुं छार ॥
तिणदीसे उडाडजे । जिण दिसि होय भरथार ॥१२७॥

અર્થાત્—હે પવન! મારી તું એક વાત સાંભળ. હવે હું રાખ થવાની છું, તે રાખને મારો પતિ હોય તે દિશા તરફ તું ઉડાડજે. (૧૨૭). આમ બોલીને જુદી જુદી રીતે તેણે વિલાપ કર્યો. કહ્યું છે કે,

स्नेहमूलानि दुःखानि । रसमूलाश्च व्याधयः ॥
लोभमूलानि पापानि । त्रीणि त्यक्त्वा सुखी भव ॥१२८॥

અર્થાત્—દુઃખનું મૂળ સ્નેહ છે; વ્યાધિનું મૂળ રસાસ્વાદ છે; પાપનું મૂળ લોભ છે; એ ત્રણેને તજવાથી સુખી થવાય. (૧૨૮)

કેટલીક વાર પછી માળણ બોલીઃ હે સખી, જો મારું કહ્યું તું કરે તો તને હું વાત કહું. તું મરણનો વિચાર કરીશ નહિ કારણકે જીવતો નર ભદ્રા પામે છે. આનું તને સુંદર ઉદાહરણ આપું. એક રાજાનામંત્રીને ગંગા નામની પત્ની હતી. તે પતિપત્નીને ગાઢ સ્નેહ હતો. એક વખત કોઇએ રાજાને તેમના અથાગ પ્રેમની વાત કહી. કુતૂહલવૃત્તિથી રાજાએ મંત્રીની પરીક્ષા કરવાનો વિચાર કર્યો. એક વખત કોઈ કામનું બહાનું કાઢીને તેણે મંત્રીને પરદેશ મોકલ્યો. મંત્રીએ નગર છોડયું ત્યારથી નિયમિત પોતાની પત્નીને કાગળ લખતો. એક વખત રાજાએ તેમના સ્નેહની પરીક્ષા કરવાને પોતાના ચાકરની સાથે એક પત્ર મોકલ્યો. ગંગાએ તે પત્ર વાંચ્યો. તેમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

લખેલું કે મંત્રી મૃત્યુ પામ્યો છે. આ વાંચતાં વેંત જ સ્નેહના કારણે તેણે તત્કાળ પ્રાણ છોડયા. ચાકરે પાછા આવીને રાજાને તે માઠા સમાચાર કહ્યા. આથી રાજાએ મંત્રીની પાસે જઇને તેની પત્નીના મરણના સમાચાર કહ્યા. તે સાંભળતાં જ મંત્રી મૂર્છાધીન થયો. કેટલીક વારે ભાનમાં આવતાં તે આત્મઘાત કરવાને તત્પર થયો. આથી રાજાએ પશ્ચાત્તાપ સાથે બધી વાત અથેતિ કહી સંભળાવી, ને તેને નહિ મરવાની વિનંતિ કરી. પછી બાર વર્ષ પછી તે મંત્રી પોતાની પત્નીનાં અસ્થિ લઇને ગંગામાં નાખવા ગયો. ત્યાં સ્નાન કરીને તે પોતાની સ્ત્રીનું નામ લઇને પેલાં અસ્થિ ગંગામાં પધરાવતો હતો તે વખતે કાશીરાજની પુત્રી સખીઓ સાથે ત્યાં સ્નાન કરવા આવી. પોતાના પૂર્વ ભવનું નામ વગેરે સાંભળવાથી તેને જાતિસ્મરણ જ્ઞાન થયું ને તે મૂર્છા પામી. આથી ગભરાઇને તેની બહેનપણીઓ રાજા પાસે દોડી ગઇ અને રાજાને સર્વ વાત કહી. રાજા પણ તરત જ ત્યાં આવ્યો ત્યારે કુંવરીની સખીઓએ કહ્યું: મહારાજ, આ પરદેશીએ કાંઇક મંત્ર ભણવાથી કુંવરી ભૂમિ ઉપર પડી ગઇ છે. કુંવરીને ઠંડા ઉપચાર કરવાથી તે ભાનમાં આવી. તેણે તેના પિતાને કહ્યું: હે પિતા, આ પરદેશીનું તમે કાંઇ અનિષ્ટ કરશો તો હું તત્કાળ પ્રાણત્યાગ કરીશ.

આથી આશ્ચર્ય પામીને રાજાએ પૂછતાં કુંવરીએ પોતાનો પૂર્વભવ કહ્યો, ને ઉમેર્યું: આ જ મંત્રીશ્વર મારા પૂર્વના સ્વામી હતા તેથી મારું લગ્ન તમે તેની સાથે કરો, નહિ

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તો હું અગ્નિસ્નાન કરીશ. રાજા પણ તે સાંભળી બહુ માનપૂર્વક મંત્રીશ્વરને પોતાને મહેલે લઈ ગયો ને પોતાની પુત્રીનું લગ્ન તેની સાથે કર્યું. આમ હે કુંવરી, મંત્રી જીવતો રહ્યો તો તેને પોતાની પત્ની મળી; માટે તું પણ મરવાની વાત તજી દે. કહ્યું છે કે,

विपद्यपि गताः संतः । पापकर्म न कुर्वते ॥
हंसः कुकुंटवत्कीटा–नत्ति किं क्षुधितोऽपि हि ॥१२९॥

અર્થાત્—ગમે તેટલું દુઃખ હોય છતાં સંત પુરુષો પાપનું કામ કરતા નથી. હંસ ગમે તેટલો ભૂખ્યો હોય છતાં કૂકડાની માફક શું કીડા ખાય? (૧૨૯)

માળણનાં વચનો સાંભળીને રાજકન્યાએ કહ્યું: હે સખી, પ્રાણનાથ વિના ઉત્તમ સ્ત્રીએ જીવવું યોગ્ય નથી. પતિ વિનાની સ્ત્રી વારંવાર અપમાન પામે છે. કહ્યું છે કે,

विवाहे पुण्यकार्यादौ । मंगलं सधवा स्त्रियः ॥
विधवा गर्हिता लोके । प्राप्नुवंति पराभवं ॥१३०॥

અર્થાત્—વિવાહ આદિ પુણ્ય કાર્યોમાં સધવા સ્ત્રીઓ શુકનવંતી ગણાય છે. વિધવાઓ આ દુનિયામાં તુચ્છકારાય છે ને તેનું વારંવાર અપમાન થાય છે. (૧૩૦)

હવે માળણે કહ્યું: હે સખી, તું ખેદ ન કર, તારો પતિ કુશલ છે.

તે સાંભળીને કુંવરી બોલી: હે બહેન, જો મારો પતિ જીવતો હોય તો જગતમાં કોઇ પણ મૃત્યુ ન પામે!

આ ઉપરથી માળણે સોગન લઇને તેને કહ્યું: તારો પતિ જીવતો જ છે. તું સાંજ સુધી થોભ. જો રાત્રે તે

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

તારી પાસે ન આવે તો તું મરણનો વિચાર કરજે. હું કહું છું તે સિવાય બીજું કાંઈ બનશે જ નહિ; માટે તું ધીરજ ધારજે.

આટલું કહ્યા પછી માળણ પોતાને ઘેર ગઇ, અને કુંવરને સર્વ વૃત્તાન્ત કહ્યો. આ સાંભળીને કુમાર હર્ષ પામ્યો અને તેને કુંવરીને મળવાની ખૂબ ઉત્કંઠા થઇ. તે દિવસ તેને વર્ષ સમાન લાગ્યો. રાત્રિ થતાંજ પાવડીઓ પહેરીને તે કુંવરીના મહેલે ગયો. કુંવરને જોતાં જ કુંવરી મેઘને જોઇને ઢેલને હર્ષ થાય તેમ આનંદ પામી. કહ્યું છે કે,

**अमृतं शिशिरे वह्नि–रमृतं क्षीरभोजनं ॥**
**अमृतं राजसन्मान–ममृतं प्रियदर्शनं ॥१३१॥**

અર્થાત્—શિશિર ઋતુમાં અગ્નિ અમૃત તુલ્ય છે, દૂધનું ભોજન પણ અમૃત તુલ્ય છે, રાજ્ય તરફથી મળેલ સન્માન અમૃત સમાન છે, અને પ્રિય જનનો સમાગમ અમૃત જેવો છે. (૧૩૧)

કુંવરે થોડો વખત ત્યાં રહ્યા પછી કહ્યું: હે પ્રિયા, હવે અહીં રહેવું યોગ્ય નથી.

એમ કહીને માળણને ઘેરથી પોતાની વસ્તુની પોટલી લઈ તેને કહ્યા સિવાય પોતાની પત્ની સાથે પાવડીઓ ઉપર ચડીને જે વડ નીચેથી પોતાને ચાર વસ્તુઓ યોગીઓ પાસેથી મળેલી તે જ વડના ઝાડ નીચે તે આવ્યો. તે વડની નીચે જ તેઓએ રાત પસાર કરવાનો નિર્ણય કર્યો. જ્યારે કનકવતી સૂઈ ગઈ હતી, ત્યારે કુમાર જાગતો હતો. કહ્યું છે કે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**उद्यमे नास्ति दारिद्र्यं । जपने नास्ति पातकं ॥**
**मौनेन कलहो नास्ति । नास्ति जागरतो भयं ॥१३२॥**

અર્થાત્—ઉદ્યમથી દરિદ્રતા રહેતી નથી, જપ કરવાથી પાપ દૂર થાય છે, મૌનથી કંકાસનો નાશ થાય છે ને જાગવાથી ભય નજીક આવતો નથી. (૧૩૨). વળી,

**निर्धना धनवंतश्च । नृपास्तदधिकारिणः ॥**
**प्रवासिनश्च वेश्याश्च । न स्वपंति कदाचन ॥१३३॥**

અર્થાત્—નિર્ધન અને ધનિક, રાજા ને તેના અધિકારીઓ, પ્રવાસીઓ ને વેશ્યાઓ કદી સૂઈ શકતાં નથી. (૧૩૩)

આ જ વખતે અહીં રહેતા ચાર યોગી માંહેલો એક યોગી તથા તેની પત્ની કોઈ સ્થળે જતાં જતાં તે વડની નીચે આવી રાતવાસો રહ્યાં. યોગી તે સ્થળે આવ્યા પછી ખૂબ જ રડવા મંડચો. તેની પત્નીએ પૂછ્યું: સ્વામિનાથ, તમે આ અવસરે અને આવા ભયાનક સ્થળે કેમ રડો છો ?

તેણે જવાબ આપ્યો: હે પ્રિયા, તે વાત સાંભળ. આ વડની નીચે સુખદુઃખ વેઠતાં અમે ચાર યોગીઓ ચાર સો વર્ષ રહ્યા હતા. અમારા તપથી પ્રસન્ન થઈને દેવતાએ અમને ગોદડી, પાદુકા વગેરે ચાર વસ્તુઓ આપી હતી તેથી અમે ખૂબ સુખ ભોગવતા હતા, પણ એક વખત કોઈ લુચ્ચો માણસ આવી અમને છેતરી તે પ્રભાવશાળી વસ્તુઓ લઈ ગયો. આ જગ્યાએ આવતાં તે વસ્તુઓના

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

સ્મરણે મને રડવું આવે છે. હે પ્રિયા, ખરે જગતમાં કોઇનો વિશ્વાસ કરવા જેવું નથી. કહ્યું છે કે,

न विश्वसेदमित्रस्य । मित्रस्यापि न विश्वसेत् ॥
कदाचित्कुपितं मित्रं । सर्वं गुह्यं प्रकाशयेत् ॥१३४॥

અર્થાત્—અમિત્રનો વિશ્વાસ ન કરવો જોઇએ, એટલું જ નહિ પણ મિત્રનો પણ વિશ્વાસ કરવો જોઇએ નહિ; કારણકે કદાપિ જો મિત્ર ગુસ્સે થાય તો આપણું સર્વ ગુહ્ય બહાર પાડી દે. (૧૩૪). આમ ધન મારી પાસેથી લઇ લેવામાં આવ્યું તેથી હું રોઉં છું.

યોગિનીએ કહ્યું: પણ હવે આવા અરણ્યરુદનથી શું ફાયદો? કહ્યું છે કે,

भवितव्यं भवत्येव । कर्मणामीदृशी गतिः ।
विपत्तौ किं विषादेन । संपत्तौ हर्षणेन किं ॥१३५॥

અર્થાત્—જે નસીબમાં લખ્યું હોય છે, તે થાય છે જ. કર્મની તેવી ગતિ છે. માટે દુઃખમાં શોક કરવાથી ને સંપત્તિમાં હર્ષ પામવાથી શો ફાયદો? (૧૩૫). વળી તે વસ્તુઓથી કોઇના ઉપર ઉપકાર થશે. લક્ષ્મીનો તે જ ઉપયોગ છે, નહિતો તેનો વિનાશ થાય છે. કહ્યું છે કે,

दानं भोगो नाश-स्तिस्रो गतयो भवंति वित्तस्य ॥
यो न ददाति न भुंक्ते । तस्य तृतीया गतिर्भवति ॥१३६॥

અર્થાત્—ધનની ત્રણ ગતિ છેઃ દાન, ભોગ કે નાશ. જે ધન બીજાને આપતો નથી કે ભોગવતો નથી તેના ધનની ત્રીજી ગતિ થાય છે. (૧૩૬). વળી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

धनं नश्यति पुत्रोऽपि। विपद्य क्वापि गच्छति ॥
न हि शक्या गतिर्ज्ञातुं। धनस्य निधनस्य च ॥१३७॥

અર્થાત્—ધનનો નાશ થાય છે, પુત્ર પણ વિપત્તિમાં આવી ક્યાંય ચાલ્યો જાય છે, ધનની અને મૃત્યુની ગતિ જાણી શકાતી નથી. (૧૩૭)

वनकुसुमं कृपणश्रीः । कूपच्छाया सुरंगधूलिश्च ॥
तत्रैव यान्ति विलयं । मनोरथा भाग्यहीनानाम् ॥१३८॥

અર્થાત્—વનનું ફૂલ, કૃપણની લક્ષ્મી, કૂવાનો છાંયડો, સુરંગની ધૂળ ને ભાગ્યહીનના મનોરથ તે ને તે સ્થળે નષ્ટ થઈ જાય છે. (૧૩૮). અને,

कीटिकासंचितं धान्यं । मक्षिकासंचितं मधु ॥
कृपणैः संचिता लक्ष्मी-रन्यैस्तु परिभुज्यते ॥१३९॥

અર્થાત્—કીડીએ એકઠું કરેલું અનાજ, માખીએ ભેગું કરેલું મધ, કૃપણે સાચવેલી લક્ષ્મી: એ ત્રણેનો બીજાએ ઉપભોગ કરે છે. (૧૩૯). માટે હે સ્વામી, તમે દુઃખ ન લગાડશો. તમે આ વગડામાં આટલો વખત રહ્યા તો કોઈ અદ્ભુત જડીબુટ્ટી આપને જડી નથી?

યોગીએ જવાબ આપ્યો: આ પ્રદેશમાં એક એવું ઝાડ છે કે જેનું મૂળિયું સુંઘવાથી મનુષ્ય વાનર થઈ જાય છે.

આ સાંભળીને તેણે પૂછ્યું: જે બુટ્ટીથી માણસ પશુ થઈ જાય તેનો શો ઉપયોગ? આથી યોગીએ કહ્યું: અહીં બીજું એવું મૂળિયું છે કે જે સુંઘવાથી વાનરમાંથી પાછો માણસ થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

પછી પોતાની પત્નીના કહેવાથી તે યોગી બન્ને મૂળિયાં લઈને બીજે સ્થળે ગયો. આ બધો પ્રસંગ રૂપસેન-કુમારે સાંભળ્યો તથા જોયો તેથી તેણે પણ તે બન્ને મૂળિયાં લીધાં.

થોડી વાર પછી કનકવતી જાગી ને કુંવરે નિદ્રા લીધી. તે વખતે કનકવતીએ કુતૂહલપૂર્વક પોટલી છોડી. તેની અંદર ગોદડી, પાત્ર, દંડ વગેરે જોઇને તે આશ્ચર્ય પામી. તે વિચારવા લાગી: અરે, આ તો કોઈ લુચ્ચો યોગી જણાય છે. વેશપલટો કરીને વિદ્યાના આડંબરથી મને ભોળીને તેણે ફસાવી છે. કહ્યું છે કે,

**प्रथमं डंबरं दृष्ट्वा । न प्रतीयाद्विचक्षणः ॥**
**अत्यल्पपठितं कीरं । तेनेव कुट्टिनी यथा ॥१४०॥**

અર્થાત્—પહેલો આડંબર માત્ર જોઈ વિચક્ષણે વિશ્વાસ ન કરવો, કે જેવી રીતે બહુ જ થોડુંક પઢતા પોપટના (વાણીના) આડંબરમાત્રથી કૂટણીએ વિશ્વાસ કર્યો હતો. (૧૪૦)

આ બાબત એક દૃષ્ટાન્ત છે. સિન્દુરપુરમાં મદનક નામનો એક લુચ્ચો બ્રાહ્મણ રહેતો હતો. તેણે એક પોપટને પઢાવવા માંડ્યો પણ તે પોપટને કાંઈ આવડ્યું નહીં એટલે તે લુચ્ચાએ તેને 'વીસેવીસા' એવું એક પદ શીખવ્યું અને સુંદર પાંજરામાં પૂરીને ચૌટામાં વેચવાને ઊભો રહ્યો. એવામાં એક વેશ્યા ત્યાં આવી ને બ્રાહ્મણને પૂછ્યું: હે વિપ્ર! આ પોપટ શું જાણે છે?

બ્રાહ્મણ બોલ્યો: આ તો બધું જાણે છે. તમે પોતે જ પૂછીને ખાત્રી કરો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેણે પોપટને પૂછ્યું: તારી માતા કાંઈ ભણેલી છે?

પોપટે જવાબ આપ્યો: વીસેવીસા.

આ ઉપરથી હર્ષ પામીને તેણે બ્રાહ્મણને ઘણું મૂલ્ય આપીને તે પોપટ ખરીદ્યો.

ઘેર આવીને પૂછતાં પોપટે તે જ પદ કહ્યું. તે વખતે તેણે જાણ્યું કે લુચ્ચા બ્રાહ્મણે મને છેતરી. તેવી જ રીતે મને પણ આ ધૂર્તે છેતરી છે. અરે, હું રાજકુંવરી અને આ યોગીનો સહવાસ મને ક્યાંથી થયો! કર્મની ગતિ વિચિત્ર છે; ખરે—

अघटितघटितानि घटति । सुघटितघटितानि जर्जरीकुरुते ॥
विधिरेव तानि घटयति । यानि पुमान्नैव चिंतयति ॥१४१॥

અર્થાત્—જે કાંઈ ધારવામાં ન હોય તે બને છે અને ધારેલું હોય તે નિષ્ફળ થાય છે. આમ મનુષ્યે ધાર્યું નથી હોતું તેવું એ વિધિ કરી નાંખે છે. (૧૪૧).

અરે, દૈવે મારું અનિષ્ટ કર્યું. આવા નીચ જાતિના સાથે સંપર્ક કરતાં મરણ જ શ્રેષ્ઠકર છે. માટે હવે હું પાછી જાઉં તે જ સારું છે.

આમ વિચાર કરીને તે ચારે વસ્તુ લઈને પાદુકાના આધારે તરત જ પોતાને ગામ આવી. રાતમાં જ આવું બનવાથી કોઈએ તે ગઈ હતી તે જાણ્યું નહિ. ઓછી બુદ્ધિથી તે મૂર્ખી ચિંતામણિ જેવા તે કુંવરને તજી ગઈ. કહ્યું છે કે,

अनृतं साहसं माया । मूर्खत्वमतिलोभता ॥
अशौचं निर्दयत्वं च । स्त्रीणां दोषाः स्वभावजाः ॥१४२॥

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

અર્થાત્—જૂઠું બોલવું, સાહસ કરવું, કપટ રચવું, મૂર્ખપણું, અતિલોભ, અપવિત્રતા અને નિર્દયપણું: આ દોષો સ્ત્રીમાં સ્વભાવથી જ હોય છે. (૧૪૨). સ્ત્રીઓમાં અવિચારીપણું-દીર્ઘ દૃષ્ટિનો અભાવ કુદરતી રીતે હોય છે.

આ બાજુએ કુમાર જાગ્યો અને પોતાની પત્નીને બોલાવવા લાગ્યો પણ કોઈએ જવાબ ન આપ્યો. અંધારામાં તેને લાગ્યું કે તે સૂઈ ગઈ હશે. આથી તેણે તેને જગાડવા પ્રયત્ન કર્યો.

प्रोज्जृंभते परिमलः कमलावलीनां ।
शब्दं करोति च तरूपरि ताम्रचूडः ॥
शृंगं पवित्रयति मेरुगिरेर्विवस्त्रा-
नुत्थीयतां सुनयने रजनी जगाम ॥१४३॥

અર્થાત્—કમળોની સુગંધ પ્રસરી રહી છે, ઝાડ ઉપર કુકડો કુકડેકુક કરે છે, મેરુપર્વતના શિખરને સૂર્ય પોતાનાં કિરણોથી પવિત્ર કરે છે; માટે હે સુનયના! રાત્રિ પસાર થઈ છે તેથી તું જાગ્રત થા. (૧૪૩). આમ કહ્યા છતાં તેણે જવાબ ન આપ્યો. થોડી વાર રહીને તેણે કહ્યું:

एते व्रजंति हरिणास्तृणभक्षणाय ।
चूर्णं विधातुमथ यांति हि पक्षिणोऽपि ॥
मार्गस्तथा पथिकलोकगणप्रपूर्णो ।
उत्थीयतां सुनयने रजनी जगाम ॥१४४॥

અર્થાત્—આ હરિણોનું ટોળું ચરવા માટે જાય છે, પક્ષીઓ ચણની શોધમાં દૂર જતાં જણાય છે, રસ્તો વટે-

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

માર્ગુઓથી ભરાઈ ગયો છે. હે સુનયના, રાત્રિ પસાર થઈ છે માટે જાગ્રત થા. (૧૪૪)

આમ બોલ્યા છતાં કાંઈ પણ જવાબ નહિ મળવાથી આશ્ચર્ય પામીને બારીકાઈથી તેણે આજુબાજુ જોયું તો પોતાની પત્નીને ન જોઈ, તેમજ પોતાની પોટલી પણ ન જોઈ, આથી દિઙ્મૂઢ થઈને તે બોલી ઊઠયોઃ અરે, હું ઊંઘતો હતો ત્યાં આ શું થયું? ખરે,

**निद्रा मूलमनर्थानां । निद्रा श्रेयो विघातिनी ॥**
**निद्रा प्रमादजननी । निद्रा संसारवर्धनी ॥१४५॥**

અર્થાત્—નિદ્રા ઘણા અનર્થોનું મૂળ છે. નિદ્રા શ્રેયનો નાશ કરનારી છે, નિદ્રા પ્રમાદને વધારનારી છે અને સંસારનો વધારો કરનાર પણ તેજ છે. (૧૪૫), ખરે, મનુષ્યોને નિદ્રાથી ખૂબ નુકસાન થાય છે. કહ્યું છે કે,

**आजन्मोपार्जितं द्रव्यं । निद्रया व्यवहारिणां ॥**
**चौरैस्तु गृह्यते सर्वं । तस्मादेतां विवर्जयेत् ॥१४६॥**

અર્થાત્—આખી જિંદગી કમાઈને ભેગું કરેલું વહેવારિયાનું ધન ઊંઘના સમયે ચોર લઈ જાય છે, માટે તેને તજવી જોઈએ. (૧૪૬)

પછી તેણે ઊભા થઈને સર્વત્ર તપાસ કરી પણ કુંવરીની ભાળ લાગી નહિ. એટલે તેણે વિચાર્યું : તે માતાપિતાને મળવા માટે ફરીથી પોતાને સ્થાનકે ગઈ હશે, પણ મારી દિવ્ય વસ્તુઓ લઈ ગઈ છે તેથી મને દુઃખ થાય છે. કહ્યું છે કે,

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं ।
भास्वानुदेष्यति हसिष्यति पंकजं च ॥
इत्थं विचिंतयति कोशगते द्विरेफे ।
हा हंत हंत नलिनीं गज उज्जहार ॥१४७॥

અર્થાત્—રાત્રિ જશે ને સુંદર પ્રભાત આવશે, સૂર્ય ઊગશે ને કમળ ખીલશે : આમ કમળની અંદર રહેલો ભ્રમર વિચાર કરતો હતો તેવામાં જ, અરેરે, કમળને હાથી ઉઠાવી ગયો! (૧૪૭)

ફરીથી તેણે વિચાર્યું: શું માળણની માફક મારું યોગી સ્વરૂપ જોઇને બીક પામી તે પોતાને ઘેર પાછી ન ગઈ હોય? તેણે મૂર્ખાઈથી ને અધીરાઇથી તેમ કર્યું જણાય છે. કહ્યું છે કે,

मूर्खस्य पापस्य न किंचिदंतरं ।
बालस्य वृद्धस्य न किंचिदंतरं ।
विषस्य तैलस्य ने किंचिदंतरं ।
मृतामृतास्यापि न किंचिदंतरं ॥१४८॥

અર્થાત્—મૂર્ખ માણસ અને પાપી મનુષ્યમાં બહુ ફેર નથી, બાળકને વૃદ્ધમાં પણ બહુ ફેર નથી, ઝેર ને તેલમાં કાંઇ ફેર નથી, તેમજ મરેલા ને જીવતામાં પણ કાંઇ ફેર નથી. (૧૪૮). અરે, જે મનુષ્યો સ્ત્રીનો વિશ્વાસ કરે છે તેઓ મૂર્ખા છે. કહ્યું છે કે,

नदीनारीनरेंद्राणां । नीचनागिनीयोगिनां ॥
नखिनां च न विश्वासः । कर्तव्यः सुमनस्विना ॥१४९॥

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

અર્થાત્—બુદ્ધિશાળીએ નદી, સ્ત્રી, રાજા, નીચ પુરુષ, નાગણી, યોગી અને નખવાળાં પ્રાણીઓનો વિશ્વાસ ન કરવો જોઇએ. (૧૪૯)

પછી મનુષ્યને વાનર અને વાનરને મનુષ્ય બનાવે તેવાં બે મૂળિયાં લઈ પોતે વાનરનું સ્વરૂપ ધારણ કરી કેટલાય દિવસ પછી કનકપુરમાં તે જ વાટિકામાં આવ્યો. ત્યાં આવ્યા પછી બીજું મૂળિયું સુંઘીને તે મનુષ્ય સ્વરૂપ થયો, અને ચંપકના ઝાડ તળે સૂતો.

થોડા વખત પછી માળણ ફૂલ વીણતી તે બાજૂએ આવી ને કુમારને જોઇ હર્ષ પામતાં બોલીઃ હે ભાઇ! તું આટલા દિવસ ક્યાં ગયો હતો? કયા કારણથી, કયા લાભથી ને કોને મળવા તું ગયો હતો? આ ઉપરથી કુમારે તેને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તેણે પણ આશ્ચર્ય પામીને જવાબ આપ્યોઃ કનકવતી થોડા વખત પહેલાં અહીં જ આવી હતી. હું પણ હમેશાં તેની પાસે જઉં છું.

કુમારે કહ્યુંઃ તે મને ઊંઘમાં મૂકીને મારી દિવ્ય વસ્તુઓ લઇને આવતી રહી છે ને મારો વિશ્વાસઘાત કર્યો છે, માટે તેને તેના વિશ્વાસઘાતનું ફળ મારે આપવું છે.

તેને શાંત પડતાં માળણ બોલીઃ ભાઇ, અબળા ઉપર તે શો ક્રોધ કરવો? નાના જીવ (નાની કીડી) ઉપર કાંઈ કટક લઈ જવું શોભે?

કુમારે કહ્યુંઃ પણ એક વાર તો તેની પાસે જવાની મારી ઇચ્છા છે.

માળણે સૂચવ્યુંઃ તેના મહેલની આજુ બાજુ સાત સો પહેરેગીરો છે તેથી આવડી વિના ત્યાં જવું મુશ્કેલ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Aradhak Trust

કુમારે કહ્યું: ત્યાં જવા માટે મારી પાસે એક યુક્તિ છે, તે હું તને કહું છું, પણ તું કોઇને તે વાત કહીશ નહિ. હવેથી મને સ્ત્રી ઉપર વિશ્વાસ નથી આવતો કારણકે સ્ત્રીમાં કાંઈ ગંભીરતા હોતી નથી. કહ્યું છે કે,

अत्रसेत्त्वटे नीरं । चालिन्यां सूक्ष्मपिष्टकं ॥
स्त्रीणां च हृदये वार्ता । न तिष्टंति कदाचन ॥१५०॥

અર્થાત્—તૂટેલા બંધવાળા અવડ કુવામાં પાણી રહી શકે, ને ચાળણીમાં ઝીણો લોટ પણ રહી શકે, પણ સ્ત્રીના હૃદયમાં કોઈ વાત કદી પણ રહેતી નથી. (૧૫૦). તેથી હું તને ખાસ ચેતાવું છું.

માળણે કહ્યું: અરે ભાઈ, તું વારંવાર આમ કેમ કહે છે? બધી સ્ત્રીઓ સરખી હોતી નથી માટે તું કાંઇ પણ શંકા રાખ્યા વિના કહે.

ત્યારે કુમાર બોલ્યો: હે બહેન, સાંભળ. હું કોઈ પણ ઉપાયથી વાનર થઇ જઇશ. તું મને લઇને એક દિવસ કુંવરીની પાસે જજે. પછી કુંવરી મને વાનરરૂપમાં પોતાને માટે રમવા માગે ત્યારે તારે એકદમ મને આપી ન દેવો; મારાથી તું વિખૂટી પડી શકે તેમ નથી વગેરે વચનો દ્વારા તેની ઉત્સુકતા વધારવી. જ્યારે તને માગ્યા મુજબ ધન તે આપે ત્યારે જ મને આપજે. આમ કરવાથી તને પણ લાભ થશે.

માળણ આ વાત સાથે સંમત થવાથી કુમાર મર્કટ રૂપ થયો. પછી તે વાનરને કોડી, ઘૂઘરી, વસ્ત્ર ઇત્યાદિથી અલંકારીને તેને સાથે લઇને તે [illegible] મહેલે ગઇ.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુંવરીને પ્રણામ કરી તેણે ફૂલ વગેરે આપ્યાં. વાનરને જોઈ કનકવતી બોલીઃ હે સખી, આ મર્કટ સુંદર લાગે છે તેથી વિનોદને અર્થે તું મને તે આપ.

આ સાંભળી માળણે જવાબ આપ્યોઃ બહેન, તને હું બધું આપી શકું, પણ આ વાનર તો ન જ આપી શકું. તે મારી વાડીનો રખેવાળ છે. મારા પતિને તે બહુ વહાલો છે. મારાં બાળકો પણ તેની સાથે રમત કરે છે તેથી તને કોઈ પણ રીતે તે આપી શકાય તેમ નથી.

કુંવરીએ આગ્રહ કરતાં કહ્યુંઃ તું ગમે તે દ્રવ્ય લે, પણ મને તે વાનર આપ. તેના વડે મારા દિવસો આનંદમાં જશે. આમ કહીને તેણે માળણને એક સોનામહોર અને એક સુંદર સાડી આપી. આથી છેવટે માળણે તે મર્કટને કુંવરીને આપી દીધો ને પોતે ઘેર પાછી ફરી.

કુંવરીએ આખો દિવસ તે વાનર સાથે રમવામાં પસાર કીધો. સાંજ પડતાં દાસ દાસીઓ પોતાને આવાસે ગયાં એટલે તે વાનરે મૂળિયું સુંઘ્યું તો તે રૂપસેન કુમાર થઈ ગયો. તેને જોઈને આશ્ચર્ય પામી કુંવરી બોલીઃ અરે, આ શું આશ્ચર્ય ! શું આ ઇંદ્રજાળ છે કે કાંઈ સ્વપ્ન છે ? પછી પોતાનાં વસ્ત્રો સંકોરી, દેવસ્વરૂપ પતિને આવેલા જોઈને તેને પગે પડીને કુંવરીએ કહ્યુંઃ હે પ્રાણનાથ, તમે મારો અપરાધ ક્ષમા કરો. હે પ્રભુ ! તમે જ મારું જીવન-સર્વસ્વ છો. અજ્ઞાનથી મેં જે અપરાધ કર્યો છે તે ક્ષમા કરો. એક વાર થયેલા અપરાધની ક્ષમા કરી શકાય છે. હવે ફરીથી હું તેમ નહિ કરું.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

કુંવરે કહ્યું: પ્રિયા, હવે બહુ કહેવાથી શો ફાયદો? કુત્રિમ સ્નેહથી જરા પણ ફાયદો થતો નથી. સાચા સ્નેહનો રંગ તો જુદો હોય છે. કહ્યું છે કે,

प्राप्तुं पारमपारस्य । पारावारस्य पार्यते ॥
स्त्रीणां प्रकृतिवक्राणां । दुश्चरित्रस्य नो पुनः ॥१५१॥

અર્થાત્—અગાધ મહાસાગરનો પાર પામી શકાય છે, પણ પ્રકૃતિથી વાંકી સ્ત્રીઓના ખરાબ ચરિત્રનો પાર પામી શકાતો નથી. (૧૫૧). અને,

कुमित्रे नास्ति विश्वासः । कुभार्यातः कुतः सुखं ॥
कुराज्ये निवृतिर्नास्ति । कुदेशे नास्ति जीवितं ॥१५२॥

અર્થાત્—કુમિત્રનો વિશ્વાસ કરવો જોઇએ નહિ, ખરાબ સ્ત્રીથી સુખ ક્યાંથી મળે? દુષ્ટ રાજ્યમાં શાંતિ હોતી નથી અને ખરાબ દેશમાં જીવન જીવી શકાતું નથી. (૧૫૨)

કુંવરી આજીજી કરતાં બોલી: સ્વામિનાથ, આપના જેવા મહાપુરુષો અપરાધ કર્યો હોય તેવા માણસો ઉપર પણ કોપ કરતા નથી. ખરે, મેં તમને દુ:ખ ઉપજાવ્યું છે. આથી હું અગ્નિ જેવી છું પણ આપ ચંદન જેવા હોવાથી ક્ષમા કરો. કહ્યું છે કે,

सुजनो न याति विकृतिं । परहितनिरतो विनाशकालेऽपि ॥
छिन्नोऽपि हि चंदनतरुः । सुरभयति मुखं कुठारस्य ॥१५३॥

અર્થાત્—વિનાશકાળ હોય છતાં સજ્જનો વિકૃત માર્ગ ગ્રહણ કરતા નથી ને પારકાના હિતમાં રચ્યા પચ્યા

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

રહે છે. ચંદનનું ઝાડ કપાય છે છતાં કુહાડાના મુખને સુગંધી લગાડે છે. (૧૫૩). હે પ્રાણનાથ, હું વારંવાર આપના પગે પડીને કહું છું કે મારો અપરાધ ક્ષમા કરો.

કુંવરીનાં વચનો સાંભળી રૂપસેન કુમાર બોલ્યોઃ હે પ્રિયા, આમાં તારો કાંઇ અપરાધ નથી. માત્ર મારા પૂર્વ કર્મનો ઉદય થયો હોવાથી જ તેમ બન્યું છેઃ કારણકે,

उदयति यदि भानुः पश्चिमायां दिशायां ।
विकसति यदि पद्मं पर्वताग्रे शिलायां ॥
प्रचलति यदि मेरुः शीततां याति वह्नि ।
स्तदपि न चलतीयं भाविनी कर्मरेखा ॥१५४॥

અર્થાત્—સૂર્ય કદાચ પશ્ચિમમાં ઊગે, કમળ પર્વતના શિખરે રહેલી શિલા ઉપર વિકસે, મેરુ ચલાયમાન થાય ને અગ્નિ ઠંડો થઈ જાય, પણ ભાવિએ નિર્માણ કરેલી કર્મની રેખા ચળતી નથી. (૧૫૪). હે પ્રિયા, જો તું મારી આજ્ઞા પ્રમાણે વર્તવા કબૂલ હોય તો આ ઔષધિ સૂંઘ. તે સૂંઘીને તેની સુગંધ કેવી છે તે જો. તું જો તે સૂંઘીશ તો જીવીશ ત્યાંસુધી આપણ બન્ને વચ્ચે સ્નેહ રહેશે.

ભોળપણથી કુંવરીએ પેલું મૂળિયું સૂંઘ્યું, ને સૂંઘતાં વેંત જ તે વાંદરી થઇ ગઇ! પછી રૂપસેન કુમારે તેને થાંભલે બાંધી. તેના ઓરડાની અંદર તપાસ કરી પોતાની ચારે વસ્તુઓ લઈ પાવડીની મદદથી તરત જ તે માળણને ઘેર આવ્યો, ને [illegible] થતાં જ પોતાની

P.P. Ac. Gunratnasuri M.S. Jinshasan Aradhak Trust

વસ્તુઓ સાથે તે વનમાં જતો રહ્યો. ત્યાં જઈ ખૂબ વિચાર કરી તેણે યોગીનો વેશ પરિધાન કર્યો.

क्वचिद् भूमौ शय्या क्वचिदपि च पर्यंकशयनं ।
क्वचिच्छाकाहारः क्वचिदपि च शाल्योदनरुचिः ।
क्वचित्कंथाधारी क्वचिदपि च दिव्यांबरधरो ।
मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखं ॥१५५॥

અર્થાત્—કોઇ વખત જમીન પર સૂવાનું હોય છે તો કોઈ વખત પલંગ પર સૂવાનું હોય છે; કોઈ વખત ફળફૂલ ખાવાનાં હોય છે તો કોઈ વખત રાંધેલી રસોઈ ખાવા મળે છે; કોઇ વખત કફની ધારણ કરવાની હોય છે તો કોઇ વખત દિવ્ય વસ્ત્રો ધારણ કરવા મળે છે; કાર્યમાં દૃઢાગ્રહી પુરુષ સુખ અને દુઃખને ગણકારતો નથી. (૧૫૫).

સવારે કુંવરીના મહેલમાં દાસીઓ આવી ત્યારે કનકવતીને ઠેકાણે વાંદરી બાંધેલી જોઇ એટલે તેઓએ રાજાને તે સર્વ નિવેદિત કર્યું. રાજાએ ત્યાં આવીને તે પ્રમાણે જોયું ને તેને અત્યંત દુઃખ થયું. તેણે વિચાર્યું: શું આને કોઇની નજર લાગી છે? કોઇ ડાકણે કપટ કર્યું છે કે કોઈનો શાપ લાગ્યો છે? અથવા તો કોઈ દુષ્ટે પોતાની મંત્રશક્તિથી તેને વાંદરી બનાવી છે કે કોઇ દેવે વેર લેવાની ઇચ્છાથી આમ કર્યું છે? દાસીઓ તરફ ફરીને તેણે પૂછ્યું: શું કાલે કોઇ અહીં આવ્યું હતું?

દાસીઓએ જવાબ આપ્યો: મહારાજ, ગઈ કાલે માળણ અહીં આવી હતી. પણ તે હંમેશાં કુંવરીને માટે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ફુલ લઇને આવે છે; માત્ર ગઈ કાલે તેની સાથે તે એક વાનર લાવી હતી. આ સિવાય અમે કાંઈ પણ જાણુતાં નથી.

થોડા વખત પછી રાજા સભામાં ગયો. તેના મનનો ખેદ ઓછો થયો ન હતો. છેવટે તેણે બુદ્ધિસાગર મંત્રીને સર્વ વાત કહી ઉમેર્યું : મને આમાં માળણનું કાંઇ તર્કટ લાગે છે. તેને પોતાના નોકરને માળણને બોલાવવા હુકમ કર્યો. થોડી વારમાં ભયથી કંપતી માળણ સભામાં આવી. કહ્યું છે કે,

**पंथसमा नत्थि जरा । दरिद्दसमो पराभवो नत्थि ॥**
**मरणसमं नत्थि भयं । खुहासमा वेअणा नत्थि ॥१५६॥**

અર્થાત્—મુસાફરી જેવું બીજું કોઈ ઘડપણ નથી; દરિદ્રના જેવું બીજું કોઈ અપમાન નથી; મરણ જેવો બીજો કોઇ ભય નથી; ભૂખના જેવી બીજી કોઈ વેદના નથી. (૧૫૬).

રાજા મને શું શિક્ષા કરશે? શા માટે મને બોલાવી હશે, આમ વિચારતી ચિંતાતુર માળણ આવીને રાજાની સમીપે ઊભી રહી. તરતજ રાજા ક્રોધાવેશમાં ગર્જી ઊઠયોઃ હે માળણ! નગરમાં આવી જાતનાં કપટો તું ક્યારથી કરે છે? બીજા તો ઠીક પણ મને જ તેં છેતર્યો?

ભયથી વ્યાકુળ બનીને તે બોલી: મહારાજ, હું કાંઈ પણ જાણતી નથી.

રાજા બોલી ઊઠયો: અરે દુષ્ટા, ગઇ કાલે તેં કુંવરીને વાનર આપ્યો હતો, અને તેની આ દાસીઓ સાક્ષી છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

માળણ બોલી: હે પૃથ્વીપતિ, મેં તો તે વાનર તેણે ખૂબ હઠ કરવાથી આપ્યો હતો. તે વાનર તો મારી વાડીનો રખેવાળ હતો. એક વખત મારી વાડીમાં ઘણા યોગીઓ ઊતર્યા હતા, તેઓએ તે વાનર ત્યાં ભૂલથી કે બીજે કારણે મૂક્યો હતો. ગઈ કાલે જ કૌતુકવૃત્તિથી તેને સાથે લઈને હું કુંવરી પાસે આવી હતી. કુંવરીએ તે માગવાથી મેં સ્નેહવશ થઈને તેને આપ્યો હતો.

તે સાંભળીને રાજા બોલ્યો: અરે દુષ્ટા, મારી પુત્રી તારી પાસેથી વાનર કેવી રીતે માગે? તું જુઠ્ઠાબોલી ને હૃદયની દુષ્ટ જણાય છે. તારે માટે તો દેહાંતદંડ જ યોગ્ય છે.

રાજાનાં આ વચનો સાંભળી દુઃખી થયેલી માળણ વિચારવા લાગી: ખરે, મારા ઉપર દૈવ રુઠ્યો લાગે છે. મેં કાંઈ કર્યું નથી છતાં મારો દોષ નીકળ્યો તે વિધિની વિચિત્રતા જ છે. કહ્યું છે કે,

जं नयणेहिं न दीसइ । हिअएण वि जं न चिंतिअं कहवि ।
तं तं सिरंमि निवडइ । नरस्स दिव्वे पराहूते ॥१५७॥

અર્થાત્—મનુષ્ય :પર જ્યારે દૈવ રુઠે છે ત્યારે, આંખેથી જે જોવામાં ન આવે, હૃદયમાં જે કદી વિચારમાંયે ન આવે, તેવું તેવું માથા ઉપર આવી પડે છે. (૧૫૭).

પછી મંત્રીએ રાજાને કહ્યું: હે દેવ, આમાં એનો કાંઈ અપરાધ જણાતો નથી. માટે શા માટે તમે પાપ કરો છો? પહેલાં ચૌદ સો જીવોને રક્ષણ આપનાર પરદેશી કુમારને મારવાનું પાપ તમે કર્યું છે. અત્યારે ફોગટ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ સ્ત્રીહત્યાનું પાપ શા માટે કરો છો? અવિચારી કાર્યનું પરિણામ સંતાપકારી જ હોય છે.

રાજાએ જવાબ આપ્યો: મંત્રીશ્વર, તમે કહો છો તે સત્ય છે, પણ કુંવરી પુનઃ મનુષ્ય થાય ત્યારે જ મારા હૃદયમાં શાંતિ થાય. માટે તેની બાબત કાંઈ પણ ઉપાય શોધવો જોઇએ.

મંત્રીએ કહ્યું: બાળણે ખરું કહ્યું છે કે યોગીઓએ તે વાનરને મૂકી દીધો છે; અને આવું કાર્ય કરનારા યોગીઓ જ હોય છે; તે લુચ્ચાઓ દેશદેશાંતર ભમે છે ને મંત્રજંત્રોથી લોકોને છેતરે છે. વળી તેઓ જુઠ્ઠા, તોફાની ને માંસાહારીઓ પણ હોય છે. તેમનો વિશ્વાસ કરવા જેવું હોતું નથી.

આ ઉપરથી રાજાએ પોતાના સૈનિકોને મોકલી દેશ દેશાવરથી હજારો યોગીઓને ત્યાં બોલાવ્યા. તેઓ આવ્યા એટલે રાજાએ તે બધાને પશુની માફક એક મોટી વાડીમાં રાખ્યા. તેઓ ત્યાં રહીને વિચારવા લાગ્યાઃ રાજા આવી રીતે આપણું અપમાન કેમ કરે છે? પછી એક વખત રાજાએ તે યોગીઓને કહ્યું: હે યોગી જનો, તમે દેશવિદેશ ફરો છો, મંત્ર જંત્ર જાણો છો, કળાકુશળ છો, માટે કોઇ પણ ઉપાયે વાંદરી થએલી મારી પુત્રીને તમે મનુષ્ય બનાવો.

તેઓ બોલ્યાઃ હે નરેશ, અમે તો ભિક્ષા માગીને નિર્વાહ કરીએ છીએ. અમને વીંછી ઉતારવાનો મંત્ર પણ આવડતો નથી. જો કોઇ આવું કામ અમે જાણતા હોત તો

P.P. Ac. Gunratnasuri MS Jain Aradhak Trust

આપની સમક્ષ પ્રકટ કરવામાં અમને શેની હરકત હોય?

રાજા સૈનિકો તરફ ફરીને બોલ્યો: શું તમે બધા યોગીઓને અહીં લાવ્યા છો?

તેમણે કહ્યું: એક યોગી વિના બધા અહીં આવેલા છે.

રાજાએ પૂછ્યું: તે યોગી ક્યાં છે ને કેવો છે કે હું બોલાવું છતાં આવતો નથી?

તેઓએ જવાબ આપ્યો: મહારાજ, તે યોગી ગોદડી ઓઢીને ચૌટા વચ્ચે ધ્યાન ધરતો બેઠો છે, ને ગરીબ માણુસોને સોનામહોરો આપે છે. ઘણા માણુસો તેની આસપાસ બેઠેલા છે અને તેમને તે પરોપકારનો ઉપદેશ આપે છે. જેમ કે,

स्वहस्तेन च यद्दत्तं । लभ्यते नात्र संशयः ॥
परहस्तेन यद्दत्तं । लभ्यते वा न लभ्यते ॥१५८॥

અર્થાત્—પોતાના હાથથી જે દાન દેવાયેલું હોય છે તેનો નિ:શંક બદલો મળે છે; પણ બીજાના હાથથી જે દેવાયેલું હોય છે તેનો બદલો મળે કે ન પણ મળે. (૧૫૮). વળી,

कस्तूरी पृषतां रदाः करटिनां कृत्तिः पशूनां पयो ।
धेनूनां छदमंडलानि शिखिनां रोमाण्यवीनामपि ॥
पुच्छस्नायुवसाविषाणनखरस्वेदादिकं किंचन ।
स्याज्जन्मिन्युपकारि मर्त्यवपुषो नामुष्य किंचित्पुनः ॥१५९॥

અર્થાત્—મૃગોની કસ્તૂરી, હાથીઓના દાંત, ઢોરનું ચામડું, ગાયોનું દૂધ, મોરલાઓનાં પીંછાં, ઘેટાંનું ઊન અને

P.P. Ac. Gunratnasuri M.S. Jain Aradhak Trust

પૂંછડું, સ્નાયુ, નસ, શીંગડાં, નખ, પસીનો વગેરે હરકોઈ વસ્તુ આ ને આ જન્મમાં ઉપયોગમાં આવે છે; જ્યારે આ મર્ત્ય માનવદેહનું કાંઇ પણ કામમાં નથી આવતું. (૧૫૯). આવી રીતે ઉપદેશ આપતો તે બેઠો છે.

રાજા ક્રોધ કરીને બોલી ઊઠ્યોઃ અરે, મારી આજ્ઞા માનતો નથી તે યોગીને તો મારવો જ જોઈએ.

તેને શાંત પાડતો મંત્રી બોલ્યોઃ મહારાજ, તે વિદ્યાવાન યોગી ઉપર ક્રોધ કરવો યોગ્ય ન ગણાય; સરખે સરખા ન હોય તેના ઉપર ક્રોધ કરવો યોગ્ય નથી. કારણ કે,

यद्यपि मृगपतिपुरतो । विरसं रसतीह मत्तगोमायुः ॥
तदपि न कुप्यति सिंहो । विसदृशपुरुषेषु कः कोपः ॥१६०॥

અર્થાત્—ઉન્મત્ત શિયાળ સિંહની સમક્ષ કકળાટ કરે છે, તો પણ સિંહ કોપ કરતો નથી. આપણાથી જુદા પ્રકારના મનુષ્યો ઉપર કોપ કરવો તે વાજબી નથી. (૧૬૦)

પછી રાજાએ યોગી પાસે મંત્રીને તપાસ કરવા મોકલ્યો. મંત્રીને આવતો જોતાં યોગી તેનું સન્માન કરવા આગળ ગયો અને તેને બહુ માનપૂર્વક પોતાની સમક્ષ લઈ આવ્યો. મંત્રીએ કહ્યુંઃ હે યોગી, તમે બધાના પૂજ્ય છો તો મારા ઉપર કૃપા કરીને આપ ઊંચે આસને બિરાજો.

યોગીએ કહ્યુંઃ હે મંત્રીશ્વર, તમે રાજ્યના અધિકારી છો તેથી માનને લાયક છો. કહ્યું છે કે,

राजमान्यं धनाढ्यं च । विद्यावंतं तपस्विनं ॥
रणे शूरं च दातारं । [illegible]पि ज्योत्थयेत ॥१६१॥

P.P. Ac. Gunratnasuri M.S. Aradhak Trust

અર્થાત્—રાજાના અધિકારી, ધનાઢ્ય, વિદ્યાવાન, તપસ્વી, શૂરવીર યોદ્ધો, ને દાતા, તેમને નાના હોય છતાં મોટા ગણવા જોઈએ. (૧૬૧)

મંત્રીએ કહ્યું: યોગિરાજ, અમારા મહારાજા તમને બોલાવે છે. તે સર્વ શાસ્ત્રોના જાણકાર છે. માટે આપ રાજસભામાં આવીને આપના જ્ઞાનનો લાભ આપો.

તે સાંભળીને યોગી બોલ્યો: મંત્રીશ્વર, અમારા જેવા યોગીનું રાજાને શું કામ છે?

भुंजीमहि वयं भिक्षां । जीर्णं वासो वसीमहि ॥
शयीमहि महीपीठे । कुर्वीमहि किमीश्वरीं ॥१६२॥

અર્થાત્—અમે ભિક્ષાન્ન ખાઈએ છીએ, જીર્ણ વસ્ત્ર પહેરીએ છીએ, પૃથ્વી ઉપર સૂઈએ છીએ: અમારે મહત્તાનું શું કામ હોય? (૧૬૨). રાજા તો અમારાથી મોટા છે, તે ન્યાય અને અન્યાય શોધી કાઢે છે ને તેનું ફળ આપે છે. તે પુણ્યશાળી પણ છે. કહ્યું છે કે,

प्रजानां धर्मषड्भागो । राज्ञो भवति रक्षितुः ॥
अधर्मस्यापि षड्भागो ॥ जायते यो न रक्षति ॥१६३॥

અર્થાત્—પ્રજાનું રક્ષણ કરનાર રાજાને પ્રજાના ધર્મનો છઠ્ઠો ભાગ મળે છે, ને જે રક્ષણ કરતા નથી એ રાજાને અધર્મનો પણ છઠ્ઠો ભાગ મળે છે. (૧૬૩). વળી,

दुष्टस्य दंडः स्वजनस्य पूजा ।
न्यायेन कोशस्य च संप्रवृद्धिः ॥
अपक्षपातो विजयेषु रक्षा ।
पंचैव धर्माः कथिता नृपाणां ॥१६४॥

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

અર્થાત્—દુષ્ટને શિક્ષા કરવી, સ્વજનનું સન્માન કરવું, ન્યાયપૂર્વક રાજભંડાર વધારવો, પક્ષપાતરહિત રહેવું ને વિજયની-પ્રજાની રક્ષા કરવીઃ આ પાંચ ગુણો રાજાના હોય છે. (૧૬૪). પણ આવા રાજા મળવા દુર્લભ છે. જો રાજા પાપ કરે ને મંત્રી તેને અટકાવે નહિ તો મંત્રીને પણ દોષ લાગે છે. કહ્યું છે કે,

नृपेण हि कृतं पापं । मंत्रिणोऽपि लगेद्ध्रुवं ॥
गुरोः शिष्यकृतं पापं । पत्नीपापं च भर्तरि ॥१६५॥

અર્થાત્—રાજાએ જે પાપ કર્યું હોય છે તે મંત્રીને જરૂર લાગે છે, શિષ્યે કરેલું પાપ ગુરુને અને પત્નીએ કરેલું પાપ પતિને પણ લાગે છે. (૧૬૫).

આ સાંભળીને મંત્રીએ પૂછ્યુંઃ યોગીશ્વર, રાજા શું પાપ કરે છે?

યોગીએ જવાબ આપ્યોઃ હે મંત્રી! તે સાંભળો. જે યોગીઓ જુદા જુદા દેશમાં ભમે છે, ભિક્ષાથી નિર્વાહ કરે છે, કોઈની પણ નિંદા કરતા નથી, એવા યોગીઓને રાજાએ ચોરની માફક કેમ પૂરી રાખ્યા છે? આવો રાજાનો અન્યાય કેવી રીતે સહન કરી શકાય? તમે રાજા પાસે જઈને તેમને છોડાવો.

પછી મંત્રી રાજા પાસે ગયો અને યોગીનું બધું વર્ણન કર્યુંઃ મહારાજ, આ યોગી મહાવિદ્વાન; દાનેશ્વરી ને કળાવાન જણાય છે અને તેને બહુ માન દેવું જોઈએ; માટે પહેલાં આ સર્વ યોગીઓને તમે છોડી દો.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

આ ઉપરથી રાજાએ બધા યોગીઓને છોડી મૂકવાનો હુકમ આપ્યો. તેઓ પણ રાજાને આશીર્વાદ આપીને ગયા. પછી રાજાએ યોગીને બોલાવવા પોતાના ચાકરોને મોકલ્યા. તે ચાકરો નજીક આવતા હતા તેવામાં યોગી બોલી ઊઠયો: જો તમે મારી નજીક આવશો તો તમને ભસ્મીભૂત કરી નાખીશ! આથી તેઓએ ડરી જઈ દૂર ઊભા રહીને રાજાનો આદેશ આપ્યો.

યોગીએ કહ્યું: રાજાને જો મારું કામ હોય તો રાજા પાલખી લઈને મને તેડવા આવે.

આ સમાચાર સાંભળી રાજા પરિવાર સાથે પાલખી લઈને યોગીને મળવા આવ્યો.

मनः स्थिरं यस्य विनावलंबनं ।
दृष्टिः स्थिरा यस्य विनैव दर्शनं ॥
वपुः स्थिरं यस्य विना प्रयत्नं ।
स एव योगी स गुरुश्च सेव्यः ॥१६६॥

અર્થાત્—જેનું મન કોઈ પણ આધાર વિના સ્થિર છે, જેની દૃષ્ટિ કશું જોયા વિના જ સ્થિર થાય છે, જેનો દેહ પ્રયત્ન વિના સ્થિર છે, તે જ યોગી છે અને સેવા કરવા યોગ્ય ગુરુ છે. (૧૬૬). આટલું કહીને રાજાએ યોગીને પ્રણામ કર્યા, ને તેનું સન્માન કર્યું. કહ્યું છે કે,

विद्वत्त्वं च नृपत्वं च । नैव तुल्यं कदाचन ॥
स्वदेशे पूज्यते राजा । विद्वान् सर्वत्र पूज्यते ॥ १६७ ॥

અર્થાત્—રાજા વિદ્વાનની સરખામણીમાં ઊભો રહી

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શકે નહિ, કારણ કે રાજા તો પોતાના દેશમાંજ પુજાય છે જ્યારે વિદ્વાન સર્વત્ર પુજાય છે. (૧૬૭). અને,

पंडितेषु गुणाः सर्वे । मूर्खे दोषास्तु केवलं ॥
तस्मान्मूर्खसहस्रेण । प्राज्ञ एको न लभ्यते ॥१६८॥

અર્થાત્—પંડિતોમાં બધા ગુણો જ હોય છે ને મૂર્ખમાં બધા દોષો જ જોવામાં આવે છે, તેથી સેંકડો મૂર્ખાઓના બદલામાં પણ એક ડાહ્યો માણસ પ્રાપ્ત કરી શકાતો નથી. (૧૬૮)

હે યોગીજી ! તમે વિદ્વાન છો, તેથી સર્વમાન્ય છો, એવાં રાજાનાં વચન સાંભળીને યોગીએ પણ તેવી જ રીતે વિનય કર્યો: હે રાજન્ ! તમે પણ પાંચમા લોકપાલ હોવાથી માનાર્હ છો. કહ્યું છે કે,

वयोवृद्धास्तपोवृद्धा । ये च वृद्धा बहुश्रुताः ॥
सर्वे ते धनवृद्धानां । द्वारे तिष्ठंति किंकराः ॥१६९॥

અર્થાત્—જે વયથી, તપથી અથવા જ્ઞાનથી વૃદ્ધ હોય છે તે સર્વે ધનિકોને બારણે ચાકરોની જેમ ઊભા રહે છે. (૧૬૯)

રાજા બહુ માનપૂર્વક તે યોગીને પાલખીમાં બેસાડી પોતાને મહેલે લાવ્યો. પછી રાજાએ પ્રણામ કરીને પૂછ્યું: હે યોગીન્દ્ર, આપની પાસે કોઈ ચમત્કારિક વિદ્યા અથવા જડીબુટ્ટી છે ?

યોગીએ જવાબ આપ્યો: ગુરુના પ્રસાદથી મારી પાસે તેવી વિદ્યા છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ વિનંતિ કરી: હે મહાત્મા, મારી પુત્રીને કોઈએ વાંદરી બનાવી છે, તેને કૃપા કરીને આપ માનવ રૂપવાળી બનાવો.

યોગીએ કહ્યું: જો હું તેને માનવ બનાવું તો તમે મને શું આપશો ?

રાજાએ તરત જ કહ્યું: હું તમને પાંચ સો સોનામહોર અને એક ગામ આપીશ.

યોગીએ કહ્યું: અમે યોગિજનો ધન અને ગામને શું કરીએ ? જો તે કુંવરી સાથે મારાં લગ્ન કરી આપો તો હું તેને માનવરૂપ આપું.

આ સાંભળી રાજા ચિંતાતુર થયો. એક બાજુ વાઘ ને બીજી બાજુ ભયંકર નદી જેવી તેની સ્થિતિ થઈ. કહ્યું છે કે,

**एकतो हि गमनं परदेशे-ऽप्यन्यतश्च पिशुनैः सह संगः ॥**
**पूर्वमेवहि कुभोजनमासी-न्मक्षिकानिपतनं च तथान्यत् ।१७०।**

અર્થાત્—એક બાજુ પરદેશ (ધન કમાવા) ગયા, બીજી બાજુ દુષ્ટોનો સંગ થયો; પ્રથમ જ ભોજન ખરાબ હતું, તેમાં વળી માખી આવીને પડી. (૧૭૦). એક બાજુ મારી પુત્રી વાંદરી થઈને દુઃખ ભોગવે છે, બીજી બાજુ આ મંત્ર તંત્ર જાણનાર યોગી તેને મેળવવાની ઈચ્છા કરે છે. આવી રીતે ચિંતાતુર થએલા રાજાએ તેના મંત્રીને પૂછયું: હવે શું કરવું ?

મંત્રીએ કહ્યું: એક વાર તેની ઈચ્છા માન્ય રાખીને કુંવરીને માનવરૂપ અપાવો. પછી બુદ્ધિપૂર્વક કાંઈ ઉપાય શોધીશું.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

રાજાએ યોગીને કહ્યું: કુંવરી મનુષ્ય રૂપ ધારણ કરશે એટલે તેની સાથે તમારું લગ્ન કરીશ.

પછી રાજા, મંત્રી ને યોગી ત્રણે કુંવરીના મહેલ ભણી ગયા. રસ્તે જતાં યોગીએ કહ્યું: તમે આવો તેની હરકત નથી પણ હું મંત્રોચ્ચાર કરું તે જે કોઇ સાંભળશે તે પાળિયાની માફક મૂંગો થઈ જશે.

રાજા તો આ સાંભળી પાછો વળ્યો, પણ મંત્રી તેની સાથે ચાલ્યો. જ્યારે કુંવરીનો મહેલ નજીક જણાયો ત્યારે યોગી બોલ્યો: અરે મંત્રી, તું મૂર્ખ જણાય છે. તું મંત્ર સાંભળીને પથ્થર થઈ જઇશ તો તારી શી વલે થશે તે સંભાર.

મંત્રીએ જવાબ આપ્યો: વજ્ર જેવા મારા શરીરને કાંઇ થવાનું નથી.

ફરીથી યોગીએ મંત્રીને કહ્યું: અરે મૂર્ખ, નકામો મરવા શા માટે ઇચ્છે છે ? રત્ન, મંત્ર અને ઔષધિઓનો પ્રભાવ અકલ્પ્ય હોય છે. તું માનતો નથી તો હું કહું તે કથા સાંભળ.

એક ગામમાં બે ભાઇઓ રહેતા હતા. તેમને પુત્ર પુત્રાદિનું મોટું કુટુંબ હતું. તે કુટુંબમાં વહુઓ વારંવાર મોટા ઝઘડા કરતી. આથી બન્ને ભાઈઓ જુદા થયા. પછી પુણ્યના યોગથી મોટા ભાઇનું ધન વધ્યું અને નાનાનું ધન પાપના ઉદયથી ઘટતું ગયું. તેથી નાનો ભાઈ હરરોજ લાકડાં કાપવા વનમાં જતો હતો, ને તે વડે પોતાનો નિર્વાહ ચલાવતો. એક વખત વનમાં તે તેવી રીતે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

એક ઝાડ કાપતો હતો, તેવામાં ત્યાં વસતો એક યક્ષ પ્રકટ થઈને બોલ્યોઃ હે ભાઇ, તું કૃપા કરીને મારું રહેવાનું સ્થાન કાપીશ નહિ. તારી ઇચ્છા હોય તે માગ.

તેણે કહ્યુંઃ હે યક્ષરાજ, મારા કુટુંબને જરૂર પૂરતું અનાજ તું હંમેશાં આપ.

યક્ષે તે કબૂલ કર્યું એટલે હર્ષ પામીને નાનો ભાઈ ઘેર આવીને જુએ છે કે પોતાના કુટુંબને જરૂર પૂરતું અનાજ મળી ગયું છે; આથી તે ઘણો હર્ષ પામ્યો. આવી રીતે દરરોજ યક્ષ તેને જે અન્ન આપતો તે વડે તે સુખે પોતાના કુટુંબનો નિર્વાહ કરતો. કુટુંબને આવી રીતે સુખે દિવસ ગાળતું જોઈને મોટા ભાઈની વહુએ એક દિવસ નાના ભાઈની વહુને તેનું કારણ પૂછ્યું. તેણે જે સત્ય હકીકત હતી તે જણાવી. જેઠાણીએ તે વાત પોતાના પતિને કહીને તેને પણ તેમ કરવા જવા કહ્યું. આથી મોટો ભાઇ કુહાડી લઈને તે ઝાડ કાપવા ગયો. જેવો તે ઝાડ કાપવા જતો હતો તેવા જ યક્ષે તેના બન્ને હાથ બાંધી દીધા ને તેના શરીરમાં પીડા ઉત્પન્ન કરી. આવી બંધનની સ્થિતિમાં તે મોટે સ્વરે દુઃખના અવાજ કરવા લાગ્યો. ત્યાંથી પસાર થતા લોકોએ તેની આ સ્થિતિ જોઈ તેની પત્નીને બધી વાત કહી. આથી ભયભીત થઈને તેણે ત્યાં આવી બલિકર્મ વગેરે કરીને યક્ષને કહ્યુંઃ હે યક્ષાધિરાજ, કૃપા કરીને મારા પતિને છોડો.

યક્ષે કહ્યુંઃ હે સ્ત્રી, તારે ઘેર જેટલું ઘી રોજ થાય છે, તેટલું તારા દિયરને ત્યાં હું આપીશ તો તું કહે છે

P.P. Ac. Gunratnasuri M.S. Aradhak Trust

તેમ કરીશ. જે દિવસે તું તે પ્રમાણે નહિ કરે તે દિવસે તારા પતિને આ પ્રમાણે જ કરીશ.

આથી બીકના માર્યા તેણે આ વાત કબૂલ કરી ને યક્ષે જયેષ્ઠ બંધુને મુક્ત કર્યો.

માટે મંત્રી ! હું તને વારું છું છતાં તું મારું કહ્યું કરતો નથી તો તને પશ્ચાત્તાપ થશે.

યોગીનાં વચન સાંભળી મંત્રી પણ પાછો ફર્યો. આથી હર્ષ પામીને એકલો યોગી કુંવરીના મહેલમાં ગયો. ત્યાં દાસીઓને બહાર કાઢીને તે વાંદરીની આગળ મૂળિયું ઘયું કે તરત જ તેનું મૂળ સ્વરૂપ થયું.

પછી કુંવરીએ બોલાવ્યાથી સર્વ દાસીઓ ત્યાં આવી ને કુંવરીને અસલ રૂપમાં જોઇને અતિ હર્ષ પામીને બોલીઃ હે સખી, તું વાંદરી થઇ ગઈ હતી, ને આ સત્પુરુષે રાજાની ઇચ્છાથી તને માનવરૂપ કરી છે.

કુંવરીએ તેનો ઉપકાર માન્યો અને કહ્યુંઃ

विरला परकज्जकरा । विरला पालंति लद्धनेहं च ॥
विरला परदुक्खदुक्खिआ । परदुक्खे दुक्खिया विरला ॥१७१॥

અર્થાત્—બીજાનું કામ કરી આપનારા પુરુષ વિરલ છે; વિરલ પુરુષો મળેલા સ્નેહને નિભાવી રાખે છે; વિરલ પુરુષો પારકાનાં દુઃખમાં ભાગ લે છે; ને પારકાનું દુઃખ જોઈ દુઃખિત થનાર પુરુષો પણ વિરલ હોય છે. (૧૭૧)

પછી સર્વ દાસીઓ રાજાને વધામણી આપવા ગઈ. રાજકુમારીએ રૂપસેન કુમારને ઓળખીને તેની ક્ષમા

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

યાચી પોતાની તરફ જોવા કહ્યું, છતાં કુંવર તેની તરફ જોતો નહોતો. રાજાને ખબર મળ્યા, પછી રાજા હર્ષ અને વિષાદયુક્ત ચહેરે તે કુંવરીના મહેલે આવ્યો, ત્યારે યોગીએ કહ્યું: હે રાજન્, મેં તમારી પુત્રીને માનવરૂપ આપ્યું છે, માટે તમારું વચન પાળો.

આથી રાજા વધુ ખિન્ન થઈને મનમાં વિચારવા લાગ્યો: આ યોગીનું કુળ જાણવામાં નથી, વળી તે પરદેશી છે, માટે તેને દીકરી કેવી રીતે દેવાય ? પછી રાજાના કહેવાથી મંત્રીએ યોગીને કહ્યું: હે યોગિરાજ, આપ કયાંના રહેવાસી છો, ને આપની કઇ જાતિ છે, કયું કુળ છે ને કયો ધર્મ છે ? આટલી નાની ઉંમરમાં યોગ લેવાનું શું કારણ છે ?

યોગીએ જવાબ આપ્યો: મંત્રીશ્વર, જાતિ, કુળ વગેરેના પ્રશ્નો પૂછવાનું પ્રયોજન શું છે ? રાજાએ પહેલાં આ કન્યા આપવાનું મને વચન આપ્યું છે, માટે તે મને અર્પણ કરવી જોઈએ. સત્પુરુષોનું વચન મિથ્યા થતું નથી.

તે સાંભળી મંત્રીએ કહ્યું: હે યોગીન્દ્ર, તમે ઉત્તમ પુરુષ, પરોપકારી, ગુણજ્ઞ અને ગુણવાન છો. કહ્યું છે કે,

न ब्रूते परदूषणं परगुणं वक्त्यल्पमप्यन्वहं ।
संतोषं वहते परर्द्धिषु पराबाधासु धत्ते शुचं ॥
स्वश्लाघां न करोति नोज्झति नयं नौचित्यमुल्लंघय-
त्युक्तोऽप्यप्रियमक्षमां न रचयत्येतच्चरित्रं सतां ॥१७२॥

અર્થાત્—સત્પુરુષોનું આ સામાન્ય આચરણ છે: એ પારકાનું દૂષણ કહે નહિ, પારકાનો ગુણ નાનો હોય તેને

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

પણ કહે, બીજાઓના વૈભવમાં હંમેશાં સંતોષ વ્યક્ત કરે ને બીજાઓને અડચણ આવતાં શોકાતુર બને, પોતાનાં વખાણ ન કરે, વિનયનો ત્યાગ ન કરે, ઉચિતતાનું ઉલ્લંઘન ન કરે, ને કોઈ તેને અપ્રિય કહે તો પણ રોષ કરે નહિ. (૧૭૨). આપના ગુણોથી આપ ઉચ્ચ જાતિના છો તેવું અનુમાન કરાય છે. કહ્યું છે કે,

आकारैरिंगितैर्गत्या । चेष्टया भाषणेन च ॥
नेत्रवक्त्रविकारैश्च । लक्ष्यतेऽतर्गतं मनः ॥१७३॥

અર્થાત્—બહારનાં આકૃતિ ને આચરણ તથા ચેષ્ટા અને વાણીથી તથા આંખ, મોં ઉપરના વિકારોથી અંતર મન ઓળખી શકાય છે. (૧૭૩). આથી હે યોગીંદ્ર, કૃપા કરીને રાજાના મનનું સાંત્વન કરવા માટે આપનાં કુળ જાતિ વગેરે સત્ય હકીકત કહો.

હવે યોગીનો વેશ ધારણ કરેલ કુમાર બોલ્યોઃ હે મંત્રીશ્વર, તમારાં મધુર વચનોથી હું સંતોષ પામ્યો છું, એટલે તમને સત્ય હકીકત કહીશ. કારણ કે,

न तथा शशो न सलिलं । न चंदनं नापि शीतलच्छाया ॥
आह्लादयंति पुरुषं । यथा हि मधुराक्षरा वाणी ॥१७४॥

અર્થાત્—ચંદ્ર, પાણી, ચંદન કે શીતલ છાયા પુરુષને તેટલો આનંદ આપતાં નથી, જેટલો મધુર વચનોવાળી વાણી આનંદ આપે છે. (૧૭૪).

પછી પોતે મન્મથ રાજાનો પુત્ર છે તેમ તેણે કહ્યું કે બધાને ખૂબ જ આનંદ થયો. તરત જ રાજાએ જોશીઓને

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aradhak Trust

બોલાવ્યા ને શુભ મુહૂર્ત જોઈ કનકવતીને તેની સાથે પરણાવી, અને હાથી ઘોડા વસ્ત્ર ને રત્ન ઈત્યાદિની પહેરામણી કરી.

રૂપસેન કુમાર કેટલાક દિવસ ત્યાં રહીને નોકર ચાકર ને કનકવતીની સાથે પોતાના નગર ભણી ચાલ્યો. કેટલાક દિવસ મુસાફરી કર્યા બાદ તે રાજગૃહ નગરમાં આવ્યો, ને પોતાનાં માતાપિતાને મળ્યો. રાજ્યમાં કુંવર આવ્યા બાદ મહોત્સવ થઇ રહ્યો. રાજાએ ગરીબને, ભિક્ષુકોને બહુ દાન આપ્યું. આમ દેવી પદ્માવતીની સહાયથી જૈન મુનિએ કહ્યા પ્રમાણે રૂપસેન કુમાર પત્ની ને સમૃદ્ધિ સાથે બાર વર્ષે પાછો પોતાને ગામ આવ્યો. ખરે,

**अमोघा वासरे विद्यु-दमोघं निशि गर्जितं ॥**
**अमोघा देवतावाणी । अमोघं मुनिभाषितं ॥१७५॥**

અર્થાત્—દિવસે થએલી વિજળી, રાતમાં મેઘનું ગર્જવું, દેવતાની વાણી ને મુનિએ કહેલાં વચનો એ કદી નિષ્ફળ જતાં નથી. (૧૭૫)

થોડા વખત પછી વનમાં જૈનાચાર્ય પધાર્યા. આથી હર્ષ પામીને મન્મથ રાજા પરિવાર સાથે તેમને વાંદવા વનમાં ગયો. ગુરુએ નીચે પ્રમાણે ઉપદેશ કર્યો:

**दुर्लभं मानुषं जन्म । दुर्लभं श्रावकंकुलं ॥**
**दुर्लभा धर्मसामग्री । दुर्लभा धर्मवासना ॥१७६॥**

અર્થાત્—મનુષ્યજન્મ, શ્રાવકને ત્યાં જન્મ, ધર્મની

P.P. Ac. Gunratnasuri M.S. Aradhak Trust

સગવડ અને ધર્મની ઇચ્છા દુર્લભ હોય છે. (૧૭૬). માટે સદા ધર્માચરણ કરજો.

એ ઉપદેશાનુસાર ધર્માચરણ કરતો થકો મન્મથ રાજા થોડા સમયમાં કાળધર્મ પામી ઉત્તમ દેવલોકમાં ઉત્પન્ન થયો.

પછી શુભ મુહૂર્ત જોઇને પ્રધાનોએ રૂપસેન કુમારનો રાજ્યાભિષેક કર્યો. ઘણા રાજાઓએ આ શુભ પ્રસંગે તેને વિવિધ ભેટો આપી. રૂપસેન રાજા પણ ન્યાયપુરઃસર પ્રજાનું પાલન કરતો હતો. એક વખત તેના નગર પાસેના વનમાં જૈન સાધુઓ પધાર્યા. તેથી હર્ષ પામીને રાજા પરિવાર સાથે તેમને વંદન કરવા ગયો. ગુરુએ તેને ઉપદેશ આપ્યોઃ

**भवकोटीदुष्प्रापा–मवाप्य नृपत्वादिसकलसामग्रीं ॥**
**भवजलधियानपात्रे । धर्मे यत्नः सदा कार्यः ॥१७७॥**

અર્થાત્—ચોરાશી લક્ષ યોનિમાં જન્મ લીધા પછી મહામૂલો મનુષ્યદેહ અને વળી રાજત્વ ને બીજી અનુકૂળ સગવડો આ ભવમાં મળી છે, તો ભવસાગર તરવાના વહાણરૂપ ધર્મની જ સદા આરાધના કરવી. (૧૭૭). ઇત્યાદિ ઉપદેશ આપ્યા પછી રાજાએ ગુરુને પૂછ્યુંઃ કયા કર્મના યોગે મારે બાર વર્ષ સુધી માતાપિતાનો વિયોગ વેઠવો પડ્યો? કયા શુભ કર્મથી મને અમૂલ્ય ચાર વસ્તુઓ મળી? શાથી મને પરદેશમાં પણ ધન અને મહત્તા મળી? કયાં કર્મોથી આ બધાં સુખદુઃખ થયાં તે કૃપા કરીને મને જણાવો.

ગુરુએ જવાબ આપ્યોઃ હે રાજન્! તું તારો પૂર્વ ભવ સાંભળ. તું તિલકપુરમાં સુંદર નામનો ખેડૂત હતો. તારી પત્નીનું નામ મારુતા હતું. એક વખત તારા ખેતરની સીમા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

ઉપર આંબાના ઝાડ નીચે કોઇક સિદ્ધ પુરુષ આવ્યો હતો. તેં એક મહિના સુધી તેની સુંદર સેવા કરી. આથી સંતોષ પામીને તેણે તને રૂપ બદલાવવાની વિદ્યા આપી. તે વિદ્યાના બળે તું કોઈ પણ કાર્ય કરી શકતો હતો. તું પૈસો પણ ખૂબ મેળવી શકયો ને તે વડે તેં ગરીબોને ખૂબ દાન આપ્યાં. એક વખત તારા ખેતર પાસે જૈન મુનિઓ આવ્યા હતા. તું પણ તારાં બાળ બચ્ચાં સાથે ભાવિક હૃદયે તેમની વાણી સાંભળવા ગયો. ગુરુએ તને દયા દાન વગેરે કરવાનો ઉપદેશ આપ્યો, અને કહ્યું: હે ભદ્ર, ખેતર ખેડવાં અને આરંભ–સમારંભ કરવા એમાં બહુ પાપ છે.

તેં પૂછ્યું: પ્રભુ, મારે ઘણી ગાયો, બળદો ને બીજાં પશુઓ તથા મોટું કુટુંબ છે, તેથી ખેતર ખેડયા વિના મારો નિર્વાહ કેવી રીતે થાય ?

ગુરુએ કહ્યું: તે સાચું, પણ તું કાંઇક નિયમ કર, જેથી તને બહુ લાભ થશે. જે થોડાં પણ વ્રત નિયમો લે છે તેને બીજે ભવે બહુ સમૃદ્ધિ મળે છે.

તે સાંભળીને તેં કહ્યું: ભગવન્, હવે પછી હું હમેશાં શક્તિ પ્રમાણે સુપાત્રે દાન આપીશ, મોટા જીવોનો ઘાત કરીશ નહિ, ને રાત્રે ભોજન કરીશ નહિ ગુરુએ તને તે પ્રતિજ્ઞાઓ આપીને કહ્યું: હે ભદ્ર, આ નિયમનું પાલન કરવાથી તને ઈહલોક અને પરલોકમાં સુખ થશે. કહ્યું છે કે,

**सैव भूमिस्तदेवांभः । पश्य पात्रविशेषतः ॥**
**आम्रे मधुरता याति । कटुत्वं निंबपादपे ॥१७८॥**

P.P. Ac. Gunratnasuri M.S. Jain Aradhak Trust

અર્થાત્—જમીન એની એ હોય છે, પાણી એનું એ હોય છે, પણ પાત્રતાને કારણે આંબાના ઝાડમાં મધુરતા હોય છે જ્યારે લીંબડાના ઝાડમાં કડવાશ આવે છે. (૧૭૮). વળી,

**यावंति रोमकूपाणि । पशुगात्रेषु भारत ॥**
**तावद्वर्षसहस्राणि । पच्यंते पशुघातकाः ॥१७९॥**

અર્થાત્—હે ભારત, પશુઓનાં અવયવોમાં જેટલાં રુંવાડાં હોય છે તેટલાં સહસ્ર વર્ષ પશુઓના ઘાતકને નરકમાં સબડવું પડે છે. (૧૭૯). વળી,

**चत्वारो नरकद्वाराः । प्रथमं रात्रिभोजनं ॥**
**परस्त्रीगमनं चैव । संधानानंतकायिके ॥१८०॥**

અર્થાત્—નરકનાં ચાર દ્વાર છેઃ રાત્રિભોજન, પરસ્ત્રીગમન, અનંતકાય એટલે કંદમૂળનું ભોજન અને માંસાહાર. (૧૮૦).

આ સાંભળીને તેં પાપભીરુએ તે વ્રતો લીધાં અને સારી રીતે પાળ્યાં એક વખતે રસ્તામાં જતાં સાધુને તેં ભાવપૂર્વક ઘી ગોળ ભેળવેલા લાડુ આપ્યા, આથી તને સુપાત્રે દાનનું ફળ પણ મળ્યું. કહ્યું છે કે,

**आनंदाश्रूणि रोमांचो । बहुमानं प्रियं वचः ॥**
**किंचानुमोदना पात्रे । दानभूषणपंचकं ॥१८१॥**

અર્થાત્—આનંદનાં આંસુ, રોમાંચ થવો, બહુમાન કરવું, પ્રિય વચન કહેવાં ને યોગ્ય પાત્રને કોઈ આપતું હોય તેની અનુમોદના, આ પાંચ દાનને શોભા આપનારી

आ. श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસ્તુઓ છે. (૧૮૧). અને દાનનાં આ ચાર દૂષણો છે:

**अनादरो विलंबश्च । वैमुख्यं विप्रियं वचः ॥**
**पश्चात्तापश्च पंचामी । सद्दानं दूषयंति हि ॥१८२॥**

અર્થાત્—અપમાન, વિલંબ, મોં ફેરવી લેવું, અપ્રિય વચન, ને દાન આપ્યાનો પશ્ચાત્તાપ થવો, આ પાંચ વસ્તુઓ દાનને દૂષિત બનાવનારી છે. (૧૮૨).

એક વખત તારો સસરો તારી પત્નીને તેડવા તારે ઘેર આવ્યો, ત્યારે તેં મોકલવાની ના પાડી. તારી પત્નીએ કહ્યું: બહુ દિવસથી હું પિયર ગઈ નથી તેથી થોડા વખત માટે જઈ આવું. આમ કહીને તેણે હઠ કરી. તેં ઘણી સમજાવી પણ તેણે પોતાનો મમત છોડ્યો નહિ. આથી તેં ક્રોધે ભરાઇને રૂપ ફેરવી નાંખનારી વિદ્યાથી તેના પિતાને વાછડો બનાવી દીધો ને બાર ઘડી સુધી તેને ખીલે બાંધ્યો, અને તું ખેતરમાં કામ કરવા ગયો. તું ઘેર આવ્યો ત્યારે તારી પત્નીએ તેના પિતાના સમાચાર પૂછ્યા, આથી તેં ખોટું કહ્યું કે તે પોતાને ઘેર ગયો છે. આ સાંભળી ખિન્ન થઇને તે બોલી: મને તમે મારે પિયર મોકલો, નહિતો હું ભોજન નહિ કરું. આમ તેણે વારંવાર કહ્યું એટલે તેં વિદ્યાના બળથી તેના પિતાને મનુષ્ય બનાવ્યો ને તારી પત્નીને તેની સાથે મોકલી. તેં ઘણાં ધર્મનાં કાર્યો કર્યાં, ગરીબોને દાન દીધાં, સાધુઓની સેવા કરી, ધર્મશાળા વગેરે બંધાવ્યાં, આમ ધાર્મિક જીવન ગાળતાં તું મન્મથ રાજાને ત્યાં પુત્ર થયો, અને તારી પત્ની કનકપ્રભ રાજાને ઘેર કનકવતી નામની પુત્રી થઈ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પૂર્વ ભવના યોગે કરીને તમારી બન્નેની વચ્ચે સ્નેહ થયો. તેને બાર ઘડી સુધી તેના પિતાનો વિયોગ થયો તેથી તારે પણ બાર વર્ષ સુધી પિતાનો વિયોગ થયો. ચાર નિયમનું પાલન કરવાથી તને ચાર અપૂર્વ વસ્તુઓ મળી. યોગ્ય દાન દેવાથી તને સ્ત્રી, ધન ને મહત્તા મળ્યાં.

આ પ્રમાણે પૂર્વભવકથા સાંભળીને રૂપસેન રાજાએ ગુરુ પાસે રીતસર જૈન ધર્મ અંગીકાર્યો અને ચારે નિયમ અંગીકાર કર્યા. તેણે ન્યાયપૂર્વક રાજ્ય કર્યું.

એક વખત તેને વિષમ જ્વર થયો. વૈદ્યોએ ઉપચાર કર્યા છતાં કાંઈ ફાયદો ન થયો. એક પ્રસંગે કોઈ મહાજ્ઞાની ત્રણ કાળને જાણનાર પરદેશી વૈદ્ય આવ્યો. તેણે રાજાને જોઈને કહ્યું: રાજન્! આપને આ દૈવકૃત વ્યાધિ થયેલો છે, માટે દેવને બલિદાન આપીને માંસમાંથી શેષરૂપે તમે ભક્ષણ કરો. આથી તમારો વ્યાધિ જરૂર નાશ પામશે. બીજી કોઈ રીતે આ વ્યાધિનો નાશ નહિ થાય.

આ સાંભળી રાજા બોલ્યો: હે વૈદ્યરાજ, પ્રાણનો નાશ થશે તોપણ હું મારા લીધેલા નિયમો તોડીશ નહિ.

આમ તેનો નિશ્ચય જાણીને વૈદ્યરૂપી દેવ પ્રત્યક્ષ થયો ને બોલ્યો: તારા નિયમપાલનની ઇંદ્રની સભામાં બહુ પ્રશંસા થતી હતી. આ બાબત તારી પરીક્ષા કરવાનું મેં માથે લીધું. પણ તું નિયમથી ચળ્યો નહિ તે માટે તને ધન્યવાદ આપું છું. હવે એક પખવાડિયા પછી તારું હાથીથી મૃત્યુ થશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એમ કહીને દેવ પોતાને સ્થાનકે ગયો. દેવે કહેલા દિવસે જ રાજા હાથી ઉપર બેસીને જતો હતો, તેવામાં હાથીએ પાડવાથી તે મરણ પામ્યો અને શુભ ધ્યાન રાખવાથી દેવ થયો.

આવી રીતે સર્વ ભવ્ય જીવોએ રૂપસેન કુમારની માફક નિયમોનું પાલન કરવું જોઈએ. એથી ઈહિલોકમાં ને પરલોકમાં સુખ મળશે. કહ્યું છે કે,

ये पालयंति नियमान् । परिपूर्णान् रूपसेननृपतिरिव ॥
ते सुखलक्ष्मीभाजः । पदे पदे स्युर्जनश्लाघ्याः ॥१८३॥

અર્થાત્—જે મનુષ્ય રૂપસેન રાજાની માફક યથાવત્ નિયમોનું પાલન કરે છે તે સુખ અને લક્ષ્મી મેળવે છે તથા લોકમાં ઠેરઠેર તેની કીર્તિ પ્રસરે છે. (૧૮૩).

સમાપ્ત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પરિશિષ્ટ

*

આ કથાના પૃષ્ઠ ૫૦ પર ત્રણ સમસ્યાઓ આવેલી છે તેની સમજુતી અહીં આપી છે.

૧

શ્લોક ૯૩ : જેમને આઠ મુખ, સોળ નેત્ર, પંદર જીભ, બે ચરણ, બે જીવાત્મા અને બે હથેળી છે તેવા દેવને હું નમસ્કાર કરું છું.

આ સમસ્યાનો જવાબ છે શ્રી પાર્શ્વનાથ. સમજુતી આ પ્રમાણે:

પાર્શ્વનાથ ભગવાનનું સ્વરૂપ તેમના શિર પર છાયા કરી રહેલા સાત ફણાવાળા સર્પ સાથે અહીં લેવામાં આવ્યું છે, એટલે સર્પનાં સાત મુખ અને પાર્શ્વનાથનું એક મુખ મળી આઠ મુખ થયાં. એ આઠનાં સોળ નેત્ર થયાં. સાપના મુખને બે જીભ હોય છે તેથી તે દ્વિજિહ્વ પણ કહેવાય છે એટલે સાત મુખની ચૌદ જીભો અને એક જીભ પાર્શ્વનાથની મળી પંદર જીભો થઈ. પાર્શ્વનાથના બે ચરણ હોય, પણ સાપને ચરણ ન હોય. સાપ સાત ફણાવાળો હોવા છતાં તેનો જીવાત્મા તો એક જ હોય એટલે તેનો અને પાર્શ્વનાથનો મળી બે જીવાત્મા થયા. એ જ રીતે પાર્શ્વનાથની બે હથેળીઓ હોય પણ સાપને હાથ કે હથેળી હોય જ નહિ.

Shri Jain Aradhak Trust

૨

શ્લોક ૯૪ : લોક અને અલોકને જોઈ વળવાની શક્તિ ધરાવનાર અને જેમને વિમળ જ્ઞાન ઉત્પન્ન થયેલું છે તેવા કેવળી ભગવાન જેને જોઈ નથી શકતા, તેને આજ રાત્રે મેં જોયું.

આ સમસ્યાનો જવાબ છે સ્વપ્ન. સમજુતી આ પ્રમાણે :

કેવળી ભગવાનને ત્રણે કાળનું જ્ઞાન હોય છે, એટલે તેમને કદાપિ સ્વપ્ન આવતું જ નથી, તો સ્વપ્ન ક્યાંથી જુએ ? જેને નિર્મળ જ્ઞાન નથી એવા માનવીઓ જ સ્વપ્ન જુએ છે.

૩

શ્લોક ૯૫ : ચીવર (ચીર) માં શું શ્રેષ્ઠ છે? મરુ દેશમાં શું દુર્લભ છે ? પવનથી યે શું વિશેષ ચપળ છે? અને દિવસે કરેલું પાપ કોણ હરે છે ?

આ સમસ્યાનો જવાબ છે પડિક્કમણ. સમજુતી આ પ્રમાણે :

ચીવર એટલે કાપડમાં શ્રેષ્ઠ છે 'પડિ' (સં. પટ્ટિ) જે પ્રાચીન કાળમાં ઉત્તમ વસ્ત્ર તરીકે ઓળખાતું હતું. મરુ દેશમાં–મારવાડમાં દુર્લભ હોય છે 'ક' (ક્ક) એટલે પાણી; અને પવનથીય વિશેષ ચપળ હોય છે માણસનું 'મણ' (સં. મન), અર્થાત્ પડિ+ક્ક+મણ=પડિક્કમણ એ દિવસે કરેલા પાપને હરે છે એ તો સૌને સુવિદિત છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jain Aradhak Trust

# પૂજ્ય શ્રી લાધાજી સ્વામી સ્મારક ગ્રંથમાળા
## વિદ્વાન સદાનંદી જૈન મુનિ શ્રી છોટાલાલજી મહારાજ
## કૃત પુસ્તકો

---

| મણકો | નામ | મૂલ્ય | |
|---|---|---|---|
| ૧ | વિદ્યાસાગર ભાગ ૧ | ૦—૮—૦ | નથી |
| ૨ | ,, ,, ૨ | ૧—૮—૦ | ,, |
| ૩ | સદુપદેશ કુસુમમાળા ( ૭ મી આવૃત્તિ ) | ભેટ | |
| ૪ | માંદાની માવજત | ૦—૨—૦ | નથી |
| ૫ | ભક્તામર–મંત્ર–માહાત્મ્ય (બીજી આવૃત્તિ) | ૨—૦—૦ | |
| ૬ | વિશુદ્ધ પ્રેમ–પ્રવાહિની | ૦–૧૨–૦ | નથી |
| ૭ | પૂજ્ય શ્રી લાધાજી સ્વામીનું જીવનચરિત્ર ( બીજી આવૃત્તિ ) | ૦—૮—૦ | નથી |
| ૮ અ | વિદ્યાસાગર ભાગ ૩ જો | ૧—૪—૦ | |
| ૮ બ | વિદ્યાસાગર ભાગ ૧–૨–૩ ભેગા (સંપૂર્ણ) | ૪—૦—૦ | |
| ૯ | ઇશ્વરસ્તુતિ (અમૃતલાલ સુંદરજી પઢીયારકૃત) | ૦—૧—૬ | |
| ૧૦ | મદાન્ધની મસ્તી ( રસિક સંવાદ ) | ૦—૨—૦ | નથી |
| ૧૧ | મ્હારી વિતક વાર્તા (વિધવાની કરૂણ કથા) | ૦—૪—૦ | નથી |
| ૧૨ | પવિત્ર પ્રમદાનું પરાક્રમ | ૦–૧૦–૦ | |
| ૧૩ | લઘુ કાવ્ય બત્રીસી (કાવ્ય) | ૦—૮—૦ | |
| ૧૪ | અપવિત્ર વસ્ત્ર વિરુદ્ધ પવિત્ર ખાદી (ચિત્રો) | ભેટ | |
| ૧૫ | લાખા પટેલની લાકડી (પશુદયાની કથા) | ,, | નથી |
| ૧૬ | લઘુસદ્બોધ પુષ્પમાળા (બીજી આવૃત્તિ) | ,, | |
| ૧૭ | ત્રિરત્ન | ,, | |
| ૧૮ | શ્રી સામાયિક સૂત્ર (સામાયિકનું સાચું રહસ્ય સમજાવનાર ) | ,, | |
| ૧૯ | બે હાથ જોડી ( સર્વમાન્ય પ્રાર્થના ) | ૦—૪—૦ | |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૨૦ | સામાયિક પ્રતિક્રમણ | ભેટ |
| ૨૧ | નવ રત્ન (સ્તોત્રસંગ્રહ) | ,, |
| ૨૨ | શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રનો ગુજરાતી અનુવાદ (બીજી આવૃત્તિ) | ૧—૦—૦ |
| ૨૩ | માયાવી સંસાર (રહસ્યપૂર્ણ નવલકથા) | ૧—૪—૦ |
| ૨૪ | શ્રી રાયપસેણઇય સૂત્રનો ગુ૦ અનુવાદ, બીજી આવૃત્તિ (પંડિત શ્રી બેચરદાસ કૃત) | ૧—૪—૦ |
| ૨૫ | પાંચ જ્ઞાનનો નકશો | ભેટ |
| ૨૬ | ઉપદેશ બિન્દુઓ (રાજકવિ શ્રી મૂળદાસજી કૃત) | ૦—૪—૦ |
| ૨૭ | ધ્યાનદીપ | ભેટ |
| ૨૮ | ભૂલી જતાં શીખો (મોહનલાલ પા૦ દવે કૃત) | ૦—૧—૦ |
| ૨૯ | શ્રી શ્રમણાલોયણા (પત્રાકારે) | ભેટ |
| ૩૦ | અનુપૂર્વી—સાધુવંદના | ,, |
| ૩૧ | શ્રી સુંદર સદ્બોધ (શ્રી ઉપયોગી—બીજી આવૃત્તિ) | ભેટ |
| ૩૨ | શ્રી પ્રભુચરણે (પ્રાર્થના કાવ્યસંગ્રહ) | ,, |
| ૩૩ | કલ્યાણ પથ | ,, |
| ૩૪ | શ્રી લઘુ સુવિચાર પુષ્પમાળા | ,, |
| ૩૫ | Daily Life of a Jain Monk | ,, |
| ૩૬ | વંદનીય સાધુજનો | ૪—૦—૦ |
| ૩૭ | શ્રી જિનેન્દ્ર સ્તોત્ર મંગળમાળા (શ્રી શામજીસ્વામી સંગ્રહિત) | |
| ૩૮ | રૂપસેન ચરિત્ર | ૧—૪—૦ |

દરેક પુસ્તકનું વી. પી. પોસ્ટેજ અલગ સમજવું.

પુસ્તકો મળવાનું સ્થળ :

**પૂજ્ય શ્રી લાધાજી સ્વામી પુસ્તકાલયના વ્યવસ્થાપક**
**કાન્તિલાલ વ્રજલાલ શેઠ, ઝાંપા શેરી, લીંબડી. (સૌરાષ્ટ્ર)**

P.P. Ac. Gunratnasuri M.S. Jain Aradhak Trust